દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★


મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 65 ■ વિક્રમ સંવત ૨૦૮૨

■ ફાલ્ગુન વદ-30/ચૈત્ર સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 March 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૯ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# મુંબઈ સમાચાર
## આયોજિત
# માતૃભાષા ભાગવત સપ્તાહ



**પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

**માર્ગદર્શન**

**તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ**

સનાતન નગરીઃ
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ**
રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

Supported by:
adani



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડીશન્ડ ડોમમાં ભાગવદ્ કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવદ્ શ્રવણની વ્યવસ્થા

૨૦૪ વર્ષની યુવાવયના
એશિયાના સૌથી જૂના અખબાર
'મુંબઈ સમાચાર'ની
અલૌકિક-અદ્ભુત પહેલ

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

## દરરોજના કાર્યક્રમ



- **તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા સંજીવની ભેલાંડે અને અન્ય કલાકારો સાથે
- **તા. ૩** કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ
- **તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો
- **તા. ૫** જાહેરાત ટૂંકમાં
- **તા. ૬** જાહેરાત ટૂંકમાં
- **તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો



★ શ્રી પોથીજી ★ ઝાંખી
★ ઉત્સવ ★ સેવા ★ મનોરથ

:::::::::::::::★★★★★:::::::::::::::

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

:::::::::::::::★★★★★:::::::::::::::

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્કઃ
વિપુલ પારેખ
૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · HEM AGARBATTI · MUNJAL · hitech events & exhibition · મા તૃભાષા વંદના · dks ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure · Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 65 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 March 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૯ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં લગ્ન, છૂટાછેડા, લિવઈનના નિયમ બદલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અંગેના કાયદાને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી ગુજરાત કેબિનેટની બેઠકમાં કાયદાને મંજૂરી મળતાં ૨૫ માર્ચે આ અંગેનું બિલ ગુજરાત વિધાનસભામાં મંજૂરી માટે મુકાશે. આ બિલમાં લગ્નની ફરજિયાત નોંધણી, પૈતૃક સંપત્તિમાં સ્ત્રી અને પુરુષોને સમાન અધિકાર અને હિસ્સો તથા લિવ ઈન સંબંધોને કાનૂની માન્યતા આપીને ફરજિયાત રજિસ્ટ્રેશન સહિતની મહત્ત્વની જોગવાઈઓ છે.

ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ નામના ૨ ભાગ અને ૭ પ્રકરણોમાં વહેંચાયેલા આ બિલની જોગવાઈઓ તમામ સમુદાયોને ધર્મ, જ્ઞાતિ કે અન્ય ભેદભાવ વિના લાગુ પડશે પણ અનુસૂચિત જનજાતિ એટલે કે આદિવાસીઓ અને કેટલાક વિશિષ્ટ સમુદાયોને વિશેષ છૂટ આપવામાં આવી છે.

કેબિનેટે મંજૂર કરેલા બિલમાં રાજ્યમાં થતા દરેક લગ્નની નોંધણી ફરજિયાત કરાઈ છે અને લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડા માટે અરજી ના કરી શકાય એવી જોગવાઈ કરાઈ છે. લગ્ન માટે પુરુષની ઉંમર ૨૧ વર્ષ અને મહિલાની વય ૧૮ વર્ષ ફરજિયાત હોવાની જોગવાઈ યથાવત છે પણ લગ્ન સમયે રાજ્યનો એક પ્રતિનિધિ ફરજિયાત હાજર રાખવાની પણ જોગવાઈ કરાઈ છે. કોઈ યુગલ લગ્નની નોંધણી નહીં કરાવે તો તેમનાં લગ્ન અમાન્ય નહીં ગણાય પણ નોંધણી ન કરવા બદલ દંડ થશે.

ગુજરાતના યુસીસી બિલમાં વારસાઈ અંગેના કાયદામાં ફેરફારોની જોગવાઈ છે. બિલની જોગવાઈ પ્રમાણે, ધર્મ, જ્ઞાતિ

(જુઓ પાનું ૨) ▸▸

## લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડા નહિ મળે

યુનિફોર્મ સિવિલ કોડ (ગઈઈ) ના ડ્રાફ્ટમાં છૂટાછેડાના મામલામાં કાયદાકીય પ્રક્રિયાને વધુ સ્પષ્ટ બનાવવામાં આવી છે. પતિ-પત્ની પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે સુગમતા લાવવામાં આવી છે, પરંતુ લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડા માટે અરજી કરી શકાશે નહીં. આ સાથે જ, બાળકોની કસ્ટડી અને ભરણપોષણ બાબતે માનવીય અભિગમ સાથે કડક અને સંતુલિત જોગવાઈઓ કરવામાં આવી છે.

ભાજપ શાસિત ઉત્તરાખંડ પછી, હવે ગુજરાતમાં પણ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) ટૂંક સમયમાં લાગુ થઈ શકે છે. રાજ્ય સરકારે ઉત્તરાખંડ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) નો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. આ બિલની મુખ્ય જોગવાઈઓ પણ તે ડ્રાફ્ટ પ્રમાણે જ છે. ■

## લિવઈન સંબંધથી જન્મેલાં બાળકોને કાયદેસર માન્યતા

ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ બિલની મહત્ત્વની જોગવાઈઓમાં લિવ-ઈન રિલેશનશિપ થકી જન્મેલાં બાળકોને કાયદેસર માન્યતા અંગેનો છે. આ બિલમાં લિવ-ઈન રિલેશનશિપને લઈને પણ મહત્ત્વપૂર્ણ નિયમો બનાવવામાં આવ્યા છે. આવા સંબંધમાં રહેતા કપલે રજિસ્ટ્રાર પાસે ફરજિયાત નોંધણી કરાવવી પડશે. આ સંબંધમાંથી જન્મેલાં બાળકોને કાયદેસર માન્યતા મળશે અને તે કાયદેસરના વારસ ગણાશે. તેમને મિલકત સંબંધિત તમામ હકો મળશે. જો કોઈ ખોટી માહિતી આપે અથવા નોંધણી ટાળે, તો જેલ તથા દંડની જોગવાઈ કરવામાં આવી છે. ■

## લિવઈન રિલેશનશિપની નોંધણી ફરજિયાત

યુસીસી બિલની જોગવાઈ મુજબ, હવે લિવઈન રિલેશનશિપમાં રહેતાં યુગલોએ સ્થાનિક રજિસ્ટ્રાર પાસે તેની ફરજિયાત નોંધણી કરાવવી પડશે. જો કોઈ વ્યક્તિ લિવ-ઈનની માહિતી છુપાવશે અથવા ખોટી વિગતો આપશે, તો તેને જેલવાસ અથવા આકરા દંડની સજા થઈ શકે છે. લિવ-ઈન સંબંધ પૂરો કરવા માટે પણ રજિસ્ટ્રારને જાણ કરવી અને સર્ટિફિકેટ મેળવવું આવશ્યક રહેશે. ■

## મહારાષ્ટ્રમાં જૂનાં વાહનો પરનો ટૅક્સ બમણો કરાયો

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદે બુધવારે જૂના અને પ્રદૂષણ ફેલાવતાં વાહનો પર પર્યાવરણ વેરો વધારતો સુધારા ખરડો સર્વાનુમતે મંજૂર કર્યો હતો. આ ખરડાનો હેતુ હવાનું પ્રદૂષણ ઘટાડવાનો છે. મહારાષ્ટ્ર મોટર વેહિકલ ટેક્સ ખરડા પ્રમાણેના સુધારેલા માળખામાં ટુ-વ્હીલર્સ પરનો વેરો ૨,૦૦૦ રૂપિયાથી વધારીને ૪,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. પેટ્રોલ વાહનો (લાઈટ મોટર) પરનો વેરો ૩,૦૦૦ રૂપિયાથી વધારીને ૬,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ડીઝલ વાહનો (લાઈટ મોટર) પરનો વેરો ૩,૫૦૦ રૂપિયાથી વધારીને ૭,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. પાંચ વર્ષના ગાળા માટે આ પેમેન્ટ એકસાથે કરવું પડશે.

પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે કહ્યું હતું કે મહારાષ્ટ્ર મોટર વેહિકલ્સ ટૅક્સ બિલ, ૨૦૨૬નો હેતુ પર્યાવરણીય સુરક્ષાને સમોતલ કરવાનો, નાણાકીય શિસ્ત સ્થાપવાનો અને ઔદ્યોગિક વિકાસનો છે. જૂના અને પ્રદૂષણ ફેલાવતાં વાહનો પર પર્યાવરણ વેરો

(જુઓ પાનું ૨) ▸▸

## રૂપિયા સામે ડૉલર નવી ઊંચાઈએ

મુંબઈ: બુધવારે અમેરિકન ડૉલર સામે ભારતનો રૂપિયો નવી વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. મજબૂત ડૉલર અને ફોરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (એફઆઈઆઈ)એ ભારતની બજારમાંથી નાણાં ઉપાડવાનું ચાલુ કરતા એક ડૉલર સામે રૂપિયાનો ભાવ ૯૨.૮૯ થયો હતો.

ગ્લોબલ માર્કેટમાં ખનીજ તેલના વધતા ભાવ અને પશ્ચિમ એશિયામાં ભીષણ બનતા યુદ્ધને લીધે સેન્ટિમેન્ટ ખરડાઈ રહી છે, એવી માહિતી ફોરેક્સ ટ્રેડર્સે આપી હતી.

અગાઉ ઈન્ટરબૅન્ક ફોરેન એક્સચેન્જમાં ડૉલર સામે રૂપિયો ૯૨.૪૨ના ભાવે ખુલ્યો હતો. મોટા ભાગના સત્રમાં ૯૨.૪૧થી

(જુઓ પાનું ૨) ▸▸

## કેન્દ્રે ઔદ્યોગિક વિકાસ માટે ₹ ૩૩,૬૬૦ કરોડ ફાળવ્યા

નવી દિલ્હી: સરકારે બુધવારે ૩૩,૬૬૦ કરોડ રૂપિયાની ભારત ઔદ્યોગિક વિકાસ યોજનાને મંજૂરી આપી હતી, આના હેઠળ આખા દેશમાં ૧૦૦ પ્લગ ઍન્ડ પ્લે ઈન્ડસ્ટ્રિયલ પાર્ક વિકસાવવામાં આવશે.

માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે પત્રકારોને માહિતી આપી હતી કે આ યોજનાનો હેતુ વિશ્વ કક્ષાનું ઔદ્યોગિક માળખું વિકસાવવાનો, ઉત્પાદન ક્ષમતાને સાકાર કરવાનો અને ભારતની વિકાસગાથાને આગળ વધારવાનો છે. વડા પ્રધાન નરેન્દ્ર

(જુઓ પાનું ૨) ▸▸

## રાજકારણમાં પૂર્ણવિરામ નથી હોતું: મોદી

નવી દિલ્હી: રાજ્યસભામાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કરી રહેલા સભ્યોને વિદાય આપવામાં આવી હતી. વડા પ્રધાન મોદીએ આ પ્રસંગે રાજ્યસભાને સંબોધતા જણાવ્યું હતું કે રાજકારણમાં કોઈ પૂર્ણવિરામ હોતું નથી. રાજ્યસભામાં નિવૃત્ત થઈ રહેલા સાંસદોના વિદાય સત્રને સંબોધતા વડા પ્રધાને જણાવ્યું હતું કે રાજકારણમાં કોઈ પૂર્ણવિરામ હોતું નથી. તેમણે વિદાય લઈ રહેલા સાંસદોના યોગદાનની પ્રશંસા કરી અને કાયદાકીય ચર્ચાઓ અને રાષ્ટ્રનિર્માણમાં તેમની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

પીએમ મોદીએ કહ્યું હતું કે, ''ગૃહમાં ઘણા વિષયો પર ચર્ચા થાય છે. દરેક

(જુઓ પાનું ૨) ▸▸

## નવરાત્રિમાં વૈષ્ણોદેવી ખાતે સઘન સલામતી વ્યવસ્થા

કતરા/જમ્મુ: ચૈત્રી નવરાત્રિ દરમિયાન ત્રિકુટા ટેકરી પર આવેલા માતા વૈષ્ણોદેવી તીર્થસ્થાન તરફ જતા માર્ગમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, એવી માહિતી અધિકારીએ બુધવારે આપી હતી.

શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના સીઈઓ સચીન કુમાર વૈશ્યે કહ્યું હતું કે નવરાત્રિ પહેલાં ભવન સહિત અને આસપાસના પરિસર સહિતના તીર્થક્ષેત્રના એરિયામાં ફૂલોથી શણગાર કરવામાં આવ્યો છે. રામ નવમી સુધી ચાલનારી નવરાત્રિમાં શ્રદ્ધાળુનો મોટો ધસારો જોવા મળશે એવી અપેક્ષા છે. ભાવિકોની સુગમતા, સુરક્ષા અને નિર્વિઘ્ન દર્શન માટે સઘન વ્યવસ્થા કરવામાં આવી છે. આ વર્ષે દર્શનાર્થે આવનાર ભાવિકોની સંખ્યા પંદર લાખ પર પહોંચી છે અને નવરાત્રિમાં આ સંખ્યા ઘણી વધી જશે.

કતરા ખાતેના બેઝ કેમ્પમાં પત્રકારો સાથે

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં ઈમારતમાં ભીષણ આગ: એક જ પરિવારના નવનાં મોત

નવી દિલ્હી: દિલ્હીના પાલમ વિસ્તારમાં બુધવારે સવારે એક બહુમાળી રહેણાંક ઇમારતમાં ભીષણ આગ ફાટી નીકળતાં કરૂણાંતિકા સર્જાઇ હતી. આ ઘટનામાં ત્રણ બાળકો સહિત એક જ પરિવારના નવ સભ્યોનાં મોત નીપજ્યાં હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી બે લોકો આગથી બચવા માટે પાલમ મેટ્રો સ્ટેશન નજીક રામ ચોક માર્કેટ સ્થિત ઇમારતમાંથી નીચે કૂદવાથી ઇજાગ્રસ્ત થયા હતા. આ પાંચ માળની ઇમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળે કપડાં અને કોસ્મેટિક્સના શોરૂમ હતા. જ્યારે શોરૂમના માલિક રાજેન્દ્ર કશ્યપનો પરિવાર બીજા અને ત્રીજા માળે રહેતો હતો.

આ ઘટનામાં ઇમારતમાંથી બચાવાયેલા નવ લોકોને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ પ્રવેશ (૩૩), કમલ (૩૯), આશુ (૩૫), લાડો (૭૦), હિમાંશી (૨૨), દીપિકા (૨૮) અને ૧૫, ૬ અને ૩ વર્ષની ત્રણ બાળકીઓ તરીકે થઇ છે. જ્યારે અનિલ (૩૨) અને એક બે વર્ષની બાળકી સારવાર હેઠળ છે. તેમજ સચિન(૨૯) ૨૫ ટકા દાઝી ગયો હોવાથી સફદરગંજ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આ ઘટનામાં પોલીસ, બીએસઇએસ, વાયુ સેના પોલીસ અને એનડીઆરએફના કર્મચારીઓની સાથે-સાથે લગભગ ૩૦ ફાયર ટેન્ડરો અને ૧૧ એમ્બ્યુલન્સ બચાવ કામગીરી અને આગ બૂઝાવવાના કાર્યમાં રોકાયેલા હતા. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. તેમ જ ઘટનાસ્થળનું નિરીક્ષણ કરવા માટે ફોરેન્સિક ટીમને બોલાવવામાં આવી છે. જો કે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. આ મામલે વધુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### ઈન્દોરમાં આગ: આઠનાં મોત

ઈન્દોર: મધ્ય પ્રદેશના ઈન્દોરની બ્રજેશ્વરી એનેક્સ કોલોનીમાં બુધવારે એક ઘરમાં ભીષણ આગ લાગી હતી જેમાં આઠ જણનાં મોત થયાં હોવાની વાત જાણવા મળી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આગ ત્યારે લાગી જ્યારે પરિવાર અને સંબંધીઓને મળવા આવેલા કેટલાક મહેમાનો સૂઈ રહ્યા હતા. આગ ઝડપથી વધી હતી, પરંતુ પરિવારના કેટલાક સભ્યો ભાગી જવામાં સફળ રહ્યા હતા, જ્યારે કેટલાક મહેમાનો સહિત અન્ય લોકો સળગતા ઘરમાં ફસાયેલા રહ્યા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બચાવ ટીમોએ ઘરમાંથી સાત મૃતદેહ મળી આવ્યા હોવાની પુષ્ટિ કરી છે. પોલીસ હાલમાં આગનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહી છે.

ફાયર બ્રિગેડ અધિકારી સુશીલ કુમાર દુબેના જણાવ્યા અનુસાર, આ ઘર મનોજ પુગલિયાનું હતું. જ્યારે આગ લાગી ત્યારે પરિવારના કેટલાક સભ્યો ગ્રીલ તોડીને ભાગી જવામાં સફળ રહ્યા. જોકે, બહારથી આવેલા અને ઘરમાં રોકાયેલા સંબંધીઓ અને મહેમાનો બચી શક્યા નહીં અને અંદર ફસાયેલા રહ્યા.


## યુદ્ધવિરામ નહિ કરીએ: ઈરાન

દુબઈ: ઈરાને અમેરિકા અને ઈઝરાયલ સામે ચાલી રહેલા સંઘર્ષમાં તાત્કાલિક યુદ્ધવિરામનો ઇનકાર કર્યો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બુધવારે કહ્યું હતું કે તહેરાન યુદ્ધવિરામ ઇચ્છતું નથી અને તેમાં વિશ્વાસ પણ કરતું નથી પરંતુ યુદ્ધનો અંત ઇચ્છે છે. ઈરાનના વિદેશ મંત્રીએ અલ જઝીરા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ''અમે યુદ્ધવિરામ ઇચ્છતા નથી કારણ કે અમે નથી ઇચ્છતા કે આ પરિસ્થિતિ થોડા સમય પછી ફરીથી ઊભી થાય. અમે ઇચ્છીએ છીએ કે યુદ્ધ સંપૂર્ણપણે અને કાયમ માટે રોકાઈ જાય. અમે યુદ્ધવિરામમાં વિશ્વાસ કરતા નથી, અમે યુદ્ધના અંતમાં વિશ્વાસ કરીએ છીએ. ''અરાઘચીએ કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ અને તેમાંથી શિપિંગ અંગે નવા કરારો જરૂરી છે.

અરાઘચીએ સ્પષ્ટ કર્યું કે તેહરાન વ્યાપક અને સંભવિત લાંબા સંઘર્ષ માટે તૈયારી કરી રહ્યું છે. અલ જઝીરાના પત્રકાર અલી હાશેમ સાથેની એક મુલાકાતમાં અરાઘચીએ યુદ્ધમાં અસ્થાયી રોકના વિચારને ફગાવી દીધો હતો. તેમણે દલીલ કરી હતી કે આ યુદ્ધમાં એકલા પાડીને અથવા મર્યાદિત વ્યવસ્થાના માધ્યમથી ઉકેલ લાવી શકાય નહીં.

તેમણે કહ્યું હતું કે, કોઈપણ ઠરાવને તમામ સક્રીય મોરચા પર એક સાથે લાગુ કરવો જોઈએ. લેબનોન અને યમનથી લઈને ઇરાક અને તેનાથી આગળ સુધી. આ નિવેદન આ સમયે ઈરાનની જાહેર સ્થિતિને મજબૂત હોવાનું દર્શાવે છે. અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ઈરાને ઈઝરાયલ અને ખાડી દેશોમાં આવેલા અમેરિકાના સૈન્ય બેઝ પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કર્યા હતા.

નોંધનીય છે કે ગઈકાલે ઇઝરાયલના હુમલામાં બે વરિષ્ઠ ઇરાની સુરક્ષા અધિકારીઓનાં મોત થયાં હતાં. ઈઝરાયલના હુમલામાં ઇરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ અલી લારીઝાનીનું મોત થયું હતું. તેમને અત્યંત શક્તિશાળી માનવામાં આવતા હતા. બીજા જનરલ ગુલામ રઝા સુલેમાની હતા, જે રિવોલ્યુશનરી ગાર્ડ્સના બાસીજ ફોર્સના વડા હતા. ઇરાને બંનેનાં મૃત્યુની પુષ્ટી કરી છે. જેના જવાબમાં ઈરાને ઇઝરાયલના તેલ અવીવ પર મિસાઇલોથી હુમલો કર્યો હતો. જેમાં બે ઇઝરાયલી નાગરિકોનાં મોત થયાં હતાં. ■



**હિમવર્ષા:**
બુધવારે ઉત્તરાખંડના ચમોલીમાં હિમવર્ષા થતા શ્રી બદરીનાથ ધામ બરફથી ઢંકાઈ ગયું હતું. (પીટીઆઇ)

## લારીઝાની અને સુલેમાનીનાં મોત બાદ ભડક્યું ઈરાન

દુબઈ: ઇઝરાયલના હુમલામાં બે વરિષ્ઠ ઇરાની સુરક્ષા અધિકારીઓનાં મોત થયાં હતાં. ઈઝરાયલના હુમલામાં ઇરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ અલી લારીઝાનીનું મોત થયું હતું. તેમને અત્યંત શક્તિશાળી માનવામાં આવતા હતા. બીજા જનરલ ગુલામ રઝા સુલેમાની હતા, જે રિવોલ્યુશનરી ગાર્ડ્સના બાસીજ ફોર્સના વડા હતા. ઇરાને બંનેનાં મૃત્યુની પુષ્ટી કરી છે. તેમણે ઇરાનમાં વ્યાપક વિરોધ પ્રદર્શનોને દબાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ઇરાન તેના ટોચના અધિકારીઓના મૃત્યુથી ગુસ્સે થયું છે. જેના જવાબમાં ઈરાને બુધવારે ઇઝરાયલ અને ગલ્ફ દેશો પર મિસાઇલ અને ડ્રોન હુમલા કર્યા હતા. ઇઝરાયલની રાજધાની તેલ અવીવ નજીક વિસ્ફોટ થયા હતા. રામત ગાન વિસ્તારમાં બે લોકો માર્યા ગયા. દરમિયાન ગલ્ફ દેશોએ તેમની એર ડિફેન્સ સિસ્ટમથી મોટાભાગની મિસાઇલો અને ડ્રોનને અટકાવ્યા હતા. દુબઈમાં પણ વિસ્ફોટો સંભળાયા હતા.

યુદ્ધ વચ્ચે ઇરાને સ્પષ્ટ કર્યું છે કે તે હોર્મુઝ સ્ટ્રેટ પરનો પોતાનો કબજો છોડશે નહીં. વેપાર માટે આ એક મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. ઈરાને કેટલાક જહાજો પર પણ હુમલો કર્યો છે. યુદ્ધને કારણે તેલના ભાવમાં વધારો થયો છે અને વૈશ્વિક ઊર્જા સંકટની ચિંતા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે આ જળમાર્ગને સુરક્ષિત કરવા માટે નાટો અને અન્ય દેશો પાસેથી મદદની વિનંતી કરી હતી, પરંતુ કોઈએ તેમને ટેકો આપ્યો ન હતો.

ઈરાને ઈઝરાયલ અને પાડોશી ખાડી દેશો પર હુમલા શરૂ કર્યા હતા જેમાં સંયુક્ત આરબ અમીરાત અને કતારમાં વિસ્ફોટો સંભળાયા હતા અને સાઉદી અરેબિયામાં હુમલાઓ રોક્યા હોવાના અહેવાલો છે. મધ્ય બૈરૂતમાં એક ઈઝરાયલી હવાઈ હુમલો થયો હતો. લેબનીઝ આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, બુધવારે વહેલી સવારે મધ્ય બૈરૂતના અન્ય પડોશમાં રહેણાંક એપાર્ટમેન્ટ પર થયેલા બે હુમલામાં ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા અને ૨૪ અન્ય ઘાયલ થયા.

ઈરાન સાથેના અમેરિકા-ઈઝરાયલ યુદ્ધમાં ઈરાનમાં ઓછામાં ઓછા ૧,૩૦૦ લોકો, લેબનોનમાં ૯૦૦થી વધુ અને ઈઝરાયલમાં ૧૪ લોકો માર્યા ગયા છે એમ આ દેશોના અધિકારીઓએ જણાવ્યું હતું. અમેરિકન સૈન્યનું કહેવું છે કે અમેરિકાના ૧૩ સૈનિકો માર્યા ગયા છે અને લગભગ ૨૦૦ ઘાયલ થયા છે.

સરકારી મીડિયા અહેવાલો અનુસાર, ઈરાને સત્તાવાર જાહેરાત કરી છે કે અલી લારીજાની, તેમના પુત્ર મોર્તેઝા અને તેમના સુરક્ષા વડા માર્યા ગયા છે.

મેહર ન્યૂઝ એજન્સી અને ફાર્સ ન્યૂઝ એજન્સી સહિતનાએ અહેવાલ આપ્યો છે કે ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સેક્રેટરી તરીકે સેવા આપતા લારીજાની તાજેતરના હુમલામાં માર્યા ગયા છે.

ઇઝરાયલે ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના માળખા પર હવાઈ હુમલામાં બંને વ્યક્તિને નિશાન બનાવવાની જવાબદારી સ્વીકારી છે.

'ઈરાન અને ઇસ્લામિક ક્રાંતિની ઉત્થાન માટે જીવનભર પ્રયત્નશીલ રહ્યા પછી, તેમણે આખરે તેમની લાંબા સમયથી પ્રિય ઇચ્છા પૂર્ણ કરી, સત્યના આહ્‌વાનનો જવાબ આપ્યો અને સેવા મોરચે ગર્વથી શહીદીનો આશીર્વાદિત દરજ્જો પ્રાપ્ત કર્યો,' તેવું કાઉન્સિલના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે.

ઈરાની મીડિયાએ ગુલામ રેઝા સુલેમાનીની હત્યાના અહેવાલ આપ્યાના લગભગ એક કલાક પછી આ પુષ્ટિ કરી હતી. ■

## દુબઈ પર અનેક મિસાઈલ અને ડ્રોન હુમલા

દુબઈ: દુબઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈરાનના દુબઈ પર અનેક મિસાઇલ અને ડ્રોન હુમલા ચાલુ છે પણ હવાઈ સંરક્ષણ પ્રણાલીએ એમાંથી મોટાભાગના હુમલા અટકાવ્યા હતાં. દુબઈ મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે બુધવારે સંભળાયેલા વિસ્ફોટના અવાજો ''સફળ હવાઈ સંરક્ષણ અવરોધ કામગીરી''નું પરિણામ છે.

સાક્ષીઓએ અનેક વિસ્ફોટો સાંભળ્યા હોવાનો અહેવાલ આપ્યો હતો, જ્યારે સોશ્યલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં શહેરની ઉપર આકાશમાં વિસ્ફોટ થતાં દેખાતા હતા. ઈરાન, યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇઝરાયલ વચ્ચેના વ્યાપક પ્રાદેશિક સંઘર્ષ વચ્ચે, જે હવે ત્રીજા અઠવાડિયામાં છે, જેણે વૈશ્વિક ઉડ્ડયનને ખોરવી નાખ્યું છે. મિસાઇલ અને ડ્રોન હુમલાઓની ચિંતાઓને કારણે મધ્ય પૂર્વીય હવાઈ ક્ષેત્રના મોટા ભાગો પ્રતિબંધિત હોવાથી ફ્લાઇટ્સ રદ, ફરીથી શેડ્યૂલ અથવા ફરીથી રૂટ કરવામાં આવી છે.

અધિકારીઓનું કહેવું છે કે સંઘર્ષની શરૂઆતથી ઈરાને સંયુક્ત આરબ અમિરાત પર ૧૮૦૦થી વધુ મિસાઇલ અને ડ્રોન છોડ્યા છે, જે તેને સૌથી વધુ નિશાન બનાવનારા દેશોમાંનો એક છે. જ્યારે મોટાભાગના પ્રોજેક્ટાઇલ્સ હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા અટકાવવામાં આવ્યા છે, ત્યારે સતત હુમલાથી અહીં મુસાફરી અને માળખાગત સુવિધાઓ પર અસર પડી છે. દરમિયાન, યુએઈના સંરક્ષણ મંત્રાલયે સંઘર્ષ શરૂ થયો ત્યારથી છ લોકોનાં મોતની જાણ કરી છે, જેમાં ચાર નાગરિકોનો પણ સમાવેશ થાય છે. ટેક્નિકલ ખામીને કારણે હેલિકૉપ્ટર દુર્ઘટનામાં બે લશ્કરી કર્મચારીઓના મોત થયા હતા. કતાર, સાઉદી અરેબિયા અને કુવૈતે પણ મંગળવારે ડ્રોન અને મિસાઇલોને અટકાવ્યા હતા. કતારના અધિકારીઓએ બપોરે એક ચેતવણી મોકલીને કહ્યું હતું કે ''સુરક્ષા ખતરો દૂર થઈ ગયો છે અને પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે.'' ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કિંજલ રબારી પછી કંકુ ચૌધરીઃ ટોળાશાહીનો મદ ક્યાં લઈ જશે?

**ગુજરાતમાં** હમણાં જબરદસ્ત સર્કસ ચાલી રહ્યું છે ને જ્ઞાતિની આબરૂના નામે બંધારણના લિરેલિરા ઉડાવાઈ રહ્યા છે. થોડા સમય પહેલાં જાણીતી ગાયિકા કિજંલ રબારીનાં પ્રેમલગ્ને બબાલ ઉભી કરેલી ને રબારી જ્ઞાતિએ જબરદસ્ત દબાણ ઊભું કરીને કિંજલને નાકલીટી તણાવીને અશોક ચૌધરી નામના આંજણા પટેલ સમાજના છોકરા સાથે કરેલાં લગ્ન ફોક કરવાની ફરજ પાડી હતી. કિંજલને જાત જાતની ધમકીઓ મળી પછી એ પોતાના મા-બાપને ઘેર પાછી ફરી છે અને પોતાનાથી ભૂલ થઈ હોવાનું સ્વીકારીને સમાજની માફી માગી લીધી છે.

હવે ચૌધરી સમાજ મેદાનમાં આવ્યો છે અને કંકુબેન ચૌધરી નામની યુવતીએ રબારી યુવક સાથે લગ્ન કર્યાં તેની સામે વાંધો લઈને કંકુબેન ચૌધરીને પાછાં લાવવા માટે રબારી સમાજને અલ્ટિમેટમ આપ્યું છે. બનાસકાંઠા જિલ્લાના ભાભરના રુણી ગામની કંકુ ચૌધરીએ દોઢ-બે વર્ષ પહેલાં ઉણ ગામના મહાદેવ રબારી નામના યુવક સાથે લગ્ન કર્યા હતા અને આ લગ્નથી એક દીકરો પણ થયો છે.

કિંજલનો વિવાદ ચગ્યો ત્યારે અચાનક જ કંકુબેનનો કિસ્સો પણ સોશ્યલ મીડિયામાં વાઈરલ થઈ ગયેલો. ચૌધરી સમાજના કેટલાક આગેવાનોઓ આ વાત પકડી લીધી ને રવિવારે ભાભરના રુણી ગામે મહાસંમેલન યોજીને ઠરાવ કરી નાંખ્યો કે, આગામી પાંચ દિવસમાં સમાજના આગેવાનો ચૌધરી દીકરીને પાછી તેનાં મા-બાપ પાસે લઈ આવશે. આ ઠરાવ પ્રમાણે, ચૌધરી સમાજના આગેવાનો પાંચ દિવસ દરમિયાન રબારી સમાજના આગેવાનો સાથે વાત કરીને દીકરીને પરત લાવવા મથશે પણ પાંચ દિવસમાં કંઈ નહીં થાય તો પાછું સંમેલન યોજીને આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે.

પાંચ દિવસમાં શું થશે એ કોઈને ખબર નથી પણ આઘાતજનક વાત એ છે કે, સમાજના આગેવાનોએ પોતે જેના વિશે નિર્ણય લીધો એ કંકુબેન ચૌધરીની મરજી શું છે એ જાણવાની તમા જ નથી રાખી. કંકુબેને સોશ્યલ મીડિયા પર વીડિયો મૂકીને પોતે પતિ સાથે રહેવા માગે છે એવું સાફ શબ્દોમાં કહ્યું છે અને સમાજના આગેવાનોને પોતાના પરિવારમાં કોઈ વિખવાદ ન થાય તેવી આજીજી કરી છે પણ કોઈ તેમનું સાંભળવા તૈયાર નથી.

કંકુબેન ચૌધરીએ વીડિયોમાં રબારી અને ચૌધરી સમાજના આગેવાનોને હાથ જોડીને વિનંતી કરતાં સાફ શબ્દોમાં કહ્યું છે કે, પોતે ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પોતાની મરજીથી ઘરેથી નિકળ્યાં હતાં અને મહાદેવ રબારી સાથે હિન્દુ રીત-રિવાજ મુજબ લગ્ન કર્યાં હતાં. આ લગ્નથી એક વર્ષનો દીકરો પણ છે અને મારા દીકરાને કોઈનાથી પણ દૂર કરીને મા કે બાપ વગરનો ન બનાવવામાં આવે. આગેવાનો એવો નિર્ણય લે કે મારો પરિવાર ન વિખેરાય. કંકુબેનની આજીજી છતાં તેમને પાછાં લાવવાનો નિર્ણય લેવાયો એ સંવેદનહિનતાનો નાદાર નમૂનો છે. એક સ્ત્રી પોતાનું ઘર ના ભાંગે ને પોતાનો દીકરો એકલો ના પડી જાય એ માટે વિનંતી કરે છે છતાં સમાજને તેની પરવા નથી એ કેવું?

આ સંવેદનહિનતા પાછળ ટોળાશાહીનો મદ છે. રબારી સમાજે પોતાની દીકરીને ઘૂંટણિયે પાડી તો આપણે કેમ પાછળ રહી જઈએ એમ માનીને ચૌધરી આગેવાનો વર્તી રહ્યા છે. એક ૨૧ વર્ષની છોકરીને નમાવીને રબારી આગેવાનો પોતાની મર્દાનગીના કેફમાં ફૂલાઈ રહ્યા છે ને ચૌધરી આગેવાનોને પણ એ જ કેફ જોઈએ છે. કિંજલ આગેવાનો સામે ઝીંક ના ઝીલી શકી તેમાં તેનો વાંક નથી. કિંજલ ગાયિકા તરીકે રબારી સમાજના કાર્યક્રમો પર આશ્રિત છે એ તો એક કારણ છે જ પણ ૨૧ વર્ષની છોકરી એકલી કોની કોની સામે લડી શકે?

ગુજરાતમાં જ્ઞાતિઓના સન્માનના નામે થઈ રહેલા ભવાડા ખતરનાક છે ને ગુજરાતમાં ખાપ પંચાયત કરતાં પણ ખતરનાક અને ઝેરીલું કલ્ચર વિકસી રહ્યું હોવાનો ગંભીર સંકેત આપી રહ્યા છે. હરિયાણા, ઉત્તર પ્રદેષ. રાજસ્થાન વગેરે ઉત્તર ભારતનાં રાજ્યોમાં ખાપ પંચાયતોને સગોત્ર લગ્નો સામે વાંધો હતો ને આ વાંધાના કારણે લગ્ન કરનારાં યુવક કે યુવતીની ને કેટલાક કિસ્સામાં તો બંનેની હત્યાઓ કરી દેવાની આઘાતજનક ઘટનાઓ બનતી હતી ને આજેય બનતી હશે. એક જ ગોત્રનાં હોય એવાં યુવક-યુવતી ભાઈ-બહેન કહેવાય તેથી તેમની વચ્ચે લગ્ન ના થઈ શકે એવી સમાજના આગેવાનોની દલીલ હતી.

ખાપ આગેવાનોની આ દલીલ તાર્કિક નથી કેમ કે હિંદુ સમાજમાં એવાં લગ્નોનો બાધ નથી. ૧૯૫૫ના હિંદુ મેરેજ એક્ટમાં પિતરાઈ ભાઈ-બહેનોનાં લગ્ન માન્ય નથી પણ તેમાં પણ પ્રાદેશિક પરંપરાઓને આધારે પિતરાઈઓ વચ્ચે થતાં લગ્ન ગેરકાયદે નથી ગણાવાયાં. દક્ષિણ ભારતમાં તો ઘણી જ્ઞાતિઓમાં મામા-ફોઈનાં પિતરાઈ ભાઈ-બહેનોનાં લગ્ન સામાન્ય છે. આંધ્ર પ્રદેશમાં રેડ્ડી અને વેલ્લાલર જ્ઞાતિમાં તો આવાં લગ્ન બહુ સામાન્ય છે. દક્ષિણ ભારતના બ્રાહ્મણોમાં પણ પિતરાઈ ભાઈ-બહેનો વચ્ચે લગ્નો થાય છે. જાણીને આઘાત લાગશે પણ દક્ષિણ ભારતમાં ઘણી જ્ઞાતિઓમાં તો મામાનાં ભાણેજ સાથે, ફોઈનાં ભત્રીજા સાથે કે કાકાનાં ભત્રીજી સાથે લગ્ન પણ થાય છે. પોતાના જ ભાઈ કે બહેનના સંતાન સાથે સ્ત્રી અને પુરૂષ બંને લગ્ન કરી શકે છે.

હવે જેમની વચ્ચે સીધા લોહીના સંબંધ છે એ પરણી શકતાં હોય ને તેમને કોઈ છોછ ના નડતો હોય તો એક ગોત્રનાં યુવક-યુવતીને ભાઈ-બહેન ગણીને લગ્ન કરતાં રોકવાની વાત કઈ રીતે ચાલે? પણ આપણા દેશમાં એવું ચાલે છે. સગોત્ર લગ્ન કરનારાંની હત્યાઓ પણ થાય છે ને તેમનાં લગ્ન ફોક પણ કરાવાય છે. ગુજરાતમાં જ્ઞાતિના આગેવાનો એક કદમ આગળ વધ્યા છે ને પોતાની જ્ઞાતિની બહાર થતાં લગ્નોને ફોક કરાવી રહ્યા છે. રબારી અને ચૌધરી જ્ઞાતિના આગેવાનોએ તેની શરૂઆત કરી છે ને તેમને રોકનારુ કોઈ નથી તેથી બીજી જ્ઞાતિના આગેવાનોની હિંમત પણ વધશે. ધીરે ધીરે બીજી જ્ઞાતિના આગેવાનો પણ આ જ ધંધો માંડીને બેસી જશે ને બંધારણે આપેલા પોતાની મરજીથી લગ્નના અધિકારના ધજાગરા ઉડી જશે.

આ ઘટનાક્રમ ખતરનાક છે કેમ કે તેના બહાને જ્ઞાતિના આગેવાનોનો અહમ સંતોષવાનો ખેલ ખેલાઈ રહ્યો છે. ખાપ પંચાયતોના આગેવાનો ફરમાન કરે પછી ઘણાં પ્રેમી યુગલો તેમની નાફરમાની કરી દેતાં. એવા કિસ્સામાં હત્યાની ઘટનાઓ બનતી. ગુજરાતમાં હજુ શરૂઆત છે તેથી એવી કોઈ અનિચ્છનિય ઘટના બની નથી ને આપણે પ્રાર્થના કરીએ કે એવું કશું ના બને પણ અહમના ખેલમાં ક્યારે શું થાય તેની ગેરંટી હોતી નથી. ગુજરાતમાં આંતરજ્ઞાતિય લગ્નોના વિવાદમાં હત્યાઓની ઘટનાઓ બનેલી જ છે.

આ સ્થિતી પેદા થાય એ પહેલાં ગુજરાત સરકાર જાગે અને જ્ઞાતિની આબરૂના નામે થતા ભવાડાઓને રોકે એ જરૂરી છે. ગુજરાત સરકારે આ બધું કડક હાથે દબાવીને બંધારણે આપેલા નાગરીકોના અધિકારોનું રક્ષણ કરવાની ફરજ બજાવવી જોઈએ. લગ્ન એ વ્યક્તિગત બાબત છે ને તેને સમાજનો એકાધિકાર બનાવવા માગતા નમૂનાઓને ઠંડા પાડીને યુવાઓના અધિકારોનું રક્ષણ નહીં કરાય તો ગુજરાતમાં પણ હાલત ખરાબ થશે એ સમજવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૧૯-૩-૨૦૨૬, ગૂડીપડવો, ચૈત્રી નવરાત્રિ પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૮, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-30
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -30
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી ગાથા-૪ વોહુક્ષથ્ર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૮-0૪ સુધી (તા. ૨૦), પછી રેવતી
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. 0૬ મિ. ૪૫, અમદાવાદ ક. 0૬ મિ. ૪૬, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૯, મધ્યરાત્રે ક. 00-૨૭
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૭ મધ્યરાત્રિ પછી ક. 0૬-૩૫ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ અમાવસ્યા. ઈષ્ટિ, પ્રતિપદા ક્ષય તિથિ છે. સંવત્સરારંભ, ગૂડીપડવો, શાલિવાહન શાકે ૧૯૪૮ પ્રારંભ, ‘પરાભવ’ નામ સંવત્સર પ્રારંભ, અભ્યંગ સ્નાન, ધ્વજારોહણ, ચૈત્રી નવરાત્રિ પ્રારંભ, કલ્પાદિ,પંચક, હેગડેવર જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તીર્થસ્નાન, જ્યોતિર્લિંગ દર્શન, તર્પણ શ્રાદ્ધ, ચૈત્રી ગૂડીપડવા ઉત્સવ, અભ્યંગ સ્નાન, અન્નકૂટ ધ્વજારોહણનો મહિમા, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ સર્વાંગી ઉદય, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપ્નદષ્ટા, ચંદ્ર-શનિ યુતિ નિષ્ફળતાનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ (ફાગણ અમાસ યોગ), ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-શનિ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈસ્લામી શરીઅતને તેના સાચા અર્થમાં સમજીએ

**માનવીના** બનાવેલા કાનૂન અને અલ્લાહના બનાવેલા કાનૂનમાં દેખીતો જ મહાન તફાવત છે. અલ્લાહે બનાવેલા કાનૂનમાં દીન અને દુનિયા ભેગી કરવામાં આવી છે આજ કારણથી એક સાચો મુસલમાન રંજમાં, ખુશીમાં, સુખમાં, દુઃખમાં હર હાલતમાં શરીઅત નિયમો અનુસરણ કરે છે, કારણ કે તેનું એ ઈમાન છે, કે તેની આ ફરમાબરદારી, તેને અલ્લાહનો નિકટનો બંદો બનાવી દેવા માટેનો એકમાત્ર ઝરીયો- માર્ગ છે. મોમીન (ઈમાનદાર) બંદો જાણે છે કે, તેની ફરમાબરદારી તેને દુનિયા અને આખેરતમાં સફળતા આપશે અને તેની નાફરમાની તેને આખેરતમાં અઝાબ આપશે. આ બશારતો (ખુશખબરી)ને લીધે મોમીન બંદો નેકી (પ્રમાણિકતા) તરફ લપકે છે. તેવી જ રીતે અઝાબની ચેતવણીઓને લીધે બંદો ગુનાહોથી દૂર ભાગે છે. આ રીતે શરીઅતના કાનૂનોને લીધે સમાજમાં અને દેશમાં ગુનાહો ઓછા થાય છે, શાંતિ સ્થાપિત થાય છે અને ગેરવ્યવસ્થા ઊભી થતાં અટકે છે, પરંતુ આ શરીઅતમાં કાનૂનોના મનફાવતા અર્થઘટનો સમાજને બહુ મોટું નુકસાન પહોંચાડતા હોય છે. ઈસ્લામ અલ્લાહનો દીન છે અને તેમાં ક્યારે પણ પક્ષપાત હોઈ શકે જ નહીં. ઈસ્લામ સ્ત્રી અને પુરુષને સમાન નજરે નિહાળે છે અને સ્ત્રીના મર્તબા; દરજ્જાને જરાય નીચું નથી આંકતું.

ઈસ્લામના ઉદયકાળ પછીનો એક સમય એવો હતો કે દુનિયાના મોટાભાગના પ્રદેશો પર ઈસ્લામી હુકુમત (શાસન) કાયમ હતો. ન્યાયપ્રિય બાદશાહો શરીઅતના નિયમો મુજબ ફેસલો-ન્યાય ફરમાવતા, જેનું એક ઉદાહરણ આજનું દુબઈ છે, જ્યાં પ્રજાની સંખ્યાની દૃષ્ટિએ પોલીસોની સંખ્યા નહિવત્ છે, કારણ સ્પષ્ટ છે. ત્યાં સંપૂર્ણ શરીઅતનો કાયદો તેની સાચા અર્થમાં કાયમ છે. બીજા એવા ઈસ્લામી રાષ્ટ્રોમાં અર્થઘટનોના કારણે ગુનેગાર છટકી જવામાં સફળ થાય છે. આ રાષ્ટ્રોમાં શરીઅતના કાનૂનોમાં માનવીએ બનાવેલા દુન્યવી કાનૂનનું ભેળસેળ કરી દેવામાં આવવાથી અપરાધોની સંખ્યામાં બેફામ વધારો થઈ ગયાનું સ્પષ્ટ ચિત્ર આજે જોવા મળે છે, જે ઈસ્લામી દેશોમાં શરીઅતના કાનૂન છે ત્યાંની પ્રજા શાંતિથી જીવે છે.

માનવીએ બનાવેલા દુન્યવી કાનૂનમાં એવી કોઈ રૂહ (આત્મા) નથી જે રૂહ તે કાનૂન પ્રત્યે માનવીના હૃદયમાં માન ઊભું કરે અથવા ડર સ્થાપિત કરે, કારણ કે માનવીના બનાવેલા કાનૂનમાં અસંખ્ય ખામીઓ હોય છે. તેમાં કેટલીય વાર ફેરફાર કરવો પડે છે. તેમાં માનવ પ્રકૃતિના પરિણામે રહેલી છટકબારીઓનો લાભ ઉઠાવી, માનવજાત તે કાનૂનની મજાક ઉડાવે છે. જો આ કાનૂનથી બચીને અથવા છટકી જઈને, કોઈ ગુનો કરી શકતા હોય, તો આવો લાભ ઉઠાવીને, તે ગુનો કરવા માટે મોટાભાગના માનવો અવશ્ય પ્રેરાય છે. દુનિયાના લગભગ દેશોમાં જ્યાં માનવીએ બનાવેલો કાયદો ચાલે છે, ત્યાં ગુનાનું પ્રમાણ કરોડોની સંખ્યા પર પહોંચી ગયું છે. દુનિયામાં જે દેશોમાં ઈસ્લામી શરીઅતનો કાનૂન તેના સાચા અર્થમાં ચાલે છે, ત્યાં ગુનાહોની સંખ્યા આ લખનારના ઊંડાણભર્યા સંશોધનથી નહિવત્ થઈ ગઈ હોવાનું માલુમ પડે છે. પ્રજામાં શાંતિ-સહકારની ભાવના દેખાય છે માલ મિલકત લૂંટાતી નથી. આતંકવાદ દેખાતો નથી બળાત્કાર, લૂંટ, ચોરી, વ્યાભિચાર, નશાખોરી વગેરે ગુના ત્યાં બનતા જ નથી. આથી સમગ્ર સમાજ શાંતિ અને અમનમાં રહે છે.

ઈસ્લામી કાયદો ઉમ્મત (પ્રજા) માટે આવ્યો છે. તમામ મોમીન (ઈમાનદાર) બંદા માટે કૃપા બનીને આવેલા, પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને (સ.અ.વ.) લોકોની જુદી જુદી ટેવો, રિવાજો, રહેણીકરણી અને રંગ તથા ભાષા અલગ હોવા છતાં અલ્લાહે હુકમ આપ્યો કે ઈસ્લામી શરીઅતને તમામ લોકો સુધી પહોંચાડી દેવામાં આવે. ઈસ્લામી શરીઅત દરેક ખાનદાન, દરેક કબીલા, દરેક જમાત (સમૂહ) અને દરેક દેશ માટે ફાયદેમંદ (લાભકર્તા) છે. તેનો વ્યાપ સર્વવ્યાપી છે.

ઈલાહી કિતાબ કુરાને કરીમમાં સ્પષ્ટપણે સંભળાવી દેવામાં આવ્યું છે કે, ‘કુલ, યા અય્યોહન્નાસોઈન્ની રસુલુલ્લાહિ અલયકુમ જમીઆ.’ અર્થઃ હે નબી! કહી દો કે હે ઈન્સાનો! હું તમો સૌની તરફ અલ્લાહનો પયગંબર બનીને આવ્યો છું. (હવાલોઃ સુરા એઅરાફ, આયત ૧૫૮).

એજ વાત બીજા શબ્દોમાં ‘સુરા તૌબા’માં આ રીતે કહેવામાં આવી છેઃ અર્થઃ તે અલ્લાહ જ છે, જેણે પોતાના પયગંબરને હિદાયત (માર્ગદર્શન) અને સત્યધર્મ સાથે મોકલ્યા જેથી તેને તમામ ધર્મો પર ગલબો આપે (એટલે કે પ્રભાવિત કરે).

અલ્લાહતઆલાએ એવી દલીલ પણ બાકી રહેવા દીધી નથી કે, આ શરીઅત (ઈસ્લામી કાનૂન-નિયમ) કદાચ અધૂરી હોય અને હવે પછી બીજા કોઈ પયગંબરને મોકલીને અલ્લાહતઆલા તેને સંપૂર્ણ કરવાના હોય! આ દલીલનો જવાબ અલ્લાહતઆલાએ કુરાન શરીફની જે આયતમાં આપ્યો છે તે આવતા અંકના બીજા ભાગમાં ઈન્શાઅલ્લાહ વાંચીશું અને શરીઅતના કાનૂન વિશે જાણકારી મેળવીશું.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

હઝરત ઉમરબીન અબ્દુલ અઝીઝ ઘણા જ મશહૂર પરંતુ ફકીરી તબિયતના ખલીફા (શાસનકર્તા) થઈ ગયા. કોઈ કારણસર તે પોતાની વીંટીમાં એક કિંમતી નંગ જડેલું રાખતા હતા. તે નંગ અણમોલ હતું. મોટા મોટા ઝવેરી પણ તે નંગની કિંમત આંકી શકતા નહતા. તે નંગ એક નૂરનો દરિયો હતું જે રાત્રિના અંધકારને દિવસના પ્રકાશમાં બદલી નાખતું હતું.

એક વખત કારમો દુકાળ પડ્યો. લોકો ભૂખે મરવા લાગ્યા, જ્યારે હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝ રદ્દિયલ્લાહો અન્હોને દુકાળની ખબર પડી, ત્યારે પોતાની વીંટીમાં રાખેલું તે કિંમતી નંગ વેચીને તેમણે અનાજ ખરીદ કર્યું, તે અનાજ તેમણે ગરીબોમાં વહેંચાવી દીધું.

તેમના અમીરોએ તેમને પ્રશ્ન કર્યો કે આપનું કિંમતી નંગ આપે શા માટે વેચી કાઢ્યું? હઝરતે જવાબ આપ્યો કે, એ વાત કેવી કહેવાય કે મારી પ્રજા ભૂખે મરતી હોય, ત્યારે હું કિંમતી અંગૂઠી પહેરીને રાજમહેલમાં ફર્યા કરું? કોઈપણ શાસનકર્તાને એ વાત શોભતી નથી, કે લોકોને દુઃખ, તકલીફ અને યાતનાઓમાં ડૂબેલા જુએ, છતાં પોતાના એશ આરામને જ પ્રિય ગણે. આવું ફરમાવતાં તેમની આંખોમાંથી અશ્રુધારા વહી રહી. ખુદાએ કરેલ રચનામાં ખામી હોઈ શકે જ નહીં. લેખનો બીજો ભાગ આવતા અંકમાં વાંચી હિદાયત; ધર્મજ્ઞાન હાંસલ કરીશું. ■

# મધ્ય પૂર્વમાંથી ૨,૪૪,000 ભારતીયો સ્વદેશ પહોંચ્યા

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ વચ્ચે સરકારે ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં આ વોર ઝોનમાંથી લગભગ ૨ લાખ ૪૪ હજાર ભારતીયો વતન પાછા ફર્યા હોવાની જાણકારી આપી હતી.

અધિક સચિવ(ખાડી) અસીમ આર મહાજને જણાવ્યું કે આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં પાંચ ભારતીય નાગરિકો મૃત્યુ પામ્યા છે. જ્યારે એક વ્યક્તિ અગાઉ બનેલી એક ઘટના બાદથી ગુમ છે. તેમજ ઓમાનના સોહર શહેરમાં તાજેતરમાં બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા બે ભારતીયોના મૃતદેહોને મંગળવારે ભારત લાવવામાં આવ્યા હતા અને જયપુરમાં તેમના પરિવારને સોંપવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે લગભગ ૭00 લોકો(ભારતીય નાગરિકો, વિદ્યાર્થીઓ) ઈરાનથી આર્મેનિયા અને અઝરબૈજાન ગયા હતા. જેથી તેઓ ત્યાંથી ઘરે પાછા ફરી શકે. આ ઉપરાંત કેટલાક વધુ લોકો અઝરબૈજાન ગયા છે.

તેમણે કહ્યું કે મેં ઈરાન ગયેલા ૨૮૪ યાત્રાળુઓ વિશે પણ અપડેટ આપ્યું હતું. તેઓ સલામત રીતે આર્મેનિયા પહોંચી ગયા હતા. આ ૨૮૪ યાત્રાળુઓમાંથી ૧૩0 જલ્દી દિલ્હી પહોંચશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે કંટ્રોલ રૂમ સંપૂર્ણપણે કાર્યરત છે અને ભારતીય નાગરિકોની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં આવી રહી છે. કોલ્સ અને ઇમેલ્સની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું જયસ્વાલે જણાવ્યું હતું.

અધિક સચિવ(ખાડી) અસીમ આર મહાજને જણાવ્યું કે ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં આ ક્ષેત્રમાંથી લગભગ ૨,૪૪,000 મુસાફરો ભારત પરત ફર્યા છે. એરલાઇન્સ દ્વારા ઓપરેશનલ અને સુરક્ષા સંબંધિત ચિંતાઓને લઇને મર્યાદિત નોન-શિડ્યુલ ફ્લાઇટ્સનું સંચાલન જારી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં લગ્ન

કે બીજા કોઈ પણ ભેદભાવ વિના તમામ સમૂહોને વારસાઈ હક સમાન રીતે લાગુ પડશે. આ જોગવાઈના કારણે સ્ત્રી અને પુરુષોને પૈતૃક સંપત્તિમાં સમાન હિસ્સો મળશે. મુસ્લિમ સમુદાય પર આ જોગવાઈની વ્યાપક અસર પડશે. વસિયત બનાવવાની પ્રક્રિયા અને મિલકત વહેંચણીને વધુ સરળ-ન્યાયી બનાવવાની પણ જોગવાઈ છે. તમામ ધર્મો અને જ્ઞાતિઓ માટે લગ્ન, છૂટાછેડા અને વારસા જેવા વ્યક્તિગત વિષયોમાં સમાન કાયદા ધરાવતા બિલમાં સ્ત્રી અને પુરુષોને વારસાઈની બાબતમાં સમાન અધિકારો આપીને કેટલાક ધર્મોમાં સ્ત્રીઓ તરફ થતા ભેદભાવને દૂર કરાયો છે.

આ બિલમાં લિવઈન રિલેશનશિપમાં રહેતાં યુગલો માટે પણ નોંધણી ફરજિયાત કરાઈ છે. લિવઈન રિલેશન્સથી જન્મેલાં બાળકોને કાયદેસર માન્યતા મળશે અને તમામ અધિકારો મળશે. લિવઈન રિલેશન્સમાં રહેવા માટે કોઈ ખોટી માહિતી આપે કે નોંધણી ટાળે તો જેલ તથા દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈથી લવ જિહાદ મારફતે મુસ્લિમ યુવકો હિંદુ બનીને હિંદુ યુવતીઓને ફસાવે છે તેમને કાયદાકીય રીતે સકંજામાં લઈ શકાશે.

આ બિલમાં લિવઈન રિલેશન્સમાં થતી છેતરપિંડીને રોકવા માટે આકરી સજાની જોગવાઈઓ છે. કોઈ વ્યક્તિ લિવ-ઇન રિલેશનશીપ માટે બળજબરી, સખ્તાઇ અથવા છેતરપિંડી કરીને સામેના પાત્રની સંમતિ મેળવે એ કિસ્સામાં પાંચ વર્ષ સુધીની જેલની સજા અને દંડ થશે. કોઈ વ્યક્તિ કલમ ૩૮૬ની પેટા-કલમ (૨)નું ઉલ્લંઘન કરીને લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી હોય તો તેને પાંચ વર્ષ સુધીની જેલ અને દંડ થશે.

લિવ ઈન રિલેશનમાં રહેતી બે વ્યક્તિમાંથી કોઈ વ્યક્તિ એકવીસ વર્ષથી ઓછી હોય એવા કિસ્સામાં પાર્ટનરનાં માતાપિતા/વાલીઓને જાણ કરવી ફરજિયાત કરાઈ છે. સગીર સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી પુખ્ત વયની વ્યક્તિને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અંગેનો કાયદો લાગુ પડશે અને આકરી સજા થશે. કોઈ સ્ત્રીને તેનો લિવ-ઇન પાર્ટનર ત્યજી દે એ કિસ્સામાં છેલ્લે સાથે રહેતા હોય એ લિવ-ઇન પાર્ટનર પાસેથી ભરણપોષણનો દાવો કરવા માટે હકદાર ગણવામાં આવશે.

ભારતમાં હાલમાં ઉત્તરાખંડ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો અમલ કરતું એક માત્ર રાજ્ય છે. હવે ગુજરાતમાં પણ યુસીસીના અમલનો તખ્તો ઘડી દેવાતાં ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો અમલ કરનારું બીજું રાજ્ય બનશે. ગુજરાત સરકારે જસ્ટિસ રંજના દેસાઈના વડપણ હેઠળ સમિતિ રચી હતી. આ સમિતીએ તેનો ડ્રાફ્ટ રિપોર્ટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ૧૭ માર્ચ, ૨૦૨૬ના રોજ સોંપ્યો હતો. આ અહેવાલમાં લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન સંબંધોની ફરજિયાત નોંધણી અંગે કરાયેલી ભલામણોના આધારે બિલને મંજૂરી મળી છે. ■

### મહારાષ્ટ્રમાં જૂનાં

વધારવાનો હેતુ હવાનું પ્રદૂષણ ઘટાડવાનો છે.

પ્રધાને કહ્યું હતું કે નવી વેરા પ્રણાલીને લીધે રાજ્યે દર વર્ષે ૧૬૦ કરોડ રૂપિયાની વધારાની આવક થશે. આ આવકને રોડ સુરક્ષા પગલાં, આધુનિક પરિવહન માળખા અને ઓટમેટિક ટેસ્ટિંગ સિસ્ટમ અને ટ્રેનિંગ માટે વાપરવામાં આવશે. (એજન્સી) ■

### રૂપિયા સામે

૯૨.૪૮ની રેન્જમાં રહ્યો હતો. જોકે સત્રના અંતમાં તે વધુ નબળો પડ્યો હતો. તે અગાઉના બંધ કરતાં ૨૩ પૈસા નીચે એટલે કે ૯૨.૬૩ રૂપિયે બંધ રહ્યો હતો. સત્ર દરમિયાન રૂપિયાએ તેના રેકોર્ડ ઈન્ટ્રા-ડે લો (૯૨.૬૫) જોયો હતો. મંગળવારની શરૂઆતમાં રૂપિયો ડૉલરની તુલનામાં સૌથી નીચા ઈન્ટ્રા ડે લેવલ એટલે કે ૯૨.૪૭ રહ્યો હતો. જોકે તે પછી ૯૨.૪૦ની અગાઉની સર્વકાલીન નીચી સપાટીએ સ્થિર થયો હતો. મોટા ભાગની સેન્ટ્રલ બૅન્કોની મીટિંગ પહેલાં રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચ્યો છે. (એજન્સી) ■

### કેન્દ્રે ઔદ્યોગિક

મોદીની આગેવાનીમાં મળેલી પ્રધાનમંડળની બેઠકમાં આ યોજનાને બહાલી આપવામાં આવી હતી. આ યોજનાથી ૧૫ લાખ સીધા રોજગાર ઊભા થશે.

દરમિયાન સરકારે રૂની પ્રાપ્તિના ઑપરેશન માટે કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયાને ૧,૭૧૮.૫૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. મોદીની આગેવાનીમાં ભરાયેલી આર્થિક બાબતો પરની કેબિનેટ કમિટીએ આ નિર્ણય લીધો હતો. આ ભંડોળનો ઉપયોગ ખેડૂતને લઘુતમ ટેકાના ભાવ આપવા માટે કરાશે.

દરમિયાન સરકારે રીન્યુએબલ ઊર્જાની ક્ષમતા વધારીને ૧,૫00 મેગા વોટ કરવા લઘુ જળવિદ્યુત વિકાસ યોજના ચાલુ કરી છે. આ યોજનાને ૨,૫૮૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

પ્રધાનમંડળની બેઠક બાદ વૈષ્ણવે કહ્યું હતું કે કેબિનેટે આ યોજનાને પરવાનગી આપી છે. નાના હાઈડ્રો પાવર પ્રોજેક્ટમાં ન તો બંધ બાંધવા પડશે અને ન લોકોને વિસ્થાપિત કરવા પડશે. ભારતમાં ૭,૧૩૩ સ્થળો પર નાના હાઈડ્રો પ્રોજેક્ટ સ્થપાશે. (એજન્સી) ■

### રાજકારણમાં પૂર્ણવિરામ

વ્યક્તિનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે અને કેટલાક કડવા અને મીઠા અનુભવો પણ હોય છે. પરંતુ જ્યારે આવો પ્રસંગ આવે છે સ્વાભાવિક રીતે, પક્ષ રેખાઓથી ઉપર ઊઠીને આપણે બધા એક સામાન્ય લાગણી અનુભવીએ છીએ કે આપણા આ સાથીઓ હવે કોઈ અન્ય ખાસ કાર્ય માટે આગળ વધી રહ્યા છે.’’

વડા પ્રધાને કહ્યું હતું કે, ‘‘આજે અહીંથી વિદાય લઈ રહેલા સાથીદારોમાં, કેટલાક પાછા ફરવાના ઇરાદાથી આમ કરી રહ્યા છે અને કેટલાક સામાજિક જીવનમાં કંઈક ખાસ યોગદાન આપવા માટે અહીંથી મેળવેલા અનુભવ સાથે વિદાય લઈ રહ્યા છે. જે લોકો જઈ રહ્યા છે પણ પાછા નથી ફરી રહ્યા તેમને હું એ પણ કહેવા માંગું છું કે રાજકારણમાં કોઈ પૂર્ણવિરામ હોતું નથી. ભવિષ્ય તમારી પણ રાહ જોઈ રહ્યું છે અને તમારો અનુભવ અને તમારું યોગદાન હંમેશાં રાષ્ટ્રના જીવનમાં રહેશે.’’

તેમણે કહ્યું કે આદરણીય દેવેગૌડા, મલ્લિકાર્જુન ખડગે અને શરદ પવાર એ વરિષ્ઠ વ્યક્તિઓ છે જેમણે પોતાનું અડધું જીવન સંસદીય કાર્યમાં વિતાવ્યું છે. આપણે તેમની પાસેથી શીખવું જોઈએ કે સમાજમાં તેમને આપવામાં આવેલી જવાબદારીઓ પ્રત્યે કેવી રીતે સમર્પિત રહેવું. હું તેમના યોગદાનની પ્રશંસા કરું છું. આટલો લાંબો કાર્યકાળ કોઈ નાની સિદ્ધિ નથી.’’ તેવી જ રીતે ઉપસભાપતિ હરિવંશ પણ વિદાય લઈ રહ્યા છે. રાજ્યસભાના અધ્યક્ષ સીપી રાધાકૃષ્ણને અધ્યક્ષને માહિતી આપી કે ભૂતપૂર્વ વડા પ્રધાન એચડી દેવગૌડા, વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને ઉપસભાપતિ હરિવંશ સહિત ૨૫ રાજ્યોના ૫૯ સભ્યો તેમનો કાર્યકાળ પૂર્ણ કરી રહ્યા છે. ■

### નવરાત્રિમાં વૈષ્ણોદેવી

વાતચીત કરતાં કહ્યું હતું કે સીઆરપીએફ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, શ્રાઈન બોર્ડ સિક્યોરિટી સ્ટાફ અને લશ્કર એવી બહુસ્તરીય સુરક્ષા ગોઠવવામાં આવી છે. ઈન્ટિગ્રેટેડ કમાન્ડ ઍન્ડ કંટ્રોલ સેન્ટર ચોવીસ કલાક ચાલે છે અને હાઈ ટેક સીસીટીવી કેમેરા પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખે છે. વિવિધ સ્થળોએ ‘મે આઈ હેલ્પ ડેસ્ક’ ગોઠવામાં આવ્યા છે. દિવ્યાંગ શ્રદ્ધાળુને અગ્રતાક્રમ આપવામાં આવે છે. તેમને ફ્રી બેટરી કાર સર્વિસ અને પોની સર્વિસ દેવામાં આવશે. (એજન્સી) ■








**નવી બસ:** ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભાના કેમ્પસમાં જીએસઆરટીસીની નવી બસની ચાવી ડ્રાઈવરને આપી હતી અને નવી બસને લીલી ઝંડી બતાડી હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી અને બીજા મહાનુભાવો હાજર રહ્યા હતા. (પીટીઆઈ)

# ચાલુ બજેટસત્રમાં ગુજરાત વિધાનસભાને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી, સ્કૂલોને પણ ઈમેલ્સ મળ્યા

અમદાવાદ: ગુજરાતમાં વિધાનસભાનું બજેટસત્ર ચાલી રહ્યું છે ત્યારે બુધવારે વિધાનસભા પરિસરને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. ગુજરાતમાં અગાઉ સ્કૂલ, સરકારી કચેરી અને કોર્ટને આ રીતે ઈમેલ્સ મળ્યા છે. દરેક વખતની જેમ આ ઈમેલ પણ ખોટો સાબિત થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાલુ બજેટ સત્ર દરમિયાન ગૃહની કાર્યવાહી શરૂ થવાની થોડી મિનિટો પહેલા વિધાનસભાના સત્તાવાર ઇમેઇલ આઈડી પર ધમકી મળી હતી. ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિધાનસભા સંકુલમાં બૉમ્બ મૂકવામાં આવ્યો છે, જેના પગલે તમામ સ્ટાફ અને ધારાસભ્યોને પરિસર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું, એમ ડેપ્યુટી સુપરિટેન્ડન્ટ પીયૂષ વાંદાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ચાલુ બજેટ સત્રના ભાગ રૂપે ગૃહ સવારે ૯ વાગ્યે શરૂ થવાનું હતું, પરંતુ અધિકારીઓને સવારે ૮.૪૫ વાગ્યે ધમકી વિશે ખબર પડી, એમ તેમણે જણાવ્યું હતું. આ વાતની જાણ થતાં સ્થાનિક પોલીસ પરિસરમાં પહોંચી હતી અને તપાસ શરૂ કરી દીધી હતી. તમામ ધારાસભ્યો સાવચેતીના ભાગરૂપે પરિસરની બહાર નીકળી ગયા હતા. એક કલાક પછી, ગાંધીનગર એસપી રવિ તેજા વાસમશેટ્ટીએ જાહેર કર્યું હતું કે કોઈપણ શંકાસ્પદ વસ્તુ કે સામગ્રી મળી નથી. સભાને સવારે બૉમ્બ ધમકીનો ઈમેલ મળ્યો. અમારા બૉમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા પરિસરની સંપૂર્ણ તપાસ કરવામાં આવી, પરંતુ કંઈ શંકાસ્પદ મળ્યું નહીં. ઈમેલ મોકલનાર વ્યક્તિ સામે કેસ દાખલ કરવામાં આવશે. જોકે વિધાનસભાનું કામ એક કલાક મોડું શરૂ થયું હતું.

વિધાનસભામાં પ્રશ્નોત્તરી બાદ સ્પીકર શંકર ચૌધરીએ ગૃહને જણાવ્યું હતું કે વિધાનસભાના એક અધિકારીને સવારે ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. ત્યારબાદ મારી વિનંતી પર પોલીસે પરિસરની સંપૂર્ણ તપાસ કરી હતી. કવાયત દરમિયાન કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી, ચૌધરીએ વિધાનસભામાં જણાવ્યું હતું. ધારાસભ્યોએ સરકારને ઈમેલ્સ મોકલનારા સામે સખત પગલાં લેવા અપીલ કરી હતી. દરમિયાન અમદાવાદ શહેર અને ગ્રામ્યની ૧૫ કરતા વધારે સ્કૂલોને પણ બુધવારે આવી જ રીતે ઈમેલ દ્વારા બૉમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ મળી હતી. ધમકીના પગલે સઘન તપાસ થઈ હતી, જેથી પરીક્ષા અને શૈક્ષણિક કાર્યમાં થોડી અચડણો આવી હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં આયુષ્માન ભારત યોજના હેઠળ ૨.૭૩ કરોડ નાગરિકોને આવરી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા, આધુનિક સારવાર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને ગ્રામ્ય વિસ્તારો સુધી સેવાઓ પહોંચાડવા માટે બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે મોટા પગલાં જાહેર કર્યા હતા.

ગુજરાત સરકારના જણાવ્યા અનુસાર, આયુષ્માન ભારત (આયુષ્માન ભારત) યોજના હેઠળ રાજ્યમાં ૨.૭૩ કરોડ નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે. તબીબી શિક્ષણ અને સંશોધન ક્ષેત્ર માટે સરકારે ૯,૮૭૭.૧૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ સાથે જ અમદાવાદ, વસાઈ અને સુરતના કામરેજ ખાતે મેડિસિટી પ્રોજેક્ટ માટે કુલ ૨,૫૦૦ કરોડના પ્રોજેક્ટ સામે આ વર્ષે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટથી અદ્યતન આરોગ્ય સુવિધાઓ રાજ્યમાં વિકસિત થવાની અપેક્ષા છે. હૃદય અને ન્યુરોલોજી જેવી ગંભીર બીમારીઓની સારવારનો વ્યાપ વધારવા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તેમજ રાજકોટ-સિદ્ધપુર ખાતે કેન્સર સંશોધન કેન્દ્રો માટે ૭૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તે જ પ્રકારે માતૃત્વ અને બાળ આરોગ્ય માટે પણ સરકારે વિશેષ ધ્યાન આપ્યું છે. ૨૫૦ ખિલખિલાટ વાન ખરીદવા માટે ૧૫.૬૨ કરોડ ફાળવાયા છે, જ્યારે આશા બહેનો દ્વારા હોમ બેઝ્ડ યંગ ચાઈલ્ડ કેર માટે વધારાની મુલાકાતો માટે ૨૧.૭૮ કરોડ ફાળવવામાં આવ્યા છે.

'નામો શ્રી' યોજના હેઠળ ૧૧ કેટેગરીમાં આવતી ગર્ભવતી મહિલાઓને સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે ૩,૯૪,૨૦૯ સગર્ભા બહેનોને લાભ આપવામાં આવ્યો છે, જેના માટે કુલ ૨૬૩.૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નવજાત શિશુઓ માટેની સેવાઓ મજબૂત બનાવવા ૨ જિલ્લા અને ૭ પેટા જિલ્લા હૉસ્પિટલોમાં સ્પેશિયલ ન્યુ બોર્ન કેર યુનિટ માટે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ડાયાલિસીસ સેવાઓમાં પણ વધારો કરવામાં આવશે. હાલમાં રાજ્યમાં ૨૮૨ ડાયાલિસીસ સેન્ટર કાર્યરત છે, અને નવા ૪૭ સેન્ટર તથા ૬૬ મશીનોના રિપ્લેસમેન્ટ સાથે કુલ ૧૧૩ મશીનો માટે ૧૦.૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, ન્યુરો, ઓર્થો અને સ્પોર્ટ્સ ઇન્જરી રિહેબિલિટેશન સેન્ટર, કોલેજો અને હોસ્ટેલો માટે ૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે કુલ પ્રોજેક્ટ ખર્ચ ૧૭૫ કરોડનો છે. ઓર્થોટિક અને પ્રોસ્ટેટિક વર્કશોપ અપગ્રેડ કરવા માટે પણ ૮.૮૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે ૧૦૦૦ બેડની નવી હોસ્પિટલ માટે ૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૩૬૦ કરોડ છે. રાજ્યમાં ઈમર્જન્સી આરોગ્ય સેવાઓમાં પણ વધારો નોંધાયો છે. છેલ્લા ૧૮ વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા હેઠળ ૧૪૯૫ એમ્બ્યુલન્સ (૨ બોટ એમ્બ્યુલન્સ સહિત) કાર્યરત કરવામાં આવી છે, જે રાજ્યના આંતરીયાળ વિસ્તારોમાં દર્દીઓને ઝડપી સારવાર સુધી પહોંચાડવામાં મદદરૂપ બની રહી છે.

# અમદાવાદના કાલુપુર રેવડી બજારમાં ભીષણ આગ: ૩૦થી વધુ કાપડની દુકાન બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના સૌથી વ્યસ્ત એવા રેવડી બજારમાં ભરબપોરે ભીષણ આગ લાગતા વેપારીઓના જીવ પડીકે બંધાયા હતા. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી દીધી હતી. મોટાભાગની દુકાનો કપડાની હોવાના કારણે આગ વધુ ફેલાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. લગભગ ૩૦ આસપાસ દુકાનો બળીને ખાખ થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આગ લાગ્યાનું કારણ બહાર આવ્યું નથી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગને કાબૂમાં લેવા માટે ૩૨ જેટલી ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી. યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરીને આગને કાબૂમાં લેવામાં આવી હતી. આગ એટલી વિકરાળ બની ગઈ હતી કે, ચારેય બાજુથી પાણીનો મારો ચલાવવો પડ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા ફાયર વિભાગના અધિકારીઓ પણ રેવડીબજાર આવ્યા હતા.

આગમાં જાનહાનિના કોઈ અહેવાલ નથી, પરંતુ વેપારીઓને માલનું નુકસાન ગયું છે.

# ઐતિહાસિક બંદરથી વૈશ્વિક ડાયમંડ હબ સુધીની સફર ખેડનાર સુરત હવે કરશે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની યજમાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનું ટેક્સટાઈલ્સ ડાયમન્ડ હબ ગણાતું સુરત શહેર ૧૬મી સદીમાં વિશ્વના વેપારીઓ માટેનું પ્રવેશદ્વાર ગણાતું હતું. વૈશ્વિક નકશા પર સુરત આજે પણ ઝળહળે છે ત્યારે હવે ટૂંક સમયમાં સુરત ખાતે યોજાનારી 'વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ' (દક્ષિણ ગુજરાત) શહેરના આ પરિવર્તનને વૈશ્વિક મંચ પૂરો પાડશે.

સુરતની ધરતી પર કંડારાયેલી સફળતાના પાયામાં હીરા ઉદ્યોગ અને ટેક્સટાઇલ સેક્ટર છે. વિશ્વના ૯૦% કુદરતી હીરા અને ૨૫% લેબ-ગ્રોન હીરાનું પ્રોસેસિંગ એકમાત્ર સુરતમાં થાય છે. અહીંના ૬,૦૦૦ થી વધુ એકમો, જેમાંથી લગભગ ૭૦% એમએસએમઈ છે, તે લાખો પરિવારોની આજીવિકાનો સ્ત્રોત છે. તદુપરાંત એશિયાના સૌથી મોટા કાપડ કેન્દ્ર તરીકે સુરત આજે ચોકસાઈ અને સર્જનાત્મકતાનો પર્યાય બની ગયું છે.

સુરતની ક્ષમતાને પારખીને નીતી આયોગે તેને 'ગ્રોથ હબ' પહેલ હેઠળ પસંદ કર્યું છે. ૨૦૪૭ સુધીમાં સુરત સહિત ભરૂચ, નવસારી, તાપી, ડાંગ અને વલસાડના સમગ્ર દક્ષિણ ગુજરાતના પટ્ટાને એક સંકલિત આર્થિક ક્ષેત્ર તરીકે વિકસાવવાનો મહત્ત્વાકાંક્ષી માસ્ટર પ્લાન તૈયાર છે. આ આયોજન પ્રાદેશિક અસમાનતા દૂર કરી વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક માળખું ઊભું કરશે.

આધુનિક શહેરી આયોજન, ઉન્નત કનેક્ટિવિટી અને ટકાઉ વિકાસના માપદંડો પર સુરત આજે દેશના અન્ય શહેરો માટે દીવાદાંડી સમાન છે. દક્ષિણ ગુજરાત ક્ષેત્ર માટે સુરત ખાતે આયોજિત થનાર આગામી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ માત્ર ચર્ચાઓનું કેન્દ્ર નહીં, પરંતુ નવા રોકાણો અને રોજગારીની તકોના દ્વાર ખોલનારું માધ્યમ બનશે.

વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે સુરત હવે ગુજરાત અને ભારતના વિકાસના નવા યુગનું નેતૃત્વ કરવા સજ્જ છે.

# મોરબી સિરામિક ઉદ્યોગ પર ઈરાન યુદ્ધની માઠી અસર: ૨૫ દિવસનું વેકેશન જાહેર

અમદાવાદ: ઈરાન વિરુદ્ધ ઇઝરાયલ-અમેરિકાના યુદ્ધની સીધી અને માઠી અસર વિશ્વના વિવિધ દેશો પર પડી રહી છે. ઈરાને 'હોર્મુસની ખાડી' બંધ કરી દેતા ગેસ અને ખનીજ તેલની ભારે કટોકટી સર્જાઈ છે. પેટ્રોલ, ડિઝલ અને ગેસ પુરવઠો ખોરવાતા વેપાર-ઉદ્યોગ પડી ભાગે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ગેસ કટોકટીના કારણે મોરબીમાં પ્રોપેન અને નેચરલ ગેસથી ચાલતા ૪૦૦ થી વધુ સિરામિક એકમો તો ધીરે-ધીરે પહેલેથી જ બંધ થઈ ગયા હતા. હવે પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે મોરબી સિરામિક એસોસિએશને ખાસ મીટિંગ બોલાવીને તમામ સિરામિક એકમોમાં ૨૦ થી ૨૫ દિવસનું વેકેશન રાખવાનો સર્વાનુમતે નિર્ણય જાહેર કર્યો હતો. કેટલાક સમયથી સિરામિક ઉદ્યોગ કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. ખાસ કરીને ગેસના અભાવે અને અછતના કારણે અંદાજે ૪૩૦થી વધુ જેટલા સિરામિક એકમો તો અગાઉથી જ બંધ થઈ ગયા છે. જો કે, સ્થિતિ વધુ વિકટ બનતા એસોસિએશને બાકીના ચાલુ એકમોને પણ તા. ૧૫ એપ્રિલ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. જેમને એકમ બંધ કરવા હોય તેઓ સ્વેચ્છાએ એકમ બંધ કરતા જશે.



**આગમન:** ૮૦,૮૦૦ મેટ્રિક ટન ખનિજ તેલ લઈને ભારતીય જહાજ 'જગ લાડકી' બુધવારે કચ્છના મુંદરા બંદરે આવી પહોંચ્યું હતું.

# ભારતનું ત્રીજું જહાજ 'જગ લાડકી' ૮૧ હજાર મેટ્રિક ટન ક્રૂડ ઑઈલ લઈ મુંદરા બંદરે પહોંચ્યું

અમદાવાદ: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતીય ધ્વજવાળું ઓઇલ ટેન્કર જગ લાડકી બુધવારે ૮૦,૮૮૬ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લઈને ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યું હતું. સંયુક્ત આરબ અમીરાતના ફુજૈરા બંદરથી લોડ કરવામાં આવેલું ક્રૂડ ઓઇલ ટેન્કર મુંદ્રા બંદરે આવે તે પહેલા જ અરબ સાગરમાં જ ભારતીય નેવીએ તેને સુરક્ષા પૂરી પાડી હતી. આ જહાજ ફુજૈરા તેલ ટર્મિનલ પર હુમલો થયો તે જ દિવસે જ રવાના થયું હતું. શિવાલિક અને નંદા દેવી પછી ભારતમાં પહોંચનાર જગ લાડકી સંઘર્ષગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટ સુરક્ષિત રીતે પસાર થનારું ત્રીજું જહાજ છે. ગેસ ટેન્કર શિવાલિક સોમવારે ગુજરાતના મુન્દ્રા બંદરે પહોંચ્યું હતું. આ જહાજ કતારના રાસ લફાન બંદરથી આશરે ૪૬,૦૦૦ ટન એલપીજી સાથે નવ દિવસની સફર પૂર્ણ કરી હતી. તેવી જ રીતે, એક અન્ય ભારતીય ટેન્કર નંદા દેવી જે આશરે ૪૬,૦૦૦ ટન એલપીજી લઈને વાડીનાર બંદરે પહોંચ્યું હતું.

# વાતાવરણમાં પલટો આવ્યો: અમરેલી, જામનગરમાં વરસાદ-કરા પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હવામાન વિભાગે ત્રણ દિવસ માટે વરસાદની આગાહી કરી હતી, જે પ્રમાણે બુધવારથી વાતાવરણ પલટાયું હતું. આગાહી અનુસાર સૌરાષ્ટ્રના અમરેલી અને જામનગરમાં બપોર બાદ વરસાદ વરસ્યો હતો અને અમુક ભાગોમાં કરા પણ પડ્યા હતા.

સૌરાષ્ટ્રના જામનગરના લાલપુરમાં કરા સાથે માવઠું થયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. અમરેલી વડીયા શહેર, મોરવાડા, બાંટવા, દેવળી તેમજ બગસરા પંથકમાં કમોસમી વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. બગસરા શહેરમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો અને કરા સાથે વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગ અનુસાર આજે ગુરુવારે અને આવતીકાલે શુક્રવારે પણ વરસાદની આગાહી છે. આજે સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં પણ વરસાદ પડવાની સંભાવના છે.

આગાહી અનુસાર ગુરુવારે વરસાદનું જોર વધી શકે અને ઘણા જિલ્લાઓમાં વાતાવરણ પલટાવાની શક્યતા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, પંચમહાલ, દાહોદ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, કચ્છ, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદર, દ્વારકા, જામનગરમાં પણ વરસાદ અને ગાજવીજની શક્યતા છે. તો શુક્રવારે પણ ઉત્તર ગુજરાત અને કચ્છના અમુક જિલ્લામાં વાતાવરણ વરસાદી બની રહેશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીમાં થોડો ઘટાડો નોંધાયો હતો. ૪૦ અને ૪૧ ડિગ્રીએ પહોંચી ગયેલું મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી સુધી નોંધાયું હતું.

# દીકરીને પરત લેવા ચૌધરી અને રબારી સમાજ આમને સામને!

## પોલીસે ટોળાં પર લાઠીચાર્જ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રબારી સમાજના યુવકને પરણેલી ચૌધરી સમાજની દીકરી પરત લાવવા મુદ્દે બનાસકાંઠાના ભાભરના રુણી ગામમાં ચૌધરી સમાજનું એક મહાસંમેલન મળ્યું હતું. આ મહાસંમેલન દરમિયાન મોટી સંખ્યામાં ચૌધરી સમાજના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ મહાસંમેલનમાં સમાજના આગેવાનો અને યુવાનો વચ્ચે પણ ઘર્ષણ થયું હોવાનું જાણવા મળ્યું હતું. મહાસંમેલન બાદ ચૌધરી સમાજના લોકો ઉણ ગામમાં પોતાની દીકરીને લેવા માટે પહોંચ્યાં હતાં. આ દરમિયાન રબારી સમાજ અને ચૌધરી સમાજ વચ્ચે ભારે બબાલ થઈ હતી જે બાદમાં હિંસામાં પરિણમી હતી. અહીં અનેક વાહનોની તોડફોડ પણ કરી હતી. આ સમગ્ર મામલે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે આવીને હુમલાખોરો પર લાઠીચાર્જ કરીને મામલાને શાંત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસે ટોળાને વિખેરવા માટે ટીયર ગેસ છોડ્યા હોવાનું જાણવા મળ્યું હતું. હાલમાં મામલાની ગંભીરતાને જોતા ઓગડના ઉન ગામમાં પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. આ ધિંગાણું થયું તેમાં ટોળાએ ૨૦થી ૨૫ ગાડીઓના કાચ તોડી પાડ્યાં હતાં. એટલું જ નહીં પરંતુ ટોળાએ થરા-ભાભર હાઇવે બ્લોક કર્યો હોવાના કારણે વાહનોની લાંબી લાઈનો લાગી હતી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે હાઈવે બ્લોક કર્યો હોવાના કારણે ૩ કિમી સુધી ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. આ સમગ્ર ઘટનાની વિગતો અનુસાર લગભગ એક વર્ષ અગાઉ ઉણ ગામના રબારી સમાજના યુવકે ચૌધરી સમાજની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. અત્યારે જેમ રબારી સમાજે વિરોધ કરીને સિંગર કિંજલ રબારીને પાછી લાવ્યા તેવી રીતે હવે ચૌધરી સમાજ પણ પોતાની દીકરીને પાછી લાવવા માટે ઉગ્ર બન્યો છે. રબારી સમાજના યુવકે ચૌધરી સમાજની યુવતી સાથે લગ્ન કર્યા તેમને અત્યારે એક બાળક પણ છે, જેથી આ દીકરીએ વિનંતી કરી હતી કે, મારા બાળકને તેનાં પિતાથી અલગ કરવામાં ન આવે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

# સોરઠના સાવજને જોવા બે વર્ષમાં ૧૭ લાખ પ્રવાસી ઊમટ્યાં, સરકારે કરી કરોડોની કમાણી

અમદાવાદ: વન્યજીવન પર્યટનનો મહત્ત્વનો હિસ્સો છે. લોકો દેશ-વિદેશના પ્રાણીઓ અને કુદરતી કરામતોને જોવા જતા-આવતા હોય છે. એશિયાટિક સાવજોનું એક માત્ર રહેઠાણ એવું ગીર પણ આમાંનું એક છે, જે જ્યારે દેશ-દુનિયામાંથી લાખો પ્રવાસી સાવજ અને સાસણ ગીરના જંગલો જોવા ઉમેટી આવે છે અને સરકારને મહેસૂલ પણ રળી આપે છે. ગીર અભયારણ્ય માત્ર સિંહો જ નહીં, પરંતુ વન્ય જીવવિવિધતા માટે પણ જાણીતું છે. અહીં પ્રવાસીઓને સિંહ અને દીપડા ઉપરાંત સાબર, ચિત્તલ અને હરણની વિવિધ પ્રજાતિઓ નીહાળવા મળે છે. ઉપરાંત અહીં અંદાજે ૩૭૫ જેટલી પક્ષીની વિવિધ પ્રજાતિઓ વસવાટ કરે છે. ગુજરાત વિધાનસભામાં માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાએ ગીર અભયારણ્યા ખાતે લીધેલી મુલાકાતનો પ્રશ્ન પૂછ્યો હતો. તેમણે પૂછ્યું હતું કે ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર અભ્યારણ્યની કેટલા મુલાકાતીઓ મુલાકાત લીધી હતી, જ્યારે આ મુલાકાત દરમિયાન પર્યટકો માટે કેટલી પરમિટ ઈસ્યૂ કરવામાં આવી અને કેટલી આવક સરકારને થઈ હતી. જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ-૨૦૨૪ દરમિયાન - ૮,૫૯,૨૬૨ તેમ જ વર્ષ-૨૦૨૫ દરમ્યાન ૯,૨૮,૪૧૬ મુલાકાતીઓએ સાસણગીર ખાતે ગીર અભયારણ્યની મુલાકાત લીધી હતી. બે વર્ષમાં કુલ ૧૭,૮૭,૬૮૭ પ્રવાસીઓએ ગીરની મુલાકાત લીધી હતી. વર્ષ ૨૦૨૪ દરમિયાન કુલ ૧,૪૫,૨૧૪ મુલાકાતીઓ માટે અને વર્ષ-૨૦૨૫ દરમિયાન ૧,૫૪,૫૧૫ મુલાકાતીઓ માટે પરમીટ ઇસ્યુ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં કુલ રૂ. ૧૬.૬૬ કરોડ અને વર્ષ-૨૦૨૫માં રૂ. ૧૭.૯૮ કરોડની આવક થઈ હતી.

# રાજયની ૧૮૨ વિધાનસભા માટે નવી ૧૮૨ બસનું લોકાર્પણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે ૧૮૨ વિધાનસભા વિસ્તાર માટે ૧૮૨ નવીન બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આ બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું અને આ નવીન બસોના ડ્રાયવર્સને પ્રતિકરૂપે ચાવી અર્પણ કરી હતી. સામાન્ય માનવી માટે અવર-જવરના સરળ માધ્યમ એવું ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮૦૦૦ થી વધુ બસના કાફલાથી ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરને પોતાના ગંતવ્ય સ્થળ સુધી પહોંચવા સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પૂરી પડે છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે નવી એસ.ટી બસો ખરીદવા એસ.ટી નિગમને નાણાકીય સહાય અપાય છે. તે અંતર્ગત ૨૦૨૪-૨૫માં ૯૬૩ સુપર એક્સપ્રેસ, ૫૫૦ ગુર્જર નગરી, ૧૦૦ સ્લીપર બસ, ૩૫૦ મીડી બસ મળીને ૧૯૬૩ વાહનો પ્રજાજનોની સેવામાં મૂકાયા છે. પીપીપી મોડેલના ધોરણે અત્યાધુનિક ૨૦૦ નવીન વોલ્વો અને એ.સી. બસો સંચાલનમા મૂકવા પણ આયોજન હાથ ધરેલું છે. સમગ્ર ૧૯૬૩ નોન એ.સી તથા ૨૦૦ એ.સી. બસો વિવિધ તબક્કે પ્રજાની સેવામાં મૂકવામાં આવેલી છે. તેમાં હવે આ નવી કુલ ૬૨ કરોડની ૧૮૨ બસો સંચાલનમાં મૂકવા માટે લોકાર્પણ કરવામાં આવી છે.

# છેલ્લાં બે વર્ષમાં ગુજરાતના સમુદ્ર તટેથી ૮૩ વહેલ શાર્કનું રેસ્ક્યૂ: રાજ્ય સરકાર

અમદાવાદ: ગુજરાત સરકારે રાજ્ય વિધાનસભાને માહિતી આપી હતી કે તે રાજ્યના દરિયાકાંઠે જોવા મળતી વ્હેલ શાર્કને સુરક્ષિત રાખવા માટે એક સંરક્ષણ યોજના સક્રિયપણે અમલમાં મૂકી રહી છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી જાહેર કરાયેલા ડેટા અનુસાર, છેલ્લા બે વર્ષમાં 'વ્હેલ શાર્ક સંરક્ષણ કાર્યક્રમ' હેઠળ કુલ ૮૩ વ્હેલ શાર્કને બચાવી લેવામાં આવી હતી.

## સંસ્થા સમાચાર

### રોબોટિક્સ વર્કશોપનું સફળ આયોજન



અંધેરી પૂર્વમાં આવેલી શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઇસ્કૂલ દ્વારા ધોરણ નવના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને રસપ્રદ રોબોટિક્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. એ દરમિયાન રોબોટની રચના, તેના વિવિધ ભાગો અને કાર્ય કરવાની પ્રક્રિયા સરળ અને અસરકારક રીતે સમજાવવામાં આવી હતી. સાથે જ ડ્રોનનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### ઝૂંપડપટ્ટી વિસ્તારની બે શાળાનું રિનોવેશન

રોટરી ક્લબ ઓફ કાંદિવલી વેસ્ટ દ્વારા કાંદિવલીમાં આવેલી શ્રીમતી રાજદેવી સ્કૂલ અને દહિસરના રાવલપાડાની શક્તિ સેવા સ્કૂલનું રિનોવેશન કરવામાં આવ્યુ હતું. શાળા નવી બનીને તૈયાર થઈ જતાં વિદ્યાર્થીઓને ભણવામાં ઘણી સગવડતા પડશે.

### ક્રિકેટ ટૂર્નામેન્ટ

કાંદિવલી રિક્રિએશન ક્લબે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કર્યું હતું. એમાં વિજેતા ટીમને મેડલ અને ટ્રોફી આપવામાં આવી હતી. આ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં મહિલા અને બાળકોની ટીમે પણ ભાગ લીધો હતો.

### પ્રીમિયર લીગ ટૂર્નામેન્ટ

બોરીવલીમાં મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા સિનિયર સિટિઝન્સ પ્રીમિયર લીગ ટૂર્નામેન્ટ યોજવામાં આવી હતી. એમાં અનેક લોકોએ ભાગ લીધો હતો.

### કાવ્ય પઠન

વડીલોની એકલતા દૂર કરવા માટે પ્રગતી મિત્ર મંડળ (બોરીવલી-કાંદીવલી) વડલો વિભાગ દ્વારા કાવ્ય પઠનનો કાર્યક્રમ ગયા મહિને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને વડીલોએ ખૂબ માણ્યો હતો.

# સરકારે મુંબઈના જમીન ટેન્ડરમાં ‘અનિયમિતતાઓ’ની તપાસનો આદેશ આપ્યો, પ્રોજેક્ટ અટકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે મુંબઈના મલાડ પૂર્વ વિસ્તારમાં પ્રોજેક્ટથી પ્રભાવિત વ્યક્તિઓ (પીએપી) માટેના હાઉસિંગ પ્રોજેક્ટની જમીન ટેન્ડર પ્રક્રિયામાં કથિત રીતે મોટા પાયે ગેરરીતિઓની તપાસની જાહેરાત કરી હતી અને એવો નિર્દેશ આપ્યો હતો કે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી આગળ કોઈ કાર્યવાહી ન કરવામાં આવે.

શહેરી વિકાસ રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળે વિધાનસભામાં જણાવ્યું હતું કે, આ તપાસ વધારાના મુખ્ય સચિવ દ્વારા કરવામાં આવશે અને આ સંદર્ભમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવશે.

આ મુદ્દો કોંગ્રેસના અસલમ શેખ દ્વારા ધ્યાનાકર્ષક નોટિસના માધ્યમથી ઉઠાવવામાં આવ્યો હતો, જેમાં યોગેશ સાગર અને મુરજી પટેલ (બંને ભાજપ) સહિતના સભ્યો દ્વારા પૂરક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

સભ્યોએ એવો આરોપ લગાવ્યો હતો કે જમીન ફાળવણી કેસમાં ડેવલપરને ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઇટ્સ (ટીડીઆર) અને બાકી રકમ કરતાં ઘણું વધારે પ્રીમિયમ આપવામાં આવ્યું હતું, જેનાથી ભ્રષ્ટાચારની શક્યતા વધી છે.

તેઓએ નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા આ મામલાની તપાસની માગણી કરી હતી.

સભ્યો દ્વારા વ્યક્ત કરાયેલી ચિંતાઓનો જવાબ આપતા મિસાળે કહ્યું હતું કે સરકાર આગળની કાર્યવાહીનો નિર્ણય લેતા પહેલા પહેલા વરિષ્ઠ અધિકારીઓના માધ્યમથી સમગ્ર સ્થિતિની વિગતવાર જાણકારી મેળવશે.

અસલમ શેખે મલાડ (પૂર્વ) માં પીએપી (પ્રોજેક્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓ) માટેના હાઉસિંગ પ્રોજેક્ટમાં ગંભીર ગેરરીતિઓનો આરોપ લગાવ્યો.

તેમણે દાવો કર્યો કે મૂળ પોલીસ સ્ટાફ ક્વાર્ટર્સ માટે અનામત રાખેલ જમીનનો ભાગ પીએપી હાઉસિંગ માટે વાળવામાં આવ્યો હતો અને એપ્રિલ ૨૦૨૫ પછી પ્રતિ હાઉસિંગ યુનિટ કિંમત રૂ. ૩૨.૨૧ લાખથી વધારીને રૂ. ૫૦.૯૮ લાખ કરવામાં આવી હતી. વિધાનસભ્યે જણાવ્યું હતું કે આ સુધારાના પરિણામે લગભગ રૂ. ૬૧૮ કરોડનો વધારાનો નાણાકીય બોજ પડ્યો હતો.

તેમણે આરોપ લગાવ્યો કે કોઈ પણ નવા સર્વેક્ષણ અથવા સ્વતંત્ર મૂલ્યાંકન વિના જમીનનું મૂલ્યાંકન રૂ. ૮૪,૪૬૦ પ્રતિ ચોરસ મીટરથી વધારીને રૂ. ૧.૩૩ લાખ પ્રતિ ચોરસ મીટર કરવામાં આવ્યું હતું, જેનાથી સંભવિત મિલીભગતની શંકા ઉભી થઈ હતી. તેમણે ટેન્ડર શરતોનું ઉલ્લંઘન કરીને અગાઉથી ૫૦ ટકા ટીડીઆર અને પ્રીમિયમ આપવા પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

તેમણે આ બાબતની ઉચ્ચ સ્તરીય તપાસ, સુધારેલા સ્વીકૃતિ પત્ર (એલઓએ)ને સ્થગિત કરવા અને સંડોવાયેલા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

મિસાળે આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે આ પ્રોજેક્ટ ડેવલપમેન્ટ રૂલ્સ ૨૦૩૪ અને લાગુ નિયમો અનુસાર અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.

ધોરણ મુજબ, ૪૦ ટકા જમીન પોલીસ આવાસ માટે રાખવામાં આવી છે, જ્યારે બાકીની ૬૦ ટકા જમીન પીએપી ટેનામેન્ટ માટે ફાળવવામાં આવી છે. સુધારેલી કિંમત નોંધણી મહાનિરીક્ષક દ્વારા મંજૂર કરાયેલ અપડેટેડ મૂલ્યાંકન પર આધારિત હતી, એમ તેમણે જણાવ્યું હતું.

યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હોવાનું જાળવી રાખીને, મિસાળે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેન્ડર પ્રક્રિયા પારદર્શક હતી અને નિર્ધારિત શરતો મુજબ તબક્કાવાર ચુકવણી કરવામાં આવી હતી. તેમણે પ્રોજેક્ટના અમલમાં કોઈપણ અનિયમિતતાનો ઇનકાર કર્યો હતો.

# વસઈ-વિરાર માટે સુધારિત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાનું કામ ચાલુ છે: મહારાષ્ટ્રના પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે જણાવ્યું હતું કે પાલઘર જિલ્લામાં આવેલા વસઈ-વિરાર મહાનગરપાલિકા વિસ્તાર માટે સુધારિત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને તે નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થશે.

નગર વિકાસ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળે વિધાનસભામાં એવી માહિતી આપી હતી કે ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાનો ઇરાદો ઓક્ટોબર ૨૦૨૩માં જાહેર કરવામાં આવ્યો હતો અને પ્રારંભિક તબક્કાઓ પૂર્ણ થઈ ગયા છે.

તેમણે જણાવ્યું હતું કે ૨૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડેપ્યુટી ડિરેક્ટર કક્ષાના અધિકારીની આગેવાની હેઠળ એક ટીમની નિમણૂક કરવામાં આવી હતી અને હાલમાં તે યોજના પર કામ કરી રહી છે.

રાજન નાઈક દ્વારા ધ્યાનાકર્ષક નોટિસ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જેમણે નિષ્ણાત માનવશક્તિની અછત દર્શાવી હતી અને મહારાષ્ટ્ર પ્રાદેશિક અને નગર આયોજન (એમઆરટીપી) કાયદાની જોગવાઈઓ હેઠળ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા એક સમિતિની રચના કરવાની માગણી કરી હતી. ચર્ચામાં ભાગ લેતા, સ્નેહા દુબે અને યોગેશ સાગરે સંબંધિત ચિંતાઓ વ્યક્ત કરી હતી.

ચર્ચાનો જવાબ આપતા, મિસાળે જણાવ્યું હતું કે વિકાસ યોજનામાં હાઇ-સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટનો સમાવેશ થાય છે અને ભવિષ્યમાં થતા ફેરફારોમાં તેનો સમાવેશ થશે.

તેમણે ઉમેર્યું હતું કે યોજનાની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે એક સલાહકારની નિમણૂક કરવામાં આવી છે અને ગ્રીન ઝોન જેવા મુદ્દાઓની સમીક્ષા કરવા માટે જનપ્રતિનિધિઓ અને અધિકારીઓની સંયુક્ત બેઠક યોજાશે.

# મુંબઈ મેટ્રો સ્ટેશન પરિસરનો વિકાસ પાલિકાને માથે: ₹ ૧૦ કરોડના ખર્ચ સામે સ્થાયી સમિતિનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મેટ્રો લાઈન પર ૨૭ સ્ટેશનના વિકાસ કરતા સમયે તેના ૫૦૦ મીટર પરિસરના વિકાસ કર્યા બાદ તેનો ઉપયોગ મુંબઈ મેટ્રો કરવાની છે, છતાં આ વિસ્તારના વિકાસ માટે ૧૦ કરોડનો ખર્ચ પાલિકા કરવા સામે સ્થાયી સમિતિના સભ્યોએ પ્રશાસનને આડે હાથ લીધી હતી. સ્થાયી સમિતિમાં મેટ્રો સ્ટેશનના વિકાસ માટેનો ૧૦ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મંજૂરી માટે આવ્યો હતો, જેને રાખી મૂકવામાં આવ્યો હતો.

મુંબઈ પાલિકા દ્વારા મુંબઈ મેટ્રો ત્રણ લાઈનના સ્ટેશનના આજુબાજુના પરિસરના વિકાસ માટેનો પ્લાન તૈયાર કરવાનો પ્રસ્તાવ સ્થાયી સમિતિ સમક્ષ રાખવામાં આવ્યો હતો, જેમાં જમીનનો ઉપયોગ, ટ્રાન્સપોર્ટેશન અને પાયાભુત સુવિધાના ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવવાનો છે. પહેલા તબક્કામાં ચાર સ્ટેશન માટેનું આયોજન કરવામાં આવ્યું છે, તે કામ માટે પ્રશાસકીય મંજૂરી પહેલા જ આપી દેવામાં આવી હોઈ તેની માટે અંદાજે ૧.૩૭ કરોડ (પ્રત્યેર સ્ટેશન માટે ૩૪.૪ લાખ) છે. મેટ્રો-૩ પર કુલ ૨૭ સ્ટેશનનો આ ડ્રાફ્ટ પ્લાન હોઈ સંપૂર્ણ કામ ૩૧ માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય છે.

# ₹ ત્રણ કરોડની છેતરપિંડીના કેસમાં સીબીઆઈ કોર્ટે ચારને સજા ફટકારી

મુંબઈ: ૨૦૧૨ના બનાવટી લેટર ઑફ ક્રેડિટના કેસમાં બૅન્ક ઑફ ઈન્ડિયાને ત્રણ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવા બદલ સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે બુધવારે બે જણને પાંચ વર્ષની જેલ અને અન્ય બેને ત્રણ વર્ષની જેલની સજા સંભળાવી હતી. ખાનગી કંપની ઈન્ફિનિટી ટ્રાન્સમિશનના પ્રોપ્રાયટર હરિત મહેતાને પાંચ વર્ષની જેલ અને ૩.૫૦ કરોડ રૂપિયાનો દંડ ભરવાનું કોર્ટે કહ્યું હતું.

કંપનીના ડિરેક્ટર અભય મહેતાને પણ પાંચ વર્ષની સખત કેદ અને એક કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. બૅન્કના ભૂતપૂર્વ અધિકારી મનોજકુમાર માથુર અને અન્ય આરોપી ઈલેશ શાહને ત્રણ વર્ષની જેલ સાથે બન્નેને ૫૦ હજાર રૂપિયાનો દંડ ભરવાનો આદેશ કોર્ટે આપ્યો હતો.

સ્પેશિયલ જજ અમિત ખારકરે આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા હતા. બૅન્ક ઑફ ઈન્ડિયાના તત્કાલીન સિનિયર મૅનેજર માથુર પર અન્યો સાથે ગુનાહિત કાવતરામાં સામેલ થવાનો આરોપ હતો.

# ફરી એક વખત મુંબઈમાં પૂર?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસાના આગમન પહેલા ૧૮ કિલોમીટર લાંબી મીઠી નદીનો ગાળ કાઢવા માટેના કામમાં થઈ રહેલા વિલંબ બાબતે બુધવારે થયેલી સ્થાયી સમિતિમાં નગરસેવકોએ કૉન્ટ્રેક્ટરની ગેરહાજરી અને ચોમાસાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી.

સ્થાયી સમિતિના સભ્યોએ પ્રશાસનની તૈયારીને લઈને સવાલ કર્યા હતા. મીઠી નદીનો ગાળ કાઢવાના ટેન્ડરની સમયમર્યાદા કૉન્ટ્રેક્ટર તરફથી કોઈ પ્રતિભાવ નહીં મળતા પૂરી થઈ ગઈ છે. સ્થાયી સમિતિના સભ્યોએ મીઠી નદીની સફાઈના કામ શરૂ કરવાને લઈને થયેલા વિલંબને કારણે પૂરનું જોખમ વધી શકે છે. તેમાં પણ જો ચોમાસું વહેલું આવ્યું તો મુંબઈને જળબંબાકાર થતા કોઈ રોકી શકશે નહીં.કૉંગ્રેસના પાલિકાના ગ્રૂપ લીડર અશરફ આઝમીએ પોઈન્ટ ઓફ ઓર્ડર લીધો હતો, જેમાં તેમણે કુર્લાના અમુક વિસ્તારને કેન્દ્રિત કરીને કહ્યું હતું કે મોટી ભરતી દરમ્યાન આ વિસ્તારમાં પહેલાથી પાણી ભરાતા આવ્યા છે. ભરતી દરમ્યાન આ વિસ્તારમાં બસમાં પણ પાણી ભરાઈ જતા હોય છે. તેમાં પાછું જો મીઠીની સફાઈ નહીં થઈ તો ચોમાસા દરમ્યાન નિર્માણ થનારી પૂરજનક પરિસ્થિતિનો સામનો પ્રશાસન કેવી રીતે કરશે? આ મુદ્દો અત્યંત ગંભીર હોઈ પ્રશાસને તેના પર તાત્કાલિક પગલાં લેવા આવશ્યક હોવા પર પણ તેમણે ભાર મૂક્યો હતો.શિવસેનાના નેતા અમેય ઘોલેએ કહ્યું હતું કે મીઠી નદીના પ્રવાહમાં ભરતીની અસર દાદરથી વડાલા સુધીના વિસ્તારોને થાય છે. પ્રશાસનનો આ બાબતે શું એક્શન પ્લાન છે તે બાબતે તેમણે સવાલ પણ કર્યો હતો.

ચોમાસામાં વારંવાર નિર્માણ થતી પૂરજનક પરિસ્થિતિ બાબતે કૉંગ્રેસના નગરસેવિકા ટ્યૂલિપ મિરાન્ડાએ સવાલ કર્યો હતો કે શું પ્રશાસન બીજી હોનારત આવે તેની રાહ જોઈ રહ્યું છે? છેલ્લા અનેક વર્ષોથી મીઠીની સફાઈ કરવામાં આવી રહી છે છતાં કામ શરૂ કરવામાં આટલી અડચણો કેમ આવી રહી છે.

ગયા વર્ષે કૉન્ટ્રેક્ટર સામે પોલીસમાં નોંધાયેલી એફઆઈઆરને કારણે તેઓ કામ માટે આગળ આવવામાં અચકાઈ રહ્યા છે એવો સવાલ પણ તેમણે પ્રશાસનને કર્યો હતો. રાષ્ટ્રવાદી કૉંગ્રેસના કુર્લાના નગરસેવિકાએ પણ ભારે વરસાદ અને ભરતી સમયે મીઠી નદીને કારણે તેમના વિસ્તારમાં આવતી સમસ્યાઓને લઈને પ્રશાસનને સવાલ કર્યો હતો.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ડેડલાઈન લંબાવ્યા બાદ પણ હજી સુધી કોઈ બિડર મળ્યા નથી. તેથી પ્રશાસને ફરીથી મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. અમે હવે સાત દિવસની મુદત વધારી આપી રહ્યા છે. પાલિકાને ઝોન પાંચમાં મોટા નાળાની સફાઈ માટે પણ કોઈ કૉન્ટ્રેક્ટર મળ્યો નથી, જેમાં મુખ્યત્વે એમ-પૂર્વ અને એમ-પશ્ચિમ વોર્ડનો સમાવેશ થાય છે.

# ૧૦ કરોડની ખંડણી માટે બિલ્ડરને ધમકી અને ગોળીબાર: ગૅન્ગસ્ટર રવિ પૂજારીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સેનેગલથી પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં આવેલા કુખ્યાત ગૅન્ગસ્ટર રવિ પૂજારીની ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માટે થાણેના બિલ્ડરને ધમકી અને તેની ઑફિસ પર ગોળીબાર કરાવવાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.૫૭ વર્ષના ગૅન્ગસ્ટર રવિ પ્રકાશ સુલ્યા પૂજારી ઉર્ફે રવિ પૂજારીને થાણે ક્રાઈમ બ્રાન્ચના એન્ટી એક્સ્ટોર્શન સેલના અધિકારીઓએ મંગળવારે બેંગલુરુની પૅરોપન્ના સેન્ટ્રલ જેલમાંથી તાબામાં લીધો હતો. ગુરુવારે થાણેની વિશેષ એમસીઓસીએ કોર્ટમાં તેને હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૨૭ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. કર્ણાટકના મેંગલોરમાં ઉડુપી ખાતેનો વતની પૂજારી છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદેશમાં સંતાતો ફરતો હતો. વિદેશમાંથી જ તે ભારતમાં પોતાની ટોળકી ઑપરેટ કરતો હતો. તેની વિરુદ્ધ વિવિધ ઠેકાણે ૪૪ જેટલા ગંભીર ગુના નોંધાયેલા હતા. પરિણામે તેની સામે ‘રેડ કૉર્નર’ નોટિસ ઈશ્યૂ કરાઈ હતી. દરમિયાન ૨૦૧૯માં રવિ પૂજારીને રિપબ્લિક ઑફ સેનેગલ દેશમાં પકડી પાડવામાં આવ્યો હતો. પૂજારી ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાથી તેના પ્રત્યર્પણની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૨૦૨૦માં તેને પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં આવ્યો હતો. મુંબઈ પોલીસ પછી કર્ણાટક પોલીસે તેની ધરપકડ કરી હતી. ત્યારથી તેને બેંગલુરુની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો.

થાણેના કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં ૨૦૧૭માં નોંધાયેલા કેસમાં હવે પૂજારીની ધરપકડ કરાઈ હતી. થાણેના બિલ્ડર પાસેથી પૂજારીએ ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માગી હતી. ખંડણીની રકમ ન ચૂકવે તો જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બાદમાં બિલ્ડરને ડરાવવા તેની ઑફિસ પર પૂજારીના સાગરીતોએ ગોળીબાર સુધ્ધાં કર્યો હતો. આ કેસમાં કાસારવડવલી પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૫, ૩૮૭ સહિત અન્ય કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદમાં આ કેસમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવવામાં આવ્યો હતો.

### મેયર રિતુ તાવડેની મુશ્કેલી વધી

# શિક્ષકોની મારપીટના કેસમાંથી મુક્તિ આપવાનો કોર્ટનો ઇનકાર

મુંબઈ: મુંબઈનાં નવનિયુક્ત મેયર અને ભાજપનાં નરસેવિકા રિતુ તાવડેની મુશ્કેલીમાં વધારો થયો હતો. સાંતાક્રુઝમાં મહાપાલિકાની ઉર્દૂ મીડિયમની શાળાના બે શિક્ષક સાથે મારપીટ કરવાના ૨૦૧૬ના કેસમાંથી મુક્તિ આપવાની તાવડેની અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી અને ‘આરોપ ઘડવા’ માટે શિક્ષકોનાં નિવેદનોને પૂરતા પુરાવા ગણાવ્યા હતા.તાવડેએ શિક્ષકોની મારપીટ કરી હોવાનું

અન્ય સાક્ષીદારોનું પણ કહેવું છે, એવું એડિશનલ સેશન્સ જજ વાય. પી. મનથકાએ મંગળવારે આપેલા ચુકાદામાં નોંધ્યું હતું.

ઘટના સાંતાક્રુઝ પૂર્વમાં વાકોલા ખાતે આવેલી પાલિકા સંચાલિત ઉર્દૂ મીડિયમની શાળામાં ૨૯ જુલાઈ, ૨૦૧૬ના રોજ બની હતી. ફરિયાદ પક્ષ અનુસાર કૅન્સરથી પીડિતા એક શિક્ષિકાની ‘તાત્કાલિક બદલી’ને મુદ્દે વિવાદ થયો હતો.

રિતુ તાવડે સહિત સાત જણ સ્કૂલમાં કથિત રીતે પ્રવેશ્યાં હતાં અને શિક્ષિકાની ટ્રાન્સફરને મામલે મૅનેજમેન્ટ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. શિક્ષિકા કૅન્સરથી પીડાતી હોવા છતાં તેની બદલી શા માટે કરી એવો પ્રશ્ન તેમણે કર્યો હતો. પોલીસનો આરોપ છે કે તાવડેએ મૅનેજમેન્ટને ગાળો આપી હતી અને શાળાના બે શિક્ષક પર હુમલો પણ કર્યો હતો. આ પ્રકરણે ૧૧ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધવામાં આવ્યો હતો. ૧૩ દિવસ મોડો એફઆઈઆર નોંધવા બદલ બચાવ પક્ષે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

તાવડેએ અરજીમાં દાવો કર્યો હતો કે ઘટનાસ્થળે પોતાની હાજરી યોગાનુયોગ હતી અને કથિત ઘટના સાથે પોતાને કોઈ લેવાદેવા નથી.

તેમણે દાવો કર્યો હતો કે પોતે ભાજપનાં નગરસેવિકા હોવાથી ખોટી પ્રસિદ્ધિ મેળવવા માટે શાળાનાં હેડમિસ્ટ્રેસ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

મહુવા નિવાસી હાલ મુંબઈ જુહુ જયશ્રીબેન ભરતભાઈ મહેતા (ઉં.વ. ૭૧) તા. ૧૬-૩-૨૬, સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભરતભાઈ વેણીલાલ દ્વારકાદાસ મહેતાના પત્ની. સ્વ. ચંદ્રાબેન દામોદરદાસ મગીયાના પુત્રી. નીરજ, માનસી, ધ્વનિ, અશાંકના માતુશ્રી. આરવ, માયરાના દાદીજી. વંશ, ક્રિશ્વીના નાનીજી. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૬ના શુક્રવારે ૪.૩૦ થી ૬. સ્થાન: ઈન્ડિયન મેડિકલ એસોસિએશન હોલ, જે. આર. માત્રે માર્ગ, પી. વી. આર. જુહુની બાજુમાં.

**કપોળ**

સ્વ. નંદલાલભાઈ લવજીભાઈ મહેતા મહુવાવાળાના પુત્ર કેતનભાઈના ધર્મપત્ની જાગૃતિ (ઉં.વ. ૫૯) તા. ૧૭/૦૩/૨૬ મંગળવારના મહુવા મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે રાધીના માતુશ્રી. મહેશભાઈ, કિરીટભાઈ, દિલીપભાઈના નાના ભાઈના પત્ની. શિહોરવાળા હંસાબેન નરેન્દ્રકુમાર સંઘવી તથા વર્ષાબેન રમેશકુમાર ભૂતાના ભાભી. તે ગં. સ્વ. ભારતીબેન અનંતરાય સંઘવી વેરાવળ વાળાની દીકરી.

**પરજીયા સોની**

ડેડાણવાળા (હાલ બોરીવલી) સ્વ. નટવરલાલ હરીજીનદાસ સલ્લા (ઉં.વ. ૮૬) મંગળવાર, તા. ૧૭/૦૩/૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. અમરબેન હરીજીનદાસ સલ્લાનાં સુપુત્ર. ગં. રમાબેનનાં પતિ. વિરેનભાઈ, તૃપ્તિબેન દિનેશકુમાર ધકાણ તથા ભાવનાબેન પ્રવિણકુમાર ધાણકનાં પિતાશ્રી. જયંતીભાઈ, કિશોરભાઈ, હસમુખભાઈ, વિનોદભાઈ, ઉષાબેન, ભારતીબેન, ગીતાબેનનાં મોટાભાઈ. સ્વ. ધનજીભાઈ દૂધાભાઈનાં જમાઈ. તે કિરણબેન વિરેનભાઈ સલ્લાનાં સસરા. (પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે).

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

ગં. સ્વ. મુક્તાબેન પ્રવિણભાઈ મકવાણા (ઉં.વ. ૭૪) હાલ લોઅરપરેલ રવિવાર, તા. ૧૫-૩-૨૬ના રામશરણ પામ્યા છે. તે ત્રિલોકભાઈ અને કિરીટભાઈના માતુશ્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૯-૩-૨૬ના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાકે શ્રી કરશનભાઈ લધુભાઈ જૈન ધર્મસ્થાન, દાદર વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

ધારગણી નિવાસી હાલ બોરીવલી બાવચંદભાઈ દેવચંદભાઈ રાજા (ઉં.વ. ૮૭) તે માયાબેનના પતિ. સ્વ. વૃજલાલભાઈ, વિનુભાઈ, સ્વ. બાબાભાઈ, મંગુબેન, લાભુબેન, સ્વ. મંજુબેનના ભાઈ. ભાવેશ તથા નીતા હિતેષભાઇ શાહના પિતા. ધરમપુર નિવાસી સ્વ. ધીરજલાલ વનમાળીદાસ પોપટના જમાઈ. ૧૩/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ચીખલી મોઢ વણિક**

બોરીવલી નિવાસી મૃગેનકુમાર હીરાલાલ શેઠ (ઉં.વ. ૭૫) ૧૬/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. સ્વ. ભાનુમતી હીરાલાલ શેઠના પુત્ર. કમલ, નયન, સ્વ. નિકુંજ, સ્વ. મધુસુદન, સ્વ. બક્ષિકા ઉમાકાંત ગાંધી, ગં.સ્વ. નિરીક્ષાબેન જસપાલ દેસાઈ તથા દીપિકા ભદ્રેશભાઈ શાહના ભાઈ. દિપક, ધ્રુપદ, સ્વ. રક્ષા હેમેન્દ્ર ફડીયાના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડેડાણવાળા, સ્વ. મંજુલાબેન ચંપકલાલ મહેતાના પુત્ર અજીતભાઈ (ઉં.વ. ૭૪) તે દિવ્યાબેનના પતિ. મિતેષ, મિહિરના પિતા. ગોપીના સસરા. પારૂ કિશોરભાઈ દોશી, જીતેન્દ્ર, રાજેશ અને સ્વ. કમલેશના ભાઈ. મહુવાવાળા સ્વ. અમૃતલાલ જીવણલાલ લહેરીના જમાઈ. શનિવાર, તા. ૧૪/૩/૨૬ના અમેરિકા મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. બચુબાઈ આણંદજી કાનજી રૂપારેલ કચ્છ ગામ સંઘડ હાલે ગોંદીયાવાળાના પુત્રવધૂ સ્વ. મંજુલાબેન (ઉં.વ. ૭૭) તા. ૧૭-૩-૨૬ મંગળવારના રામશરણ પામેલ છે. તે સ્વ. મોરારજીના પત્ની. સ્વ. અમૃતબેન રાઘવજી વીરજી સોમૈયા કચ્છ ગામ તુણા હાલે ઘાટકોપરના મોટાપુત્રી. વિનય તથા સ્વ. રાજેશના માતૃશ્રી. અરુણાબેન તથા મનિષાબેનના સાસુમા. વૈભવ, વિવેક તથા તેજસના દાદીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૬ ગુરૂવારના સાંજના ૫ થી ૭. રામદેવરા ગોંદીયા મધ્યે રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**મોચી**

ગામ હાથબ, હાલ મુંબઈ, સ્વ. મંછાબેન માણેકભાઈ ચાવડાના દિકરા સ્વ. હરકિશનભાઈના ધર્મપત્નિ ગં.સ્વ. વાસંતીબેન હરકિશનભાઈ ચાવડા (ઉં.વ. ૬૪) તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ધનીબેન પરશોત્તમભાઈ વાઘેલાના દિકરી. મેહુલ, કવિતા, હર્ષા, હિતેશના મમ્મી. દિપ્તી, ધર્મેશ, રાકેશ, નિકિતાના સાસુ. ક્રિશા, જય, મિહિર, હિતાંશના દાદી. તેમનું બેસણું ૨૦-૩-૨૬, સાંજે ૪ થી ૬ ક્રિષ્ણાબાગ, ૧-લો પારસી વાડા, ચંદ્ર-મૌલેશ્વર મંદિરની સામે, મુંબઈ-૪.

## પારસી મરણ

બમન નવરોજી કુપર તે મરહુમ આરમઈતીના ધની. તે મરહુમો સારાહ નવરોજી કુપરના દીકરા. તે ઝીનયા ને જ્યુબીનના પપ્પા. તે રયોમંદના જમાઈ. તે મરહુમો અદીલ, સોલી, બમન, આલુ, માનેક, મીનુ ને ફલીના ભાઈ. (ઉં.વ. ૮૮). રહેવાનું ઠેકાણું: ૬૨૧ ખુશ વીલા, ખરેઘાટ રોડ, દાદર પારસી કોલોની, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા તા. ૧૯-૩-૨૦૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

કેટી મીનુ પટેલ તે મરહુમો નાજામાય મીનુ પટેલના દિકરી. તે મરહુમ રુબીના બહેન. તે મર્ઝબાન, શેરનાઝ, ફીરોઝાના માસી. (ઉં.વ. ૮૪). રહેવાનું ઠેકાણું: વિક્ટરી બ્લોકસ કો. હા. સો. લિમિટેડ, બી બ્લોક, બીજે માળે, ફ્લેટ નં. ૧૧, ૩૧ હીલ રોડ, બાંદ્રા પોલીસ સ્ટેશન પાછળ, બાંદ્રા, મુંબઈ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા તા. ૧૯-૩-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે કરાની અગિયારીમાં છેજી.

ડૉ. હવોવી હોમી મિસ્ત્રી તે ફરહાદ ફરોખ કાપડીયાના ધણીયાની. તે માનેક તથા હોમી મિસ્ત્રીના દીકરી. તે પાશમીરા ફરહાદ કાપડીયાના મમ્મી. તે મરહુમો નરગીશ તથા ફરોખ કાપડીયાના વહુ. તે મરહુમો દીનામાય તથા દારબશાહ મિસ્ત્રી તથા મરહુમ રતી મલાવના ગ્રેન્ડ ડોટર. (ઉં.વ. ૫૩). રહેવાનું ઠેકાણું: બી-૧, ફ્લેટ નં. ૧૦૪, પંથકી કોલોની, વિશાલ હોલની સામે, અંધેરી પૂર્વ, મુંબઈ-૪૦૦૦૬૯.

## પાયદસ્ત

આદર હોમી સીધવા તે મરહુમ જરુના ધની. તે મરહુમો રતનબાઈ હોમી સીધવાના દીકરા. તે ફિરદોશના પપા. તે પરસીસના સસરા. તે દોલી તથા મરહૂમો પોલી, પીલુ, માનેક ને રુસીના ભાઈ. તે મરહુમો હીલ્લા જાહાબક્સ રાનદેલીયાના જમાઈ. (ઉં.વ. ૮૮), ઠે. ૫૯૮-સી વાદીયા બિલ્ડિંગ, ભોઈ તળે, જગન્નાથ શંકરસેઠ રોડ, ચીરા બજાર, વાદીયાજી આતશ બેહરામ પાછળ, મુંબઈ-૪૦૦ ૦૦૨. પાયદસ્ત: તા. ૧૯/૦૩/૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે ઉપરની ભાભા નં. ૬માં ડુંગરવાડી પર. ઉઠમણાની ક્રિયા: તા. ૨૦/૦૩/૨૦૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે વાદીયાજી આતશ બેહરામમાં.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ મુલુંડ સ્વ. ખાંતિલાલ ભગવાનદાસના પુત્ર સ્વ. કિર્તીભાઈના પત્ની પારુલ (ઉં.વ. ૬૧) સ્વર્ગવાસ તા. ૧૭/૩/૨૬, મંગળવારના રોજ થયેલ છે. તે વૈભવના મમ્મી. રુચિકાના સાસુ. તે જીતુભાઈ ખાંતિલાલ, મુકેશભાઈ ખાંતિલાલ અને હર્ષાબેન હરેશકુમારના ભાભી હાલ વલસાડ. તે સ્વ. તારામતી જયંતીલાલ મહેતા ખાંભા વાળાની દીકરી હાલ ચુનાભઠ્ઠી. તે શીલાબેન મહેશભાઈ, વર્ષાબેન રાજુભાઈ, ઈલાબેન શૈલેષકુમાર તથા રીટાબેન સુરેશકુમારના બેન તેમની સાદડી શુક્રવાર, તા. ૨૦/૩/૨૬ના રોજ બપોરના ૩થી ૫માં રાખેલ છે. સ્થળ: હોટલ ટીપ ટોપ પ્લાઝા, ચેકનાકા પાસે, થાણા.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની ખાખરના અનિલ દેઢિયા (ઉં.વ. ૬૫), ૧૬-૩ના સોમવારે અવસાન પામેલ છે. માતુશ્રી લાછબાઈ કુંવરજી કરમશીના સુપુત્ર. મીતાના પતિ. નોરિનના પિતા. નેમજી, વિરેન્દ્ર, ખુશાલ, જીતેન્દ્ર, ચંપા, કાંડાગરાના ઝવેરબેન પોપટલાલ, મો.આસંબિયાના પુષ્પાબેન નવિનચંદ્રના ભાઈ. ભુજપુરના ધનવંતીબેન હંસરાજ હીરજી માલદેના જમાઈ. પ્રા.શ્રી વ.સ્થા.જે.શ્રા.સં. સં.કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦. તા. ૧૯/૩/૨૬. ચક્ષુદાન કરેલ છે.

ભોજાયના ખેતશી પાસડ (ઉં.વ. ૮૦) તા. ૧૬-૩-૨૬ના મુંબઇમાં અવસાન પામેલ છે. માતુશ્રી મોંઘીબેન કેશવજી જીવરાજ પાસડના સુપુત્ર. ધનવંતીના પતિ. રીટા, મિત્તલના પિતા. સ્વ. ખીમજી, હસમુખ, સ્વ. પુરબાઇ, ગં.સ્વ. લખમીના ભાઇ. ભોજાયના સ્વ. મુલબાઇ ભીમશી હંસરાજના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મિત્તલ કિશોર ગુરવ, એ/૬૦૫, એન.જી. કેનેરી, હાટકેશ, મીરા રોડ-૪૦૧૧૦૭.

# વિપક્ષનો વિધાનસભામાંથી વોકઆઉટ

મુંબઈ: મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ બાકી ચૂકવણીના મુદ્દે વિપક્ષી સભ્યોએ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભામાંથી વોકઆઉટ કર્યું હતું અને એવો આરોપ લગાવ્યો હતો કે છેલ્લા ઘણા વર્ષોથી ખેડૂતોને બાકી રકમ મળી નથી.પ્રશ્નકાળ દરમિયાન ભાજપના વિધાનસભ્ય નારાયણ કુચે દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જેમણે કહ્યું હતું કે તેમના મતવિસ્તારમાં આ યોજના હેઠળ લગભગ ૬૦૦ કુવા ખોદવામાં આવ્યા હતા, જેમાં ઘણા ખેડૂતોએ કામ પૂરું કરવા માટે લોન લીધી હતી. જ્યારે અકુશળ મજૂરો માટે ચૂકવણી કરવામાં આવી હતી, ત્યારે કુશળ કામગારો માટેની બાકી રકમ હજુ પણ બાકી છે, એમ તેમણે જણાવ્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે રાજ્યના ઘણા ભાગોમાં આવી જ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. જવાબમાં રાજ્યકક્ષાના પ્રધાન શંભુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે કુશળ કામ માટેની બાકીની રકમ લગભગ ૨,૮૦૦ કરોડ રૂપિયા છે, જેમાંથી અત્યાર સુધીમાં લગભગ ૧,૦૩૫ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે.કેન્દ્રએ ચાર મહિના પહેલા ‘સ્પર્શ’ નામની એક નવી સિસ્ટમ રજૂ કરી હતી, જે હેઠળ રાજ્યનો હિસ્સો કેન્દ્ર દ્વારા તેનો હિસ્સો રિલીઝ કર્યા પછી જમા કરવામાં આવશે, ત્યારબાદ ભંડોળ સંયુક્ત રીતે લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવશે. આ સિસ્ટમ એક મહિનાની અંદર સ્થિર થશે અને બાકી ચૂકવણીઓ ચૂકવવામાં આવશે, એવી તેમણે ખાતરી આપી હતી. કોંગ્રેસના વિધાનસભ્ય નીતિન રાઉતે ખાસ કરીને ગઢચિરોલી જેવા જિલ્લાઓમાં, જ્યાં મનરેગા આજીવિકાનો મુખ્ય સ્રોત છે, તાત્કાલિક બાકી ચૂકવણીની માગણી કરી હતી. કોંગ્રેસના નાના પટોલેએ આરોપ લગાવ્યો હતો કે કેટલાક ખેડૂતોને ચાર વર્ષથી ચૂકવણી મળી નથી અને સવાલ કર્યો હતો કે શું વિલંબિત ચૂકવણી વ્યાજ સાથે કરવામાં આવશે.

એનસીપીના ધારાસભ્ય પ્રકાશ સોલંકેએ રાજ્યભરમાં કુલ બાકી ચૂકવણીની વિગતો માગી હતી.

શિવસેના (યુબીટી)ના ભાસ્કર જાધવે ભાજપની આગેવાની હેઠળની સરકારની ટીકા કરતા કહ્યું હતું કે ગરીબ ખેડૂતોને વર્ષો સુધી ચૂકવણીમાં વિલંબ કરવો અન્યાયી છે.


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## ‘મેન કેવ’ થી ‘મેન ટોક’ સુધી... આધુનિક પુરુષની એકલતા ને તેનો ઉકેલ




આજના ભૌતિકવાદી યુગમાં જ્યાં દુનિયા મુઠ્ઠીમાં હોવાનો દાવો કરવામાં આવે છે ત્યાં એક વિરોધાભાસી સત્ય એ છે કે માણસ અંદરથી વધુને વધુ એકલો પડી રહ્યો છે તાજેતરમાં ‘વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)’ દ્વારા ‘એકલતા’ને એક વૈશ્વિક સ્વાસ્થ્ય જોખમ તરીકે જાહેર કરવામાં આવી છે, જેની અસર ધૂમ્રપાન કે સ્થૂળતા જેટલી જ ઘાતક મનાય છે. આ સમસ્યા સ્ત્રી-પુરુષ બંનેમાં જોવા મળે છે, પરંતુ પુરુષોના કિસ્સામાં તે એક ‘સાયલન્ટ એપિડેમિક’ એટલે કે શાંત રોગચાળા જેવી છે. સદીઓથી પુરુષત્વની જે વ્યાખ્યાઓ ઘડવામાં આવી છે, તેમાં ‘સહનશક્તિ’ અને ‘મૌન’ને આભૂષણ માનવામાં આવ્યા છે. ‘‘પુરુષો રડે નહીં’’ અથવા ‘‘પુરુષોએ મજબૂત દેખાવું જોઈએ’’ જેવી સામાજિક માન્યતાઓએ આધુનિક પુરુષને એક એવી દીવાલ પાછળ ધકેલી દીધો છે, જ્યાં તેની પાસે સુખ-સુવિધાઓ તો છે, પણ સંવાદનું કોઈ સરનામું નથી. આ સ્થિતિ તેને પોતાની પર્સનલ ‘મેન કેવ’ એટલે કે માનસિક ગુફામાં કેદ કરી દે છે, જ્યાંથી બહાર નીકળવા માટે હવે ‘મેન ટોક’ એટલે કે પારદર્શક સંવાદની અનિવાર્યતા ઊભી થઈ છે.

ઇતિહાસનાં પાનાઓ તપાસીએ તો જણાશે કે પૂર્વજોના સમયમાં પુરુષોના સમૂહજીવનનાં ચોક્કસ માળખાં હતાં. ચોરે બેસીને થતી વાતો હોય, પંચાયતની ચર્ચાઓ હોય કે શિકાર પર સાથે જવું હોય આ બધી પ્રવૃત્તિમાં એક સહજ જોડાણ હતું, પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ અને ત્યારબાદ આવેલી ડિજિટલ ક્રાંતિએ પુરુષને વ્યક્તિગત સ્પર્ધામાં ઉતારી દીધો. આજે સફળતાનો માપદંડ કેવળ આર્થિક સદ્ધરતા બની ગયો છે. કરિયરની આ આંધળી દોટમાં પુરષ ઘણીવાર પોતાની આસપાસના સામાજિક વર્તુળને હોમી દેતા હોય છે. ઓફિસના કેબિનમાં બેઠેલો ઉચ્ચ અધિકારી હોય કે દિવસ-રાત ડિલિવરી માટે દોડતો યુવાન, બંનેમાં એક સામ્ય છે - તેમના ફોનમાં સેંકડો કોન્ટેક્ટ્સ છે પણ જેની સાથે દિલ ખોલીને વાત કરી શકાય તેવા સાચા મિત્રોની સંખ્યા કદાચ શૂન્યની નજીક છે. આ સામાજિક છૂટાછેડા તેને અંદરથી ખોખલો કરી રહ્યા છે.


પુરુષોમાં એકલતા વધવાનું એક મુખ્ય કારણ ‘ઇમોશનલ સપ્રેસન’ એટલે કે ભાવનાઓનું દમન છે. નાનપણથી જ છોકરાઓને શીખવવામાં આવે છે કે લાગણીશીલ બનવું એ નબળાઈની નિશાની છે. આ કેળવણી તેને પુખ્ત વયે પોતાની પીડા કે ચિંતા વ્યક્ત કરતા અટકાવે છે. જ્યારે કોઈ સ્ત્રી મુશ્કેલીમાં હોય ત્યારે તે પોતાની સખીઓ સાથે વાત કરીને મન હળવું કરી લે છે, પરંતુ પુરુષ અંદરખાને મુંઝાયા કરે છે. તેને લાગે છે કે જો તે પોતાની નબળાઈ બતાવશે તો તેની ‘પ્રોવાઈડર’ કે ‘પ્રોટેક્ટર’ તરીકેની ઈમેજ ખરડાશે. પરિણામે, તે પોતાની સમસ્યાઓ સાથે એકલો લડે છે. આ એકલતા ધીમે ધીમે એન્ઝાયટી, ડિપ્રેશન અને ઊંઘની બીમારીઓ તરફ દોરી જાય છે. આધુનિક વિજ્ઞાન કહે છે કે જ્યારે લાગણીઓ શબ્દોમાં બહાર નથી આવતી ત્યારે તે બ્લડ પ્રેશર કે હૃદયરોગના સ્વરૂપમાં શરીરમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરે છે.

આધુનિક ટેક્નોલોજીએ આ સમસ્યાને વધુ જટિલ બનાવી છે. સોશિયલ મીડિયા પર દેખાતી ’પરફેક્ટ લાઈફ’ના દબાણ હેઠળ જીવતો પુરુષ પોતાની વાસ્તવિક જિંદગીને તેની સાથે સરખાવવા લાગે છે. ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ પર મિત્રોના વેકેશનના ફોટા જોઈને તેને પોતાની જિંદગી વધુ એકલવાઈ લાગે છે. ડિજિટલ નેટવર્કિંગે ભૌતિક નિકટતા છીનવી લીધી છે. પહેલાના સમયમાં કામના થાક પછી મિત્રો સાથે બેસીને થતી મજાક-મસ્તી એક ‘સ્ટ્રેસ બસ્ટર’ તરીકે કામ કરતી હતી, જ્યારે આજે સ્માર્ટફોન પરની ચેટિંગ માત્ર માહિતીની આપ-લે બનીને રહી ગઈ છે. તેમાં ન તો સ્પર્શની ઉષ્મા છે, ન તો આંખોમાં જોઈને અનુભવાતી સંવેદના.

આવી એકલતાનો ઉકેલ કોઈ દવામાં નથી, પણ વ્યવહારિક બદલાવમાં છે. હવે સમય પાકી ગયો છે કે પુરુષો પોતાની ‘મેન કેવ’માંથી બહાર આવે અને ‘મેન ટોક’ની શરૂઆત કરે. આનો અર્થ એ નથી કે કલાકો સુધી રડવું, પરંતુ મનની મુંઝવણને કોઈ ભરોસાપાત્ર વ્યક્તિ સાથે શેર કરવાની હિંમત કેળવવી. પુરુષોમાં મિત્રતાનું નવું સ્વરૂપ વિકસાવવાની જરૂર છે, જ્યાં વાતચીત માત્ર રમતગમત, પોલિટિક્સ કે બિઝનેસ પૂરતી મર્યાદિત ન હોય, પણ વ્યક્તિગત સંઘર્ષો વિશે પણ હોય. ઘણીવાર માત્ર એટલું કહેવું કે ‘‘આજે મારો દિવસ સારો નહોતો રહ્યો ‘એ પણ ભારે માનસિક ભાર હળવો કરી દે છે. આ માટે ખાસ કરીને પિયર ગ્રૂપ (સમાન વયના મિત્રો) ની ભૂમિકા મહત્ત્વની છે. પુરુષોએ જ પુરુષો માટે એવું વાતાવરણ તૈયાર કરવું પડશે, જ્યાં કોઈ બીજાને જજ ન કરે.

સમાજ અને પરિવારે પણ આ દિશામાં સક્રિય થવું પડશે. એક પિતા, પતિ કે પુત્ર તરીકે જ્યારે પુરુષ પોતાની નબળાઈ વ્યક્ત કરે ત્યારે તેને સાંભળવો અને સમજવો જરૂરી છે. તેને એ વાતનો અહેસાસ કરાવવો જોઈએ કે ભાવનાત્મક હોવું એ સ્ત્રીત્વ નથી પણ માનવતા છે. જો આપણે એક તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવું હોય તો પુરુષોના માનસિક સ્વાસ્થ્યને ગંભીરતાથી લેવું પડશે. આર્થિક સફળતા જો માનસિક શાંતિ ન આપી શકતી હોય તો તે અધૂરી છે. જીવનની સાંજ જ્યારે પડે છે ત્યારે માણસ પાસે તેની મિલકત નહીં પણ તેણે જાળવેલા સંબંધો જ તેને એકલતાના અંધકારમાંથી બહાર કાઢે છે.

આખરે આ માટે ઉકેલ એ છે કે આપણે સંવાદના જૂના રસ્તાઓ ફરીથી ખોલીએ. વીકએન્ડમાં માત્ર પબ કે મોલમાં જઈને ભીડનો હિસ્સો બનવાને બદલે કોઈ જૂના મિત્રને મળીને તેની સાથે નિખાલસ વાતો કરવી જોઈએ. શોખ કે હોબી ગ્રૂપ્સમાં જોડાવું જોઈએ જ્યાં કામ સિવાયની વાતો થઈ શકે. જ્યારે પુરુષ પોતાની અંદરના સંઘર્ષને શબ્દો આપતા શીખશે, ત્યારે જ તે સાચા અર્થમાં મુક્ત થશે. ‘મેન કેવ’ એ રક્ષણ માટે હોઈ શકે છે, પણ કાયમી વસવાટ માટે નહીં. આધુનિક પુરુષે એ સમજવું પડશે કે બીજાની મદદ માગવી એ હાર નથી, પણ પોતાની જાતને સાચવવાની એક બહાદુરીભરી શરૂઆત છે. મૌનની જે સાંકળ તેને જકડી રાખે છે, તેને તોડવાનો એકમાત્ર રસ્તો સંવાદ છે જે માત્ર જીવનને લાંબુ જ નહીં પણ જીવવા લાયક પણ બનાવે છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## લવ હોય કે વૉર... બોમ્બિંગ નુકસાન જ કરે છે

*ડિયર હની,*

*આ નવી પેઢીમાં શું શું બની રહ્યું છે? એમના જીવનમાં બ્રેક- અપ અને પેચ- અપ સાવ સામાન્ય ઘટના બની ગઈ છે. પેલી ભાડે વાહન આપતી કંપનીની જાહેરાત જોઈ છે ને? એમાં એક છોકરી પોતાના બ્રેક -અપથી દુ:ખી છે ને બીજી રાજી થાય છે. બ્રેકઅપના તો ગીત પણ બને છે અને એ પાછા લોકપ્રિય પણ થાય છે.*

*આ નવી પેઢી પ્રેમને સમજે છે શું? એવો પ્રશ્ન કેટલાક કિસ્સા બને ત્યારે થાય છે.*

*રાજકોટના એક કિસ્સામાં ‘એઈમ્સ’માં એક ડોકટરે આપઘાત કર્યો અને સુસાઈડ નોટમાં એણે કેટલાક સાથીઓ વિષે લખ્યું કે, એ બધાએ એને કેટલો પરેશાન કર્યો હતો. એમાં એણે એક દીકરીની નામ લખી કહ્યું કે, ‘ ફલાણાએ એના પર લવ બોમ્બિંગ કર્યું ....’*

*મને તો સમજમાં જ ના આવ્યું કે, આ લવ બોમ્બિંગ છે કઈ બલા? તને ખબર છે? પછી ખાખાખોળા કર્યા એટલે સમજાયું કે, સંબંધોમાં ઉપયોગમાં લેવાતી એક ભાવનાત્મક છેતરપિંડી કે મેનિપ્યુલેશનની એક ટેકનિક છે લવ બોમ્બિંગ...! સરળ ભાષામાં કહીએ તો, જ્યારે કોઈ વ્યક્તિ સંબંધની શરૂઆતમાં જ સામેની વ્યક્તિ પર પ્રેમ, વખાણ, સરપ્રાઈઝ અને અટેન્શનનો વરસાદ કરી દે, તેને ‘લવ બોમ્બિંગ’ કહે છે. તેનો હેતુ પ્રેમ કરવાનો નહીં, પણ સામેની વ્યક્તિને પોતાના કાબૂમાં લેવાનો હોય છે.*

*મને મારા કોલેજના દિવસો યાદ આવી ગયા. મારી એ કોલેજમાં ગ્રામીણ વિસ્તારની યુવતીઓની સંખ્યા સવિશેષ રહેતી, કારણ કે એ બસ સ્ટેન્ડથી નજીક હતી. અહીં આવતી યુવતીઓ એ સમયમાં સાવ ભોળી અને કેટલાક વિદ્યાર્થીઓ એનો ગેરલાભ લેતા. આવી યુવતીને કોઈ વસ્તુ ભેટ આપે. ખાસ કરીને બ્યુટી પ્રોડક્ટ. પેલી યુવતી રાજીરાજી, કારણ કે, ગામડામાં એવી ચીજ ત્યારે મળતી નહોતી. પછી પેલા વિદ્યાર્થી એનો ગેરલાભ લેતા. એમાંથી ઝઘડા થયાના કિસ્સા પણ બન્યા હતા.*

*આજે રીતભાત બદલાઈ છે પણ એ વખતે મને ખબર નહોતી કે, એને ‘લવ બોમ્બિંગ’ કહેવાય. આજના યુવાનો શું કરે છે? આ યુવાનો સબંધોને લઈને બહુ ઝડપી હોય છે. સંબંધ શરૂ થયાના થોડા દિવસોમાં જ ‘આઈ લવ યુ’ કહેવું, લગ્નના સપના બતાવવા અથવા જીવનભર સાથે રહેવાના મોટા વાયદા કરવા. સામેની વ્યક્તિને એવું લાગે કે તે દુનિયાની સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ છે. અલબત, ઘણીવાર એવું ય બને કે, આવા વખાણ અકુદરતી કે ખોટા લાગી શકે છે. પછી એ યુવાન પેલી યુવતીને દિવસ-રાત મેસેજ કે ફોન કરવા લાગે છે. જો તમે તરત જવાબ ન આપો તો સામેની વ્યક્તિ ગુસ્સે થઈ જાય અથવા તમને અપરાધીભાવ અનુભવ કરાવે. એટલું જ નહિ, લવ બોમ્બર ઘણીવાર સામેની વ્યક્તિને તેના મિત્રો કે પરિવારથી દૂર કરવાનો પ્રયાસ કરે છે, જેથી તે વ્યક્તિ સંપૂર્ણપણે તેમના પર જ નિર્ભર થઈ જાય. બાકી જરૂર કરતાં વધારે મોંઘી કે પછી ઢગલાબંધ ગિફ્ટ આપે એટલે સામેની વ્યક્તિ એના ઝાંસામાં આવી જાય મેં કેટલાક યુવાનો પાસેથી જાણ્યું કે, શું શું થાય છે. શરૂઆતમાં આ બધું ખૂબ જ સુંદર અને રોમેન્ટિક લાગે છે, જેને ‘હનીમૂન પિરિયડ’ કહે છે. જોકે એકવાર તમે ભાવનાત્મક રીતે તેમની સાથે જોડાઈ જાઓ, પછી તેમનું વર્તન બદલાઈ જાય છે. એ તમને કંટ્રોલ કરવાનું શરૂ કરે છે. તમારી ટીકા,-આકરી ટીકા કરે અથવા ભાવનાત્મક રીતે તમને હેરાન કરે. એટલું જ નહિ, સંબંધમાં માનસિક હિંસા કે દબાણ લાવે છે.*

*આને પ્રેમ થોડો કહેવાય... ?*

*મારે એક કિસ્સો તને કહેવો છે. હું હોસ્ટેલમાં હતો ત્યારનો કિસ્સો છે. કોલેજમાં ભણતા એક યુવાન અને યુવતીને પ્રેમ થયો. બંનેની જ્ઞાતિ અલગ એટલે વિવાદ થયો. પછી એમણે શું કર્યું ખબર છે? બંનેએ એકબીજાના પરિવારને સમજાવ્યા કે એ બંને એકબીજા માટે એકદમ પરફેક્ટ છે. પેલી યુવતી યુવકના ઘેર થોડો સમય ઘરના સભ્યની જેમ રોકાઈ અને બધાના દિલ જીતી લીધા. ખાસ્સો સમય આ રીતે બંને વચ્ચે પ્રેમ પાંગરતો રહ્યો. આખરે બંનેએ લગ્ન કર્યા, પરિવારોની સંમતિ સાથે. આજે ય આ યુગલ બહુ સુખી છે.*

*આજની યુવતીઓએ ચેતી જવા જેવું છે. કેટલીક તકેદારી રાખવી જ જોઈએ. જો તમને શરૂઆતથી જ કંઈક અજુગતું લાગતું હોય તો તમારા મનનું સાંભળો. કોઈ વ્યક્તિ ખૂબ જ ઝડપથી દબાણ કરે તો તેને પ્રેમથી પણ મક્કમતાથી કહો કે તમે સંબંધમાં ધીરે ધીરે આગળ વધવા માંગો છો. પોતાના સબંધને પૂરતો સમય આપવો જરૂરી હોય છે. ઉપરાંત, તમારા નજીકના મિત્રો અને પરિવાર સાથે સંપર્ક જાળવી રાખો, જે તમને સાચી પરિસ્થિતિ સમજવામાં મદદ કરી શકે. આજની ફિલ્મોમાં એવી રીતે પ્રેમની વાતને રજૂ કરવામાં આવે છે જે જીવાતી જિંદગીમાં શક્ય બનતું નથી. એટલું સમજવું રહ્યું કે, સાચો પ્રેમ ધીરજ માગે છે, જ્યારે લવ બોમ્બિંગમાં ઉતાવળ અને દબાણ હોય છે. લવ હોય કે વૉર... બોમ્બિંગ નુકસાન જ કરે છે.*

*તારો બન્ની*

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## મન હોય તો માત્ર માળવે જ નહીં... ઈચ્છો ત્યાં પણ જવાય !




દરેકને નાનપણથી કોઇક શોખ તો હોય જ છે. કોઇને સ્પોર્ટસમાં, કોઇને ગાવાનો, કોઇને ડાન્સ કરવાનો શોખ હોય તો કોઇને રસોઇ કરવાનો ...

દરેક શોખ પોતાની રીતે યુનિક છે. મહિલાઓને વિશેષ કરીને ગુજરાતી મહિલાઓને નૃત્ય-ગાયન-સાહિત્યનો શોખ વધુ કરીને હોય છે. ગુજરાતી સ્ત્રીઓ રમતગમતના ક્ષેત્રે પ્રમાણમાં ઓછો રસ લે છે. કોઇ પણ શોખ હોવો એ અહોભાગ્ય જ છે. સ્ત્રીને નાનપણમાં તો અનેક વિષયમાં રસ-હોય ખાસ શોખ હોય, પરંતુ મોટેભાગે એવું બને છે કે લગ્ન પછી સ્ત્રી ઘર-પતિ-પરિવાર અને પછી બાળકોમાં એટલી તો ઓતપ્રોત થઇ જાય છે કે એક જમાનામાં એને કોઇ શોખ હતો એ વાત જ ભૂલી જાય છે અને આમેય એની પાસે પોતાનો શોખ પૂરો કરવાનો સમય જ ક્યાં હોય છે? એનો સમય તો પરિવારનો સમય છે.

મુંબઇમાં રહેતાં રીટાબહેન સાથે પણ એવું જ બન્યું. નાનપણથી જ એમને ડાન્સનો શોખ. સ્કૂલનાં કાર્યક્રમોમાં ભાગ લેતાં હતાં, પણ કમનસીબે જે શિક્ષિકા બહેન ભારત નાટયમ્ શીખવતાં હતાં તેમનાં લગ્ન થઇ ગયાં અને રીટાબહેનનું કલાસમાં જવાનું બંધ થઇ ગયું. પછી કોલેજના કાર્યક્રમમાં પણ એ ભાગ લેતાં રહ્યાં. વિવિધ મંડળોના રાસ-ગરબામાં પણ ભાગ લેતાં રહ્યાં. પણ પછી રાબેતા મુજબ દરેક સ્ત્રી સાથે બને છે તેમ જ બન્યું રીટાબહેન સાથે. હા, સારો વર-સારું ઘર જોઇને રીટાબહેનને સાસરે વળાવી દીધાં તેમનાં માતા-પિતાએ પછી તો રીટાબહેન ઘરપરિવારમાં વ્યસ્ત થઇ ગયાં. વળી રીટાબહેન પોતે કામ પણ કરતાં હતાં. ઇન્સ્યુરન્સ એજન્ટ તરીકે વ્યસ્ત હતાં. આ બધા વચ્ચે ડાન્સ કરવાનું ક્યાંથી યાદ આવે? ડાન્સનો શોખ નવરાત્રિ પૂરતાં સીમિત થઇ ગયો.

રીટાબહેને પોતાની પુત્રીને ભરત નાટયમ્ શીખવા મૂકી. એમને થયું કે દીકરી સાથે પોતે પણ ડાન્સ શીખવાનું શરૂ કરશે, પણ એવું ન બન્યું.... બેવડી જવાબદારીની વ્યસ્તતાને કારણે રીટાબહેન ભારત નાટયમ આગળ શીખી ન શકયા. દીકરીએ ભરત નાટયમ્‌ની તાલીમપૂર્ણ કરીને આરંગેત્રમ પણ કર્યું. રીટાબહેનની ઇચ્છા મા-દીકરી સાથે આરંગેત્રમ કરીશું એવી હતી પણ આપણી બધી ઇચ્છાઓ થોડી પૂરી થાય છે ? આરંગેત્રમ કરવાની રીટાબહેનની ઇચ્છા મનની મનમાં રહી ગઇ, પણ મનનાં એક ખૂણે એ ઇચ્છા લપાયેલી તો હતી જ.

સમય જતાં રીટાબહેન ૬૨વર્ષનાં થયાં અને ઘૂંટણનો દુખાવો શરૂ થયો, ઘૂંટણની સર્જરી થઇ. રીટાબહેનને થયું હવે ખલાસ હવે તો ડાન્સ કરી જ નહીં શકાય, પણ મજબૂત મનોબળવાળાં રીટાબહેન હારે તેમ ન હતા. તેમણે યોગ શીખવાનું શરૂ કર્યું. યોગના આસનોથી તેમને ઘણો ફાયદો થયો. પછી લૉકડાઉન આવ્યું. એ વખતે રીટાબહેનની ઉંમર ૬૪ વર્ષની લોકડાઉન દરમિયાન રીટાબહેન સાથે બીજી બે મહિલાઓ જ પણ સાઇઠ પ્લસ ઉંમરની હતી એ પણ ભારત નાટયમ શીખતી હતી. આમ લૉકડાઉન દરમિયાન રીટાબહેને સારું એવું જ્ઞાન ભરત નાટયમ્‌માં મેળવ્યું.

લૉકડાઉન પૂરું થયા પછી રીટાબહેન અને બીજી જે બહેનો ઓનલાઇન તેમની સાથે શીખતી હતી તેમણે નક્કી કર્યું કે હવે આપણે કોઇ નૃત્યુ ગુરુને શોધીને ફિઝિકલ ડાન્સ શીખીએ. ત્રણેયે એક જ ગુરુ પાસે શીખવાનું શરૂ કર્યું. ફરીથી રીટાબહેન અઢી વર્ષ સુધી ડાન્સ શીખ્યાં.

પેલી બીજી બે મહિલા જેમને આપણે હર્ષા અને સ્મિતા કહીશું, એ બંને પણ શીખ્યા, હવે ત્રણેયની ઇચ્છા આરંગેત્રમ કરવાની. ગુરુ મીતાબહેનના માર્ગદર્શન હેઠળ ત્રણ મહિનાની સતત અને સખત પ્રેક્ટિસ પછી આ ત્રણેય બહેનોએ સાથે આરંગેત્રમ કરવાનું નક્કી કર્યું. એ સમયે રીટાબહેનને ૭૦મું વર્ષ ચાલતું હતું, હર્ષાબહેનને ૬૬મું અને સ્મિતાબહેનને પણ ૬૬મું વર્ષ ચાલતું હતું. હવે આ બહેનોના માથેથી ઘર પરિવારની જવાબદારી ઓછી થઇ હતી. તેથી તેમણે જોયેલા સ્વપ્નને સાકર કરવાનું નક્કી કરી જ લીધું. મન હતું તો માળવે જવા તૈયાર થઇ ગયા. આટલી મોટી ઉંમરે સ્ટેજ પર પરફોર્મન્સ આપવો એ સરળ વાત ન હતી. પણ તેમના સિક્સ્ટી પ્લસના નૃત્ય ગુરુ મીતાબહેનના પ્રોત્સાહન અને આ બહેનોની ધગશને કારણે આ કપરું કામ સરસ રીતે પાર પડયું. આ ઉંમરે આ બહેનોએ જે ડાન્સ કર્યો કે ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યું.

રીટાબહેને તો કાલાઘોડા ફેસ્ટિવલમાં સંદીપ સોપરકરના ગ્રૂપ સાથે પણ ડાન્સ કર્યો છે. એ ટ્રેકિંગ પણ કરે છે. આજે પણ પોતાની સોસાયટીમાં વારતહેવાર કાર્યક્રમનું આયોજન થાય તેમાં રીટાબહેન મોટી ઉંમરની બહેનોને ડાન્સ શીખવીને ડાન્સનો કાર્યક્રમ ગોઠવી જ દે છે. મોટી ઉંમરે પણ તમે તમારા શોખ, તમારા સ્વપ્નાં પૂર્ણ કરી શકો છો એનું ઉદાહરણ છે રીટાબહેન.... ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારી મા મુશ્તરીબાઈ ફૈઝાબાદની એક જાણીતી તવાયફ હતી...

નામઃ બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)
સમયઃ ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળઃ (વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ) અમદાવાદ
ઉંમરઃ ૬૦ વર્ષ

**અમદાવાદની** એ સાંજ મારા જીવનની આખરી સાંજ બની રહેશે એવું મેં ક્યારેય વિચાર્યું નહોતું. કાર્યક્રમ ઘણા સમય પહેલાં નિશ્ચિત થયો હતો, પણ મારી તબિયત સારી નહોતી રહેતી એટલે સહુ વિચાર કરતા હતા કે આ કાર્યક્રમમાં મારે જવું જોઈએ કે નહીં. આ પહેલાં મને બે હાર્ટ એટેક આવી ચૂક્યા હતા. ડૉક્ટરે જીવનશૈલી બદલવા માટે ખૂબ હિદાયત કરી હતી, પણ હું એમ ડરતાં ડરતાં ન જીવી શકું, મૃત્યુ તો આવશે જ, આજે નહીં તો કાલે... એથી જિંદગીના જેટલાં વર્ષ બચ્યાં છે એટલાં વર્ષ ભય અને સંકોચ સાથે તો નહીં જીવી શકાય... શરાબ, તમાકુ, મિત્રો, મહેફિલ અને સંગીત! આ જ તો મારા અસ્તિત્વનો પર્યાય છે, એ ન હોય તો જીવવાનો મતલબ જ શું છે?

બેગમ અખ્તરનું નામ લેવાય એની સાથે જ એકાદી ગઝલ કે ઠુમરી તમારા દિલ-ઓ-દિમાગમાં આપોઆપ ગૂંજવા ન માંડે તો બેગમ અખ્તરની હયાતિનો કોઈ મતલબ જ નથી! આજે વિચારું છું તો સમજાય છે કે, જિંદગી કેટલી ખૂબસૂરત ગુજરી છે. ૧૯૧૪માં મુશ્તરીબાઈ નામની તવાયફને ત્યાં એક અખ્તરીબાઈનો જન્મ થયો ત્યારે કોને ખબર હતી કે, ભારતીય સંગીતની દુનિયામાં એ છોકરી એક એવું નામ બની જશે જેને સદીઓ સુધી ભૂલાવી નહીં શકાય. જેને પિતાનું નામ નથી મળ્યું એવી એક છોકરી, સંગીતની દુનિયામાં ઈતિહાસ બની જશે એવી કલ્પના મારી માએ મને પહેલી વખત હાથમાં લીધી ત્યારે નહીં જ કરી હોય...

મારી મા મુશ્તરીબાઈ ફૈઝાબાદની જાણીતી તવાયફોમાંની એક હતી. ઉમરાવ જાન જે જાણીતી તવાયફ અને ગઝલકાર હતી, જે 'અદા'ના તખલ્લુસ સાથે ગઝલો લખતી, એ ફૈઝાબાદમાં જન્મી હતી. મારી મા પણ ફૈઝાબાદની હતી એટલે ઉમરાવ જાનની ગઝલો ગાવી એને ખૂબ ગમતી.

આજે વિચારું છું તો સમજાય છે કે મારી મા બહુ સારી કમ્પોઝર પણ હતી. ઉમરાવ જાન, મીર તકી મીર, દાગ દહેલવી અને બાદશાહ મુઝફ્ફર શાહની કેટલીય ગઝલોને મારી માએ જાતે કમ્પોઝ કરી હતી. શુદ્ધ શાસ્ત્રીય રાગો પર આધારિત આ કોમ્પોઝિશન મારી મા જ્યારે ગાતી ત્યારે હવા થંભી જતી, કદરદાનોના હૃદય ધબકવાનું છોડી દેતા. એના અવાજમાં એક કશિશ હતી, ને આંખોમાં એક જુદી જ જાતનું ઈજન હતું. ફૈઝાબાદ, લખનઊ, વારાણસી અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં આવી તવાયફોના ખાસ મકાનો-કોઠીઓ હતી. આ તવાયફો માત્ર મનોરંજન કરતી, સેક્સ વર્કિંગનું કામ એ સમયે ખાનદાની તવાયફોને કરવાની જરૂર નહોતી. એમના સંગીત અને નૃત્યના કદરદાનો એમની પાછળ પૈસા લૂંટાવતા, ભેટો આપતા અને સામે આ તવાયફો પોતાની કલાથી એમને રિઝવતી. તવાયફ જ્યારે યુવાન થાય ત્યારે એના પહેલાં કાર્યક્રમ માટે આખા શહેરને આમંત્રણ આપવામાં આવતું.

મોટામોટા નવાબોના ખાનદાનમાં આવા પહેલાં કાર્યક્રમનું આમંત્રણ મેળવવું એ ગર્વની વાત માનવામાં આવતી. પહેલાં કાર્યક્રમ પછી કેટલાક ઘરાનામાં 'નથ ઉતારવાની' વિધિ કરવામાં આવતી. આ વિધિ એટલે તવાયફની વર્જિનિટી બ્રેક કરવાની, એની સાથે પહેલીવાર સંભોગ કરવાની વિધિ. આ વિધિ માટે બોલી બોલાતી-એ સમયમાં (૧૯૨૦-૩૦) લાખો રૂપિયા ખર્ચીને તવાયફની યુવાન દીકરી સાથે પહેલીવાર સંભોગ કરવો એ બહુ મોટી વાત ગણવામાં આવતી. યુવા નવાબોથી શરૂ કરીને ૬૦-૭૦ના ઘરડાખખ્ખ થઈ ગયેલા, લાકડીના સહારે ચાલતા નવાબો પણ આવી બોલીમાં ભાગ લેતા. જે નવાબ નથ ઉતારે એને તવાયફ સાથેના એક્સક્લુઝિવ સંબંધનો પહેલો અધિકાર મળતો...

આ એક્સક્લુઝિવ સંબંધ એટલે, એ તવાયફ નવાબની રખેલ, કેપ્ટ કે ઉપપત્ની બનીને રહેતી. એમની બેગમોને પણ આવી



બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)

તવાયફો વિશે માહિતી રહેતી. કોઈ વિરોધ કે વાંધા વગર આવા સંબંધો ગોઠવાતા અને ચાલતા રહેતા. દરેક તવાયફનો એક 'સાહેબ' હતો, જે એની એક્સક્લુઝિવ રિલેશનશિપ બની જતી. એ તવાયફના તમામ ખર્ચા, શોખ અને જીવનયાપનની જવાબદારી નવાબ સાહેબની રહેતી. મોટેભાગે આવી તવાયફો પોતાના માટે આવો એકાદ 'સાહેબ' ગોતી લે, પછી માત્ર આમંત્રણથી મળેલી મહેફિલો સિવાય નાચવા-ગાવાનું પસંદ કરતી નહીં.

મારા પિતા ફૈઝાબાદના પ્રખ્યાત ખાનદાનોમાંથી હતા. નવાબના સંતાન હોવાને કારણે આવી એકાદ તવાયફ સાથેનો સંબંધ જાયઝ હતો, બલ્કે એ સમયે એવું માનવામાં આવતું હતું કે, નવાબોના ખાનદાનના 'લૌન્ડા' જો આવી એકાદ 'બાઈજી' સાથે ઐયાશી ન કરતા હોય તો એમનામાં કોઈ ખોટ હોવી જોઈએ! એક કે એકથી વધુ ઉપપત્નીઓ રાખવી એ નવાબી ખાનદાનમાં ફક્રની વાત માનવામાં આવતી. કયા નવાબ પાસે કેટલી તવાયફો છે એ વાત પર ક્યારેક ચડસાચડસી પણ થઈ જતી, પરંતુ એક ખાનદાની બાબત એ હતી કે, જો એક નવાબ સાથે એક તવાયફનો સંબંધ હોય તો તવાયફ પણ બીજા નવાબ સાથે અદબ અને તહેઝીબથી વર્તતી, ને નવાબ પણ કોઈ એક નવાબની રખેલ સાથે ક્યારેય બદતમીઝી ન કરતા!

હું એ સમયની વાત કરું છું જ્યારે રાખરખાવ અને અદબ ફૈઝાબાદ અને લખનઊના જીવનશૈલીનો ભાગ હતો. હું જન્મી ત્યારે, ૧૯૧૪માં લખનઊ અને ફૈઝાબાદ હજી નવાબી તહેઝીબ અને શાઈસ્તગી, રવાયત અને અદબ હજી જીવંત હતા.

લખનઊનો ઈતિહાસ પણ સમજવા જેવો છે. સઆદત અલી ખાન પ્રથમને અવધ વંશના સ્થાપક માનવામાં આવે છે. તેમને 'બુરહાન-ઉલ-મુલ્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે તેમને મુઘલ સમ્રાટ બહાદુર શાહ દ્વારા આપવામાં આવેલ ઉપાધિ હતી. ૧૭૨૨ માં, તેમણે એક સ્વાયત્ત રાજ્યની સ્થાપના કરી. લખનઊના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સઆદત અલી ખાન (પહેલા) પછી, અવધના બીજા નવાબ, સફદરજંગ હતા. તેઓ દિલ્હીના મુઘલ સમ્રાટ અહમદ શાહ બહાદુરના શક્તિશાળી વઝીર-એ-આઝમ હતા. તેમણે ૧૭૪૮ થી ૧૭૫૩ સુધી સેવા આપી. જેમની કબર દિલ્હીમાં સફદરજંગ મકબરો તરીકે ઓળખાય છે.

લખનઊના નવાબોમાં ચોથા અને સૌથી શક્તિશાળી આસફ-ઉદ-દૌલા હતા, તેમને શુજા-ઉદ-દૌલા પછી ફૈઝાબાદની ગાદી મળી. એવું કહેવાય છે કે આસફ-ઉદ-દૌલાએ ૧૭૮૪ માં અનેક ઈમારતો બંધાવી જે આજે તેની કારીગરી માટે પ્રખ્યાત છે.

અવધના સઆદત અલી ખાને પણ રાજધાનીમાં ઘણી સુંદર ઇમારતોના બાંધકામ કરાવ્યાં. એવું કહેવાય છે કે લખનઊના છેલ્લા નવાબ વાજિદ અલી શાહ હતા. એમને મૂર્ખ બનાવીને ૧૯૫૬માં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અવધને પોતાના શાસનમાં ભેળવી દીધું.

વાજિદ અલી શાહને કલકત્તા (મેટિયા બ્રિજ)ના નિવાસ સ્થાને નજરકેદ કરવામાં આવ્યા, જ્યાં ૧૮૮૭માં એમનું મૃત્યુ થયું. જોકે, નવાબના વંશજને સાલિયાણું આપવામાં આવતું, સમાજમાં એમનો પ્રભાવ એટલો જ હતો, પરંતુ એમની પાસે કોઈ શાસન કે રાજનીતિક બળ નહોતું. ૧૯૧૪માં, હું જ્યારે જન્મી ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું.

બ્રિટિશ સરકારે ભારતીય લોકો પાસે સહયોગની માગણી કરી, પરંતુ ૧૯૧૪માં અવધ અથવા લખનઊ પર બ્રિટિશ શાસનનું પૂરેપૂરું નિયંત્રણ હતું. યુનાઈટેડ પ્રોવિન્સનો હિસ્સો એવાં આગ્રા અને અવધ અંગ્રેજ અધિકારી અને ગવર્નરના હાથમાં હતા.

૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ લીગે અવધ ઉપર પોતપોતાનો કબજો જમાવવાની શરૂઆત કરી દીધી હતી.

લખનઊ એક જ એવું શહેર છે જ્યાં હિન્દુ અને મુસ્લિમ બંને કોમનું એકસરખું વર્ચસ્વ હતું. હિન્દુઓ માટે એ 'અવધ' હતું જ્યારે મુસ્લિમો માટે એ 'લખનઊ' હતું... અવધિબોલી અને ઉર્દૂ બંને એક જ જગ્યાએ બોલાતા. આ એવી જગ્યા હતી, જે ભવિષ્યમાં મારી ઓળખ અને મારા અસ્તિત્વનો હિસ્સો બનવાની હતી...

(ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# ભૂત તો ગમે ત્યાં ને ગમે ત્યારે ધૂણે...



બા ઘણીવાર કહેતી, 'ભૂત તો ગમે ત્યારે ધૂણે... એનું કંઈ કહેવાય નહીં.' ત્યારે તો અમે નાનાં હતાં એટલે ભૂતવાળી વાત બરાબર સમજાઈ નહોતી, પણ મોટપણે અમે હાઇસ્કૂલમાં શિક્ષિકા બન્યાં. એકવાર મૂળજીભાઈ રજા લીધા વિના દરવાનને ધક્કો મારીને સીધા વર્ગખંડમાં આવીને મોટે મોટેથી હુરટી ભાસાનો જય હો, 'હુરટી ભાસાનો જય હો...!' એવા બરાડા પાડવા લાગ્યા. આમ પણ આખી સ્કૂલના કર્મચારીથી લઈ શિક્ષકો, વિદ્યાર્થીઓ મૂળજીકાકાને સારી રીતે ઓળખે. મૂળજીભાઈ પોતે, તેમનો દીકરો મોહન અને મોહનનો દીકરો રાજુ અમારી શાળાના વિદ્યાર્થી. એમના દીકરાનો દીકરો રાજુ પહેલી જ પાટલી ઉપર બેઠેલો હતો. આમ ભણવામાં સારો, પણ બોલવા ઊભો થાય એટલે પૈસા પડી જાય. (એનું બોલેલું એને જ સમજાય.) ય નો સ, શ નો પણ સ, ટ નો ત, સ નો હ, ણ નો ન જેવા અનેક ગોટાળા કરતો ફરે અને એને માતૃભાષાનું શુદ્ધીકરણ કરવાનું કહેવામાં આવે તો બીજે જ દિવસે એના દાદા મૂળજીભાઈ ધૂણતા હાજર થઈ જાય.

મૂળજીભાઈ પણ મૂળે હુરટીની હો વધારે પડતી હુરતી કરીને બોલે અને એમને જો કંઈ કહેવા જઈએ તો શિક્ષકોને હુરટી કઈ રીતે બોલાય એનું જ્ઞાન પીરસવા બેસી જાય.: 'તે માસ્તરાણી, ટમે કાલે મારા રાજુને ધમકાયવો. પન એક વાટ હાંભરી લ્યો. આ વરહે ફેબ્રુઆરી મહિનાથી હુરતીઓ ભાસા અંગે આંડોલન કરવાનાં છીએ. અમારી માગણી એક જ છે કે હુરટી ભાસાને જલદીમાં જલદી માતૃભાસા બનાવી ઘો એટલે બધાને શાંતિ થેય જાય. એક ટો હુરટી બોલવામાં બો હેલ્લી છે. કોઈપણ શબ્દ ટમે જાટે જ બોલીને જોઈ લો. હાવ હીધ્ધો ને હરલ.

(સરળ) એમ પણ અમને હુરટીને આ સ, શ, ષ જેવા ભેદભાવ બિલકુલ ગમતા નથી. આમ જુઓ તો ચણાના લોટમાંથી ખમણ, ખમણી, પાતુડી, લોચો, ચણાનું ચાટીયું બધ્ધું જ કેમ ફટાફટ બની જાય. તેમ આ સ, શ, ષ એવા ભેદભાવ બાદ કરીને એ બધાને જ્યાં જેમ વાપરવા હોય ત્યાં મૂકી શકે... જેમકે માસ્તરાની જુઓ, સરકાર બોલું, શરકાર બોલું કે ષરકાર બોલું એમાં કાનને કંઈ વાંધો આવતો નથી. અને બધ્ધા સમજી જાય છે કે ઉં હું બોલ્યો. (હું શું બોલ્યો) એમ ધીરે ધીરે ઘીના શીરાની જેમ હુરટી બોલી બધાને ફાવતી ને ભાવતી હો થઈ જહે. એતલે બધા મારી હાથે બોલો 'હુરટીની જય હો...';

આખરે આ નારાઓનો અવાજ સાંભળી આચાર્ય દોડી આવ્યા અને મૂળજીભાઈનું ભૂત કાઢીને ઘર સુધી મૂકી આવ્યા. દર ફેબ્રુઆરી મહિનો આવે તે પહેલાં 'હુરટી બોલીનો જય હો...';

ગજવવા મૂળજીભાઈ આવી તો નહીં જાય ને? એ બીકે દરવાનને ચેતવવો પડે છે.

ભૂત તો અમારી દાદીને પણ ઘણીવાર ધુણાવતું અને એ ભૂત મહિનાઓ સુધી હેરાન કરતું. દાદી ખાવાની બાબતે આમ કેમ રાંધ્યું અને આ શાક સાથે રોટલા જ બધાએ ખાવાજોઈએ. આ દાળ સાથે તો બાસમતી જ રાંધવા ને ભડકામાં તો કણકી જ જોઈએ. આમાં અજમો તો પડવો જ જોઈએ. દૂધ તો આ જ રીતે ઉકાળીને એમાં આટલું જ દહીં પડવું જોઈએ..... મોટેભાગે કેરીની સિઝનમાં એ ભૂત અનેક ગણું ધૂણવા લાગે. કેરી કેવી રીતે ખાવી, રસ કેવી રીતે કાઢવો, કંઈ કાપીને જ ખાવીથી લઈને કેરી સાથે રોજ શું બનવું જોઈએ એની કચકચ ત્રણેય વહુ સાથે એવી ચાલતી કે ઉનાળાની સિઝનમાં 'પિયર કેરી ખાવા બોલાવે છે.' એમ કહીને ત્રણે વહુ વારાફરતી પિયર ભેગી થઈ જતી. એમનું ભૂત તો ભૂવાઓથી પણ નીકળે એવું નહોતું. બા કહેતી, 'એ તો લાકડા સાથે જ જવાનું છે.' ભૂત પણ આટલા બધા જિદ્દી હોય એ તો અમને મોટપણે જ ખબર પડી.

પડોશમાં રહેતા રામજીભાઈને ઘણીવાર ભૂત વળગતું અને એ પણ લાકડા ભેગું જ ઉપર સ્વર્ગે ગયેલું. રામજીભાઈ ભયંકર ચોક્ક્સાઈવાળા. ઘરમાં એક પણ વસ્તુ આમથી તેમ ના ચાલે.

વાસણ ઉપર, કપડાં ઉપર કે દીવાલ ઉપર ડાઘ હોય તો ઘરમાં બધાનું આવી બન્યું! ડાઘ જોયો નથી કે સ્વચ્છતા ઉપર ભાષણ ચાલ્યું નથી. પ્રથમ એમની પત્ની હડફેટે આવી જતી. એ પછી ચારે સંતાનો વારાફરતી હડફેટે ચડી જતાં. જ્યાં સુધી ડાઘ સાફ ન થાય ત્યાં સુધી ઘરમાં માતમ છવાયેલો રહેતો. દરેક કાર્ય બંધ કરીને દરેક જણે એ ડાઘ કાઢવાના પ્રયત્નો કરવાના રહેતા.

એ દરમિયાન ડાઘ કોણે પાડ્યો, કઈ રીતે પાડ્યો એ સાચેસાચું જાણવા ન મળે ત્યાં સુધી સતત ભાષણ ચાલુ રહેતું અને ઘરમાં રસોઈ પણ ના થતી. એટલે વારાફરતી કોઈ એકે ભૂલ સ્વીકારી લેવાની એમ નક્કી કરવામાં આવેલું. એટલે વાત જલદી બંધ થાય.

ઘરમાં દાખલ થતાં પહેલાં દરેકે પગ ધોવાના. બહાર પાણીની બાલટી અને ટુવાલ મૂકેલો હોય. મહેમાનો બૂટ મોજાં કાઢવાની કસરત કરવા કરતાં બહારથી જ વાત કરીને જવાનું પસંદ કરતા. બે વાર ઘરના કચરા પોતાં ને બે વાર સુગંધી ઍર ફ્રેશનર ફરજિયાત. ભૂત જેવું ભૂત પણ આવી શિસ્તથી કંટાળીને ભાગી જાય એ વાત સાચી, પરંતુ રામજીભાઈની કડપને કારણે પારકી આવેલ દીકરાની વહુ બે મહિનામાં જ પિયર ભેગી થઈ ગઈ અને છોકરાઓ પરદેશ ભેગા.

હવે ગામલોકો કહે છે કે, 'ભાગ્યશાળીને ત્યાં ભૂત રળે.' એમ રામજી ડોહો એકલો ચાર નોકરને રાખીને બે વાર પોતાં મરાવે છે ને પેલું ભૂત રામજીભાઈને પંખો નાખે છે. ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# એક નાની છલાંગ અનેક ભયને ભગાડી શકે...

**સવારના** કૂણા તડકામાં નરમ ઘાસ પરથી ઝાકળબિંદુઓ હજુ ઝગારા મારી રહેલાં. ચોતરફ ઊંચા પહાડો વચ્ચેના મેદાન પ્રદેશમાં વહેતી નદીની ધારા ચાંદી માફક ચમકી રહેલી. નેહા એની અન્ય પાંચ બહેનપણી સાથે ટ્રેકિંગ માટે નીકળી હતી. સૌથી આગળ હતી કાવ્યા. લાંબી, આત્મવિશ્વાસથી ભરપૂર અને હંમેશાં બધી જ જગ્યાએ આગળ રહેવાની જીદ્દ ધરાવનારી. એની પાછળ ઈશિતા- સના અને તૃષા. સૌથી પાછળ ચાલી રહી હતી નેહા. સોળ વર્ષની, આખા ગ્રુપમાં સૌથી નાની અને કદાચ સૌથી ઓછું બોલનારી...

નેહાના શૂઝ થોડાં જૂનાં હતાં. બેગમાં મમ્મીએ આપેલો સાધારણ ઘરે બનાવેલો નાસ્તો. બીજી છોકરીઓના એકદમ નવાં બ્રાન્ડેડ ટ્રેકિંગ શૂઝ, સ્ટાઇલિશ જેકેટ અને ગોગલ્સ પહેરેલાં ચહેરાઓ સામે નેહાને પોતાનો કાળી ફ્રેમના ચશ્મા, લોકલ માર્કેટમાંથી ખરીદેલાં શૂઝ અને પપ્પાનું જૂનું જેકેટ જોઈ અજૂગતું લાગી રહેલું. ટ્રેકિંગ કેમ્પમાં બધાં મોટાં અવાજે ગીતો ગાતાં, મજાક-મસ્તી કરી રહ્યાં હતાં સોશ્યલ મીડિયાના નવા ટ્રેન્ડ્સ પર વાતો કરતી, ફોટા પડાવતી, અકારણ હસતી રહેતી છોકરીઓને જોઈ નેહા પણ કોઈ વાતમાં ખબર પડે કે ના પડે, છતાં બધામાં રસ લેવા આતુર જોકે નેહાના મનમાં એક નાનકડો ડર હતોઃ હું ક્યારે આ લોકો જેવી બની શકીશ?

સહુ કોઈ ટ્રેકિંગ ઇન્સ્ટ્રક્ટરના કહેવા પ્રમાણે નદીના કિનારે કિનારે ચાલી રહેલી. રસ્તામાં નાના-નાના પાણીનાં ઝરણાઆં માછલીઓ કે દેડકાના બચ્ચાં તરતાં દેખાતાં. આસપાસ પતંગિયાઓ ઉડાઉડ કરી રહેલા. હવામાં ચીડનાં વૃક્ષોની સુગંધ ફેલાયેલી હતી.

નેહાને તો જોકે આ બધું જોઈને જ સખ્ત રોમાંચ અનુભાઈ રહ્યો હતો. થોડી દૂર જતાં પાણીનો ફ્લો વધવા લાગ્યો. દૂરથી જ વોટરફોલનો અવાજ સંભળાય રહ્યો હતો. થોડું વધુ ચાલતાં દૂધ જેવા સફેદ ધોધ પર સૂર્યનાં કિરણોમાં ચમકતાં દેખાયાં. બધી છોકરીઓ ખુશખુશાલ થઈ ઊઠી. પાસે એક મોટી ચટ્ટાન પર જઈ સહુ પોતાના શૂઝ ઉતારવા લાગ્યા. નેહાના મનમાં ખચકાટ થયો. આટલું ચાલવામાં એના શ ઝ નીચેથી સાવ ઘસાય ગયેલાં. હજુ અવઢવ પૂરી ના થઈ ત્યાં કોઈએ સેન્ડવીચ કાઢી, કોઈ જ્યુસની બોટલ તો કોઈ પેસ્ટ્રીનું બોક્સ ખોલવાં લાગ્યું. એક ખૂણા તરફ આડું મોં રાખી નેહાએ ચૂપચાપ પોતાનું નાનકડું ટિફિન ખોલ્યું. જેમ કોઈનું એના જૂતાં પર ધ્યાન નહોતું એમ જ કોઈએ એના ટિફિન પર ધ્યાન ના આપ્યું, પણ નેહા અંદરથી સખ્ત ઈન્ફિરીયારિટી અનુભવવા લાગી. પોતે કંઈક અન્યો કરતાં ઊતરતી છે એ ભાવ નેહા પર હાવી થવા લાગ્યો. એના મનમાં આ આખાં ટોળાં વચ્ચે 'ઓડ મેન આઉટ' જેવી લાગણી ઊભરી આવી.

એવામાં કાવ્યા ઝડપથી ઊભી થતાં બોલી, 'ચાલો, આપણે ઉપર તરફ જઈએ. ત્યાંથી નીચેનો આખો વ્યૂ ખૂબ સરસ લાગતો હશે' કાવ્યા કહે ને કોઈ ના પાડે ખરું! બધાં થયાં ઊભા ને ધીમે-ધીમે કાવ્યાની પાછળ આખો કાફલો ચાલવા લાગ્યો. નેહાને પોતાના જૂતાની ક્ષમતા પર ભરોસો નહોતો, પણ એ ના પાડી શકી નહીં.



ઉપર જવા માટે ધોધમાંથી ફાંટો પાડી નીકળતાં નાનકડાં ઝરણાંની ધારને પાર કરવી પડે એમ હતી. છોકરીઓ એક પછી એક કૂદીને બીજી તરફ પહોંચી જવા લાગી. એ એકબીજાને ચીડવતી, હસતી, વાતો કરતી પાણી ઠેકતી ગઈ. નેહા જાણીજોઈને પાછળ રહી ગયેલી. મૂળ એના શૂઝની ગ્રીપ સરખી નહોતી. પાણીનું વહેણ વધારે હતું. ત્યાંથી જો પગ લપસ્યો તો પછી આવી જ બન્યું સમજો. એનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. હાથમાં પસીનો વળી ગયો. મન ચોખ્ખી ના પાડવાં લાગ્યું, 'બેસી જા બેન, રહેવા દે. આપણે અહીં સુધી આવ્યાં એ ઘણું છે.' ત્યાં તૃષાની બૂમ સંભળાય, 'ઓ નેહા, અહીં આવવા તને જુદું ઈન્વિટેશન આપવું પડશે કે શું?' સાંભળી ગ્રૂપમાં હસાહસ થઈ પડી. નેહા બિચારી ઓઝપાય ગઈ. એ નીચી નજર નાખી એના ગ્રીપ વગરના શૂઝને નિહાળતી ઊભેલી ત્યાં એને ઈશિતા પાછી આવતી દેખાઈ. એ નેહા સામે ઊભી રહેતાં બોલી, 'આરામથી આવ, જૂતાં કાઢી હાથમાં પકડી લે. શરમાવાનું છોડ, હું અહીં જ છું.'

ઈશિતાના અવાજમાં ના હાસ્ય હતું, ના કોઈ મજાક-મસ્તી. એના શબ્દો પર ભરોસો કરી નેહાએ ઊંડો શ્વાસ લીધો. એણે જાતને કહ્યું, 'હું આ તો કરી શકીશ. આ માત્ર નાનકડી પાણીની ધાર છે. કોઈ મોટો પહાડ નથી ઓળંગવાનો.' એણે દોડીને છલાંગ લગાવી. એક કાચી સેકન્ડ માટે એનો પગ લપસ્યો, પણ એ જ ક્ષણે ઈશિતાએ એનો હાથ ઝાલી લીધો. હૃદયના ધબકારા હજુ પણ વધારે હતાં, પણ બંનેના ચહેરા પર અનાયાસે જ હાસ્ય ફરકી ગયું. બંને છોકરી સામ સામે તાળીઓ આપી. ઈશિતાએ એના જૂતાં હાથમાં લેતાં કહ્યું, 'નેહા, આઈ નેવર જજ સમવન બાય થીંગ્સ ધે હેવ.' નેહાએ હસીને માથું હલાવ્યું. આ ઝરણું પાર કરવામાં ઈશિતાએ લંબાવેલા હાથે એનામાં ઉગી રહેલાં ઈન્ફિરિયારિટી કોમ્પલેક્ષને જાણે બહાર ખેંચી લીધેલું.

ઉપરથી દેખાતાં દ્રશ્યો ખરેખર અદ્‌ભુત હતા. નેહાને લાગ્યું જો એ અહીં ના આવી હોત તો જિંદગીની અમૂલ્ય ક્ષણો માણવાથી વંચિત રહી જાત. પાછાં ફરતાં રસ્તામાં એ બધાથી પાછળ નહોતી ચાલતી. એ કાવ્યા અને ઈશિતા સાથે બરાબર કદમ મિલાવીને ચાલી રહેલી. એની વાતોમાં રસ લેતાં હવે એ જાતને સાબિત કરવા બેચૈન નહોતી. એને સમજાય ગયેલું કે, અમુક જાતે ઊભા કરેલાં ડરને નાથવા, નાનકડી એવી છલાંગ પણ પૂરતી હોય છે. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# એવરગ્રીન સાડી



સાડી એ મહિલાઓનો મનગમતો પહેરવેશ છે. દરેક મહિલા સાડીમાં ખૂબ જ સુંદર લાગે છે. હવે તો યન્ગ યુવતીઓ પણ ઓફિસમાં સાડી પહેરવાનો ચાન્સ છોડતી નથી. ઓફિસ વેર માટે કોટન સાડી એ એક બેસ્ટ ઓપશન છે. કોટ્ન સાડી સાથે પ્રિન્ટેડ બ્લાઉઝ એક અલગ જ લુક આપે છે. સાડીમાં એક અલગ જ ઈમરેશન આવે છે. સાડી એ એવો પોશાક છે કે જે, ગમે તે સ્કિન ટોન કે પછી બધી જ જાતના બોડી ટાઈપ પર સારી લાગે છે. ચાલો જાણીયે આ ઉનાળામાં કઈ ટાઇપની સાડી પહેરી શકાય. તો ચાલો , ઉનાળામાં કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સાથે પહેરવા માટેની અમુક સાડીઓની વાત કરીએ

ઉનાળાની તીવ્ર ગરમીમાં પણ સ્ટાઇલિશ અને આરામદાયક રહેવું એ દરેક મહિલાની ઇચ્છા હોય છે. ખાસ કરીને જ્યારે તમારી પાસે કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ હોય, ત્યારે તેની સાથે મેચ કરીને પહેરી શકાય તેવી હળવી અને શ્વાસ લેવા યોગ્ય સાડીઓ પસંદ કરવી જરૂરી છે. કોટન પ્રિન્ટેડ બ્લાઉઝમાં ફ્લોરલ, જ્યોમેટ્રિક કે અન્ય આકર્ષક પ્રિન્ટ હોય છે, જેને સાથે સરળ પણ સુંદર સાડીઓ ખૂબ જ ફબે છે. અહીં અમે તમને ઉનાળા માટે શ્રેષ્ઠ ત્રણ પ્રકારની સાડીઓ વિશે વાત કરીશું, જે તમારા કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સાથે પરફેક્ટ કોમ્બિનેશન બનાવશે.

## કોટન સાડી

કોટન સાડી એ ઉનાળામાં સૌથી વધુ પસંદ કરાતી સાડી છે. તે હળવી, શ્વાસ લેવા યોગ્ય અને ત્વચા માટે અનુકૂળ હોય છે. ખાસ કરીને હેન્ડલૂમ કોટન, ખાદી કોટન કે સોફ્ટ મલમલ કોટન સાડીઓ ઉનાળામાં ખૂબ જ આરામ આપે છે. જો તમારો બ્લાઉઝ પ્રિન્ટેડ છે, તો પ્લેઇન કોટન સાડી અથવા બોર્ડરવાળી સરળ ડિઝાઇનવાળી સાડી પસંદ કરી શક્ય. ઉદાહરણ તરીકે, સફેદ અથવા પેસ્ટલ શેડની કોટન સાડી પર નાના બોર્ડર હોય તો તે પ્રિન્ટેડ બ્લાઉઝ સાથે અદ્ભુત લૂક આપે છે. આ કોમ્બિનેશન ઓફિસ, કેઝ્યુઅલ આઉટિંગ કે ઘરનાં કાર્યો માટે આદર્શ છે. કોટન સાડી પહેરતી વખતે તેને બ્લાઉઝ સાથે મેચ કરીને પિન-અપ સ્ટાઇલમાં ડ્રેપ કરો, જેથી લૂક વધુ મોડર્ન બને. કોટન સાડી પહેરતી વખતે સાડી સાથે આપેલું બ્લાઉઝ ન સીવડાવતાં કોન્ટ્રાસ્ટ કલરના બ્લાઉઝ પહેરી શકાય. કોન્ટ્રાસ્ટ બ્લાઉઝથી આખો લૂક અલગ આવશે.





## મલમલ સાડી

મસ્લિન એ અત્યંત હળવી અને ફેધર-લાઇટ ફેબ્રિક છે, ઉનાળામાં લગભગ સાડી ન પહેરી હોય તેવું જ લાગે છે. તે ત્વચા પર બિલકુલ ભાર નથી નાખતી અને પરસેવાને તરત જ શોષી લે છે. મસ્લિન સાડીઓમાં ઘણી વખત લાઇટ પ્રિન્ટ અથવા એમ્બ્રોઇડરી હોય છે, પરંતુ પ્લેઇન મસ્લિન સાડી તમારા કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સાથે શાનદાર લુક આપે છે. પેસ્ટલ શેડ્સ જેમ કે પીચ, મિન્ટ ગ્રીન કે લેવેન્ડર કલરની મસ્લિન સાડી પસંદ કરવી. તેની સાથે પ્રિન્ટેડ બ્લાઉઝ એક અલગ જ લૂક આપે છે. ઓવરઓલ લૂક ફ્રેશ અને ફેમિનિન રહે છે. મસ્લિન સાડીને ડ્રેપમાં પહેરો, જેથી તેની હળવાશ વધુ નજરે પડે. આ સ્ટાઇલ ખાસ કરીને દિવસના સમયે અથવા લાઇટ ઇવન્ટ્સ માટે પરફેક્ટ છે.

## કલકત્તા સાડી

કલકત્તા સાડી એ ખૂબ જ લોકપ્રિય છે, કલકત્તા સાડી એ ખાસ કરીને ગુજરાતી અને બંગાળી સ્ટાઇલનું મિશ્રણ છે. આ સાડીઓમાં મુખ્યત્વે તંત (Tant), ટસર (Tussar), સિલ્ક બ્લેન્ડ કે હેન્ડલૂમ કાપડ પર મોટિફ્સ , સ્ટીચ હેન્ડ એમ્બ્રોઇડરી ’કે કાંથા સ્ટીચ કરવામાં આવે છે. આ સ્ટીચમાં ગુજરાતી પરંપરાગત ડિઝાઇન જેવી કે ફૂલ, જ્યોમેટ્રિક પેટર્ન, પક્ષીઓ કે બોલ્ડ બોર્ડર હોય છે, જે ખૂબ જ આકર્ષક લાગે છે. આ સાડીઓ કોલકાતાના બુટિક અને હેન્ડલૂમ સ્ટોરમાં મળે છે, અને લગ્ન, ગરબા કે ફેસ્ટિવલમાં ખૂબ પહેરાય છે. તે ભારે એમ્બ્રોઇડરી વાળી હોય તો પણ હળવી અને આરામદાયક રહે છે.



આ બધીજ સાડીઓ કલકત્તી, કોટન, લિનન અને મસ્લિન ઉનાળામાં તમને ઠંડક આપશે અને તમારા કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સાથે અદ્ભુત કોમ્બિનન બનાવશે. આ સાડીઓ પસંદ કરતી વખતે હળવા કલર્સ અને સરળ ડિઝાઇન પર ધ્યાન આપો, જેથી પ્રિન્ટેડ બ્લાઉઝની સુંદરતા વધુ ઊભરી આવે. એક્સેસરીઝમાં લાઇટ જ્વેલરી, ફ્લોરલ બિંદી અને કમ્ફર્ટેબલ ફૂટવેર પસંદ કરો. આ રીતે તમે ગરમીમાં પણ સ્ટાઇલિશ અને કોન્ફિડન્ટ રહી શકશો.

આ બધીજ સાડીઓ તમારા વોર્ડરોબમાં હોવી જ જોઈએ, કારણ કે તે માત્ર આરામ જ નહીં પણ ભારતીય પરંપરાને પણ જીવંત રાખે છે. ઉનાળાની આ ઋતુમાં આ સાડીઓ પહેરીને તમે દરેક જગ્યાએ આકર્ષિત લાગી શકો છો. તો આજે જ તમારી પસંદગી કરો અને ગરમીને સ્ટાઇલમાં બીટ કરી શકાશે.

## લિનન સાડી

લિનન ફેબ્રિક કુદરતી રીતે કૂલિંગ ઇફેક્ટ આપે છે અને તેમાં થોડી ક્રિસ્પ ટેક્સ્ચર હોય છે, જે ઉનાળામાં સ્વેટને ઝડપથી સુકવે છે. લિનન સાડીઓમાં પ્લેઇન, સ્ટ્રાઇપ્સ કે લાઇટ ફ્લોરલ પ્રિન્ટ મળે છે, પરંતુ તમારા પ્રિન્ટેડ કોટન બ્લાઉઝ સાથે પ્લેઇન લિનન સાડી શ્રેષ્ઠ લાગે છે. બેજ, ઓલિવ ગ્રીન, લાઇટ બ્લુ કે ક્રીમ કલરની લિનન સાડી પસંદ કરી તેની સાથે પ્રિન્ટેડ બ્લાઉઝના વાઇબ્રન્ટ પેટર્ન આપી ઓવરઓલ લુક બેલેન્સ કરી શકાય આનાથી લૂક એલિગન્ટ તેમજ કન્ટેમ્પરરી બને છે. લિનન સાડીને પ્લીટ્સ સાથે ડ્રેપ કરીને પહેરો, જેથી એર ફ્લો સારો રહે. આ કોમ્બિનેશન બ્રંચ, ફ્રેન્ડ્સ મીટિંગ કે લાઇટ પાર્ટી માટે પરફેક્ટ છે. લિનનની સાડી થોડી રફ ટેક્સ્ચર બ્લાઉઝની સોફ્ટનેસ સાથે સુંદર કોન્ટ્રાસ્ટ બનાવે છે. લિનન સાડી પહેર્યા પછી શરીરથી થોડી અળગી રહે છે, પરંતુ તેનો લૂક એમાં જ આવે છે. એમ કહી શકાય કે લિનન સાડી એ એક ક્લાસ વેર છે.

નિખાર

દિક્ષિતા મકવાણા
feedback.ladki@bombaysamachar.com

# ઓઈલી સ્કાલ્પ?

### આ ઉનાળામાં આ હેર માસ્ક તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે

ઉનાળાના મહિનાઓમાં ઓઇલી સ્કાલ્પ ધરાવતા લોકોને વધુ પડતી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વધુ પડતા પરસેવાના કારણે વાળ ખૂબ જ ઝડપથી ગંદા અથવા ચીકણા દેખાય છે. તમારા વાળ વધુ પડતા તેલયુક્ત દેખાય તે વિના તેનો કુદરતી ભેજ જાળવી રાખવા માટે તમે વિવિધ કુદરતી ચીજોમાંથી બનાવેલા હેર માસ્ક લગાવી શકો છો. તો ચાલો કેટલાક વિકલ્પો પર એક નજર કરીએ. ઉનાળાની ઋતુમાં તમારા વાળને તાજા રાખવા એક પડકાર બની શકે છે, મુખ્યત્વે કારણ કે ઓઇલી સ્કાલ્પમાં ખૂબ પરસેવો થાય છે. આ સમસ્યા ખાસ કરીને એવા લોકો માટે વધુ ખરાબ થાય છે જેમની કુદરતી રીતે ઓઇલી સ્કાલ્પ હોય છે. ઉનાળામાં તેલ ગ્રંથિઓ વધુ સક્રિય બને છે, જેના કારણે વાળમાં ખોપરી ઉપરની ચામડીનું કુદરતી તે વધુ નીકળે છે. વધુમાં, પરસેવો અને ધૂળના મિશ્રણથી ખોપરી ઉપરની ચામડી અને વાળના તળીયા બંને પર ધૂળ અને ગંદકી એકઠી થાય છે. ઘણીવાર શેમ્પૂ કર્યાના એક દિવસ પછી જ વાળ ચીકણા દેખાવા લાગે છે. આવી પરિસ્થિતિઓમાં તમે કુદરતી ઘટકોમાંથી બનાવેલા હેર માસ્ક તરફ વળી શકો છો. વાળમાંથી આવશ્યક ભેજ દૂર કર્યા વિના અથવા શુષ્કતા લાવ્યા વિના આ વધારાના તેલને નિયંત્રિત કરવામાં અસરકારક છે. જો તમે ઉનાળા દરમિયાન તમારા વાળને દરરોજ શેમ્પૂ કરો છો, તો તમારા વાળ ડ્રાય થવાનો ભય રહે છે, કારણ કે વારંવાર ધોવાથી તેમના કુદરતી તેલનો નાશ થાય છે. ઉનાળાની ઋતુ દરમિયાન સ્વસ્થ વાળ જાળવવા માટે ઘરેલુ ઉપાયો ખૂબ અસરકારક સાબિત થાય છે. અહીં અલગ અલગ પ્રકારના હેર માસ્ક છે જે તમારા વાળને હાઇડ્રેટેડ રાખશે અને ખાતરી કરશે કે તે તાજા અને સ્વચ્છ રહેશે.

## મુલતાની માટી - હેર માસ્ક

જો તમારી ખોપરી ઉપરની ચામડી તેલયુક્ત હોય અને તમને લાગે કે ઉનાળા દરમિયાન સમસ્યા વધુ તીવ્ર બને છે, તો તમારે મુલતાની માટીનો હેર માસ્ક તૈયાર કરવાનું અને લગાવવાનું વિચારવું જોઈએ. આ કરવા માટે મુલતાની માટી પાવડર જરૂરી માત્રામાં લો અને તેને લગભગ એક કલાક માટે પાણીમાં પલાળી રાખો. તેમાં થોડું એલોવેરા અને ચાર ચમચી ગુલાબજળ મિક્સ કરીને એક સરળ પેસ્ટ બનાવો. આ માસ્કને સીધા તમારા સ્કાલ્પ પર લગાવો. ૧૦ મિનિટ પછી તમારા વાળ ધોઈ લો. જો તમે ઈચ્છો તો તમે તેને તમારા વાળ પર લગાવી શકો છો, પરંતુ ખાતરી કરો કે તે સંપૂર્ણપણે ડ્રાય ન થઇ જાય.





## દહીંનો હેર માસ્ક બનાવો

ઉનાળા દરમિયાન તમે દહીં અને જાસવંતીનાં ફૂલોનો ઉપયોગ કરીને હેર માસ્ક તૈયાર કરી શકો છો. આ માટે, તમે જાંસવતીનો પાવડર અથવા તાજા જાસવંતીના ફૂલોમાંથી બનાવેલી પેસ્ટનો ઉપયોગ કરી શકો છો. બંને ઘટકોને એકસાથે મિક્સ કરો અને મિશ્રણને તમારા આખા વાળ પર, માથાની ચામડી સહિત લગાવો. આ ફક્ત તમારા વાળને મુલાયમ બનાવશે એટલું જ નહીં પરંતુ તેની રચના અને રંગ પણ વધારશે. દહીંમાં હાજર લેક્ટિક એસિડ માથાની ચામડી પર વધારાનું તેલ ઘટાડવામાં મદદ કરે છે, જ્યારે જાસવંતીની પાંખડીઓ વાળને પોષણ આપવાનું કામ કરે છે.

## ઈંડાનો હેર માસ્ક

ઉનાળામાં તેલયુક્ત ખોપરી ઉપરની ચામડીને તાજગીભરી રાખવા માટે તમે ઈંડાનો હેર માસ્ક લગાવી શકો છો. આ માસ્ક તૈયાર કરવા માટે ઈંડાનો સફેદ ભાગ અલગ કરો અને તેને લીંબુના રસ સાથે મિક્સ કરો. ઈંડા વાળને પ્રોટીન પૂરું પાડે છે, જેનાથી તે ચમકદાર અને નરમ બને છે, જ્યારે લીંબુ માથા પર વધારાનું તેલ અને ખોડો ઘટાડવામાં મદદ કરે છે. આ મિશ્રણને માથાની ચામડીથી વાળના છેડા સુધી લગાવો અને પછી તેને ૧૫થી ૩૦ મિનિટ માટે રહેવા દો. સામાન્ય તાપમાને પાણીથી તમારા વાળ ધોઈ લો.



## ધ્યાનમાં રાખવા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દા

જો તમારી ખોપરી ઉપરની ચામડી ખૂબ જ તેલયુક્ત હોય તો તમે અઠવાડિયામાં એક કે બે વાર આ હેર માસ્ક લગાવી શકો છો. જો તમારી ખોપરી ઉપરની ચામડી થોડી જ તેલયુક્ત હોય તો દર ૧૦ દિવસે એકવાર હેર માસ્ક લગાવવો પૂરતો છે. યાદ રાખો કે મુખ્યત્વે ઓઇલી સ્કાલ્પ પર ધ્યાન કેન્દ્રિત કરો. આ વાળના માસ્કને સંપૂર્ણપણે ડ્રાય થવા દેવા જોઈએ નહીં. આ માટે ૧૫ થી ૨૦ મિનિટ પૂરતો સમય છે. ઘણીવાર ભારે સ્ટાઇલિંગ ઉત્પાદનો પણ વાળને ઝડપથી ઓઇલી બનાવી શકે છે, તમારે આવાં ઉત્પાદનોનો ઉપયોગ કરવાનું ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ. હંમેશાં હળવા ને નેચરલ શેમ્પૂનો ઉપયોગ કરો.

વિશેષ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# મર્દાના પહેરવેશમાં છલકાતી નજાકત



**સ્ત્રીઓના** પહેરવેશમાં અવનવા ટ્રેન્ડ આવતા જ રહે છે.

- ફેશનજગતમાં બે-ત્રણ મહિને કોઈ ને કોઈ બદલાવ આવે તેના પ્રમાણે શહેરોથી માંડીને નાના કસબાના ખૂણેખૂણે ફેશન ફેલાતી હોય છે.

- વ્હાલી લાડકી પૂર્તિની વાચક બહેન-દીકરીઓ!

- જ્યારથી લેડીઝના પહેરવેશમાં પુરુષોના પહેરવેશ સમાવા લાગ્યા ત્યારથી તેમાં અવનવી ફેશન ડેવલપ થતી જ રહી છે.

- સ્ત્રીઓએ જોયું કે ફિલ્મોમાં આવતી અભિનેત્રીઓ પુરુષોની જેમ જ પેન્ટ-શર્ટ પહેરીને એક અલગ જ ઈમેજ ઊભી કરી શકતી હતી.

- એક સમયની અત્યંત પ્રખ્યાત અભિનેત્રીઓ મધુબાલાથી માંડીને આશા પારેખ જેવી સુપર સ્ટાર અભિનેત્રીઓએ પણ આ પ્રકારના પહેરવેશને ભારતીય સ્ત્રીઓમાં ખૂબ જ લોકપ્રિય બનાવ્યો ને આજે તો જાણે વર્તમાન સમયની લેડીઝ માટે તો જીન્સ, ટી-શર્ટ, શૂઝ જાણે રોજિંદી જરૂરિયાત બની ગયાં છે.

* પુરુષો પહેરે છે તે પ્રકારનાં વસ્ત્રો પહેરીને સ્ત્રી એક પ્રકારનો આત્મવિશ્વાસ વધારી શકે છે તેવું ફેશન ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા નિષ્ણાતોનું માનવું છે.

- તેમના સર્વે મુજબ સલવાર-કમીઝ કરતાં

* જીન્સ,

* ટી-શર્ટ કે

* મૅન્સવેર ડિઝાઈનનાં વસ્ત્રોમાં સજ્જ લેડીની પર્સનાલિટી કંઈક અલગ જ પડે છે.



### મૅન્સવેર

* જેકેટ, સૂટ, * શર્ટ, * હેટ જેવા કેટલાય વિકલ્પ હોય છે.

- તેમાં થોડા ફેરફાર કરીને તેને વુમન ફ્રેન્ડલી બનાવીને માર્કેટમાં મૂકવામાં આવે છે.

- હમણાં હમણાં તો ફેશન વીકની ભરમાર ચાલી રહી છે. જો કે આમ તો બારેમાસ દરેક દિવસ ફેશન વીક જેવું જ બજારનું વાતાવરણ હોય છે.

* અવનવા ફેબ્રિક્સ અને

* નિતનવી ફેશનની હરિયાળી ચારે બાજુ છવાયેલી છે.

- સ્ત્રીઓને તો એમ પણ લેટેસ્ટ ટ્રેન્ડ સાથે સંકળાવું ગમે છે.

- હાલમાં તો યુવતીઓને રફ ઍન્ડ ટફ લૂક મળે તે માટે જેન્ટ્સ વેરની ડિઝાઈન ક્રિયેટ કરવામાં આવી છે. જે નાજુક કાયાને એકદમ હોટ લૂક આપે છે.

* આ પ્રકારના કલેકશનને સ્ત્રીઓમાં લોકપ્રિય બનાવી છે.

- લાડકીની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

- ૨૦ના દાયકામાં મોટા ખિસ્સાવાળો લાંબો કોટ ઘણો લોકપ્રિય બન્યો હતો.

* વિન્ટર કલેકશન માટે આવા કોટ પહેલી પસંદગી બને છે.

* કોટમાં મુકાતાના મોટા બટન અને કમર પરનો મોટો પટ્ટો કોટની ભવ્યતામાં ઉમેરો કરે છે.

- આગળ કહ્યું તેમ પુરુષો પહેરે છે તે પ્રકારનાં વસ્ત્રો પહેરીને સ્ત્રી એક પ્રકારનો આત્મવિશ્વાસ વધારી શકે છે તેવું ફૅશન ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા નિષ્ણાતોનું માનવું હોવાનું આ લખનારને એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે.

* * *



### તોલમોલ કે બોલ

*- મનહરલાલે એની પાડોશમાં રહેતા સોમુને પૂછ્યું:*

** ‘દોસ્ત, સોમુ! તું કોઈ કાળી અને કદરૂપી સ્ત્રી સાથે કદી પ્રેમ કરે ખરો...?’*

*- ‘કદી નહીં...!’*

** એકદમ કાળી ઢોલ જેવી સ્ત્રી સાથે પ્રેમ કરે ખરો...?’*

*- હરગિઝ નહીં...!*

** ‘તો પછી દોસ્ત! તું મારી પત્ની સાથે પ્રેમમાં કેમ પડ્યો છે...?’* ■

# સીઝન ટિકિટ પર નામમાં સામાન્ય ભૂલ બદલ વળતર નકારવું અયોગ્યઃ હાઈ કોર્ટ

મુંબઈઃ હાઈ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું કે જો અન્ય વિશ્વસનીય પુરાવાઓ દ્વારા મુસાફરની ઓળખ સાબિત થતી હોય, તો માત્ર સીઝન ટિકિટ પરના તેના નામમાં સામાન્ય તફાવત હોવાના આધારે રેલવે અકસ્માત વળતરનો દાવો ફગાવી શકાય નહીં.

અરજદારોએ રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલના પાંચ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વળતરના દાવાને નકારી કાઢવાના નિર્ણયને હાઇ કોર્ટમાં પડકાર્યો હતો. ન્યાયાધીશ જિતેન્દ્ર જૈનની સિંગલ બેન્ચે અરજદારોની અપીલને માન્ય રાખતા તેમને રાહત આપી હતી. ટ્રિબ્યુનલે રેલવે આઇડી કાર્ડ અને માસિક સીઝન ટિકિટ પર મૃતકના નામમાં વિસંગતતા અને અરજદારો સાથેના તેના સંબંધ સાબિત કરવામાં નિષ્ફળતાને ધ્યાનમાં લઈને વળતરનો દાવો ફગાવી દીધો હતો. અરજી મુજબ મૃતક પાસે માન્ય રેલવે આઇડી હતું. તેમાં તેનો ફોટો અને આખું નામ રાધેશ્યામ સેન નુવાબ છપાયેલું હતું.

જોકે માસિક સીઝન ટિકિટ પર તેનું નામ સંક્ષિપ્ત સ્વરૂપમાં ફક્ત રાધેશ્યામ તરીકે છપાયેલું હતું. આ બાબતને ધ્યાનમાં લેતા માસિક સીઝન ટિકિટ મેળવવા માટે ટિકિટ કાઉન્ટર પર રેલવે ઓળખપત્ર રજૂ કરવું ફરજિયાત છે અને ટિકિટ ફક્ત તે ઓળખપત્રમાં દર્શાવેલ વિગતોના આધારે જ તૈયાર કરવામાં આવે છે.

કોર્ટે અરજદારોના વળતરના દાવાને ખોટી રીતે નકારી કાઢ્યો હોવાનું જણાતાં નામના તફાવત અંગેના મધ્યસ્થી ચુકાદાને બાજુ પર રાખ્યો. તેણે આ મામલો પુનર્વિચારણા માટે મધ્યસ્થી પાસે મોકલી દીધો અને સંબંધના મુદ્દાની ફરીથી તપાસ કરવાનો આદેશ આપ્યો. જો સંબંધિત વ્યક્તિઓ વળતર માટે હકદાર હોવાનું જણાશે તો કોર્ટે મધ્યસ્થી પાસે તેમને યોગ્ય વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# થાણેથી ડાયરેક્ટ નવી મુંબઈ જવા માટે માસ્ટર પ્લાન તૈયાર

થાણેઃ કોપરીથી નવી મુંબઈના ઐરોલી અને દીઘા વચ્ચેનું અંતર ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ મેગા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે એમએમઆરડીએ એ અંદાજે રૂ. ૭૨૩.૪૨ કરોડ ના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. કોપરીથી નવી મુંબઈના ઐરોલી અને દીઘા વચ્ચેનું અંતર કાપવા માટે હાલમાં નાગરિકોને કલવા ખાડી બ્રિજ પરથી લાંબો વળાંક લઈને જવું પડે છે જેમાં મુસાફરી માટે ૨૦ થી ૩૦ મિનિટનો સમય લાગે છે. તાજેતરમાં રજૂ કરવામાં આવેલા એમએમઆરડીએના બજેટમાં મુંબઈ મહાનગરના નવી મુંબઈ અને થાણે જેવા શહેરોને જોડવા માટે અનેક વિકલ્પોનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. થાણે અને નવી મુંબઈ ઘણા વૈકલ્પિક માર્ગો દ્વારા જોડાયેલા છે. પરંતુ હાલમાં આ માર્ગો પર ઘણી ટ્રાફિક જામ હોવાથી વિકાસ પ્રધાન એકનાથ શિંદેએ વૈકલ્પિક માર્ગનો પ્રસ્તાવ મૂક્યો હતો. અગાઉ થાણે પૂર્વમાં કોપરીથી નવી મુંબઈમાં પટણી સુધી ખાડી પુલ બનાવવાનો પ્રસ્તાવ હતો, પરંતુ હવે તેને સુધારેલી મંજૂરી આપવામાં આવી છે. ■



નેશનલ પાર્કમાં શ્રીવલ્લી નામની વાઘણે ચાર મહિના પહેલા ચાર બચ્ચાંને જન્મ આપ્યો હતો. તાજેતરમાં વાઘણ પોતાના બચ્ચાંઓ સાથે ગરમીથી રાહત મેળવવા છાંયડામાં આરામ કરતી જોવા મળી હતી. (અમય ખરાડે)

# પ્લાસ્ટિકના ફૂલો પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકવા સરકાર સજ્જ

## મુખ્ય પ્રધાને આપી વિધાનભવનમાં માહિતી

મુંબઈઃ રાજ્યમાં પ્લાસ્ટિક પ્રતિબંધ હોવા છતાં બજારમાં કૃત્રિમ (પ્લાસ્ટિક) ફૂલોનો વધતો ઉપયોગ ખેડૂતોના કુદરતી ફૂલોના વ્યવસાયને અસર કરી રહ્યો છે. સાથે જ તે પર્યાવરણ માટે પ્રતિકૂળ પણ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભા પરિષદમાં પ્રશ્નકાળ દરમિયાન જણાવ્યું હતું કે પ્લાસ્ટિકના ફૂલો પર પ્રતિબંધ મૂકવા માટે એક ખાસ સૂચના બહાર પાડવામાં આવશે.

આ અંગે વિધાનસભ્ય પ્રવિણ દરેકરે પ્રશ્ન ઉઠાવ્યો હતો, જ્યારે સભ્યો શશિકાંત શિંદે, અમિત ગોરખે, અમોલ મિટકરી, સદાભાઈ ખોત, અનિલ પરબે પેટા પ્રશ્નો પૂછ્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાના હાલના જાહેરનામા હેઠળ એક ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવશે અને કૃત્રિમ ફૂલોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

આવા બજારો સામે કાર્યવાહી કરવા માટે નગરપાલિકાઓને સત્તા આપવામાં આવશે અને પ્લાસ્ટિકના ફૂલોનો ઉપયોગ કરતા સુશોભન વ્યાવસાયિકો, બેન્ક્વેટ હોલ અને અન્ય સંબંધિત સંસ્થાઓને પણ નોટિસ ફટકારવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે જો નિયમોનું ઉલ્લંઘન થશે તો સંબંધિતો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતાં પ્રધાન પંકજા મુંડેએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર પ્લાસ્ટિક અને થર્મોકોલ પ્રતિબંધ સૂચના ૨૦૧૮ મુજબ, સુશોભન માટે વપરાતા પ્લાસ્ટિક અને થર્મોકોલ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ઉપરાંત, મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ એક પરિપત્ર બહાર પાડ્યો છે, જેમાં તહેવારો દરમિયાન કૃત્રિમ ફૂલોનો ઉપયોગ ટાળવા માટે કહેવામાં આવ્યું છે. એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન,૧,૨૪,૭૮૩ વ્યાપારી સંસ્થાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૩,૩૯૦ સામે કાર્યવાહી કરવામાં આવી હતી, અને ૧.૫૫ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ દરમિયાન ૬૭.૫૪ મેટ્રિક ટન સિંગલ-યુઝ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. ■

# અરબી સમુદ્રમાં ઓએનજીસીનાં પ્લેટફોર્મ પરથી લાખો રૂપિયાનાં સાધનો ચોરનારા ચાર ઝડપાયા

મુંબઈઃ અરબી સમુદ્રમાં ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી)નાં પ્લેટફોર્મ પરથી બેટરી બેંક, સોલાર પૅનલ, પાવર કેબલ સહિત લાખો રૂપિયાનાં સાધનો ચોરવા પ્રકરણે યલોગેટ પોલીસે માછીમારી બોટના માલિક અને તેના બે સાથીદારની ધરપકડ કરી હતી.

યલોગેટ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ચંદ્રકાંત ધર્માજી પાટીલ (૫૩), સંતોષ કૃષ્ણા પાટીલ (૫૦) અને વિદ્યાધર ગજાનન મ્હાત્રે (૩૨) તરીકે થઇ હતી. રાયગડ જિલ્લાના પેણ તાલુકામાં રહેતા આરોપીઓ પાસેથી ૧૦.૭૦ લાખ રૂપિયાની ૪૯ બેટરી તથા ગુનો આચરવા માટે વપરાયેલી 'કૌશલ્યાચા રામ શક્તિ' નામની માછીમારી બોટ જપ્ત કરવામાં આવી હતી. બોટના માલિક ચંદ્રકાંત પાટીલને રાયગડથી પકડી પાડવામાં આવ્યો હતો.

ઓએનજીસી સાથે સંકળાયેલા સિનિયર સિક્યુરિટી ઓફિસર આદિત્ય શંકરે આ પ્રકરણે યલોગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં ઓએનજીસીના ચાર પ્લેટફોર્મ પરથી માર્ચ મહિનામાં લાખો રૂપિયાનાં સાધનો ચોરાયાં હોવાનું જણાવાયું હતું.

આ પ્રકરણે ચાર ગુના દાખલ કરવામાં આવ્યા હતા અને તપાસ માટે પોલીસન બે વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી. પોલીસની આ ટીમે તપાસ આદરીને ગુનામાં સંડોવાયેલા ચારેય આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ પ્લેટફોર્મ સુધી પહોંચવા માટે તેમની માછીમારી બોટનો ઉપયોગ કરતા હતા. તેઓ દિવસ દરમિયાન પ્લેટફોર્મ પર નજર રાખતા હતા અને રાતે ચોરી કરવા માટે પાછા ફરતા હતા. ■

# ગૂડીપડવાના મૂહુર્તે જ હાફુસ કેરી કડવી

## આવક ઘટી, ભાવ આસમાને

પુણેઃ ગૂડીપડવો એટલે કેરીનો સ્વાદ ચાખવાની પરંપરા, પરંતુ પુણેના લોકોને હાફૂસ કેરી ખાવા માટે હજુ થોડી રાહ જોવી પડશે. વાતાવરણમાં ફેરફાર વધુ પડતી ઠંડી અને જીવાતોના ઉપદ્રવને કારણે કેરીના ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે. બજારમાં કેરીની આવક ઓછી હોવાથી તેના ભાવમાં પણ ખૂબ વધારો થયો છે. માર્કેટયાર્ડમાં કેરીનું આગમન હાલમાં ખૂબ જ ઓછું છે અને પાછલા વર્ષોની તુલનામાં પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ છે. ગયા વર્ષની તુલનામાં જ્યાં લગભગ ૫,૦૦૦ બોક્સ આવતા હતા, આ વર્ષે બજારમાં ફક્ત ૧૫૦ થી ૨૦૦ બોક્સ સુધી મર્યાદિત રહી છે. વેપારીઓએ માહિતી આપી છે કે આવક પણ ૭૦ ટકાથી ઘટીને ૩૦ ટકા થઈ ગઈ છે.

બજારમાં ઉપલબ્ધ તૈયાર કેરી મુખ્યત્વે એક્સપોર્ટ ક્વોલિટીની છે અને તેની માંગ વધુ છે. આ કારણે ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. તૈયાર કેરીના ભાવ પ્રતિ ડઝન ૨,૦૦૦ થી ૩,૫૦૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે, જ્યારે કાચી કેરી માટે પણ ગ્રાહકોને ૧,૫૦૦ થી ૨,૫૦૦ રૂપિયા ચૂકવવા પડે છે. બીજી તરફ કોંકણમાં, તાપમાનમાં વધઘટ, ભેજવાળા હવામાન અને અને જીવાતોના ઉપદ્રવને કારણે ઉત્પાદનમાં ૬૦ થી ૭૦ ટકા જેટલો ઘટાડો થયો છે. ■

# અકોલામાં ઉદ્ધવ સેનાને આંચકો, છમાંથી ચાર કોર્પોરેટરો શિંદે જૂથમાં જોડાયા

મુંબઈઃ અકોલામાં રાજકીય ભૂકંપ આવ્યો છે. મ્યુનિસિપલ ચૂંટણીઓ પછી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ એક મોટી રાજકીય ચાલ ચાલી છે. આમાં અકોલામાં શિવસેના યુવીટી જૂથને મોટો ઝટકો લાગ્યો છે. છ ચૂંટાયેલા કોર્પોરેટરોમાંથી ચાર કોર્પોરેટરો પાર્ટી છોડીને શિંદે જૂથમાં જોડાયા છે. અકોલા પછી ઉદ્ધવ સેનાને રાજ્યમાં 'ઓપરેશન ટાઇગર'નો ડર છે.

મનોજ પાટીલ, સાગર ભારુકા, સોનાલી સરોદે અને સુરેખા કાલે નામના ચાર કોર્પોરેટરોએ એકનાથ શિંદેની હાજરીમાં મુંબઈમાં સત્તાવાર પ્રવેશ કર્યો હતો. પ્રવેશની આગેવાની શિવસેનાના નેતા ચંદ્રશેખર પાંડે ગુરુજીએ કરી હતી. આ બધામાં સૌથી મોટો વળાંક એ છે કે યુવીટી જૂથના જિલ્લા પ્રમુખ મંગેશ કાળે પણ શિંદે જૂથમાં જોડાઈ ગયા છે. તેથી આ રાજકીય આંચકો વધુ મોટો માનવામાં આવે છે. દરમિયાન મનોજ પાટિલ પ્રહારના મહાનગર પ્રમુખ છે અને તેમણે વોર્ડ નંબર પાંચમાં યુવીટી સાથે જોડાણ કરીને ચૂંટણી લડી હતી. આ પક્ષપલટા પછી, અકોલામાં ભાજપની આગેવાની હેઠળના શહેર સુધારણા જોડાણની તાકાત વધી ગઈ છે. ■

# ફડણવીસનો અમિત શાહને પત્ર, રોહિત પવારનો પણ ઉલ્લેખ કર્યો

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના વિમાન અકસ્માતમાં તોડફોડની આશંકા તેમના સમર્થકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી હતી. તેમના પરિવારમાંથી સૌપ્રથમ રોહિત પવારે પણ સંશય વ્યક્ત કર્યો હતો અને સીબીઆઈ તપાસની માગ કરી હતી. રોહિત પવારે આ સંદર્ભમાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે રાજ્ય સરકારે સીબીઆઈ તપાસ માટે પત્ર મોકલ્યો નથી. આ પછી હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને લખેલો પત્ર પ્રકાશમાં આવ્યો છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે છઠ્ઠી માર્ચે આ સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર મોકલ્યો છે. આ પત્રમાં રોહિત પવારનો પણ ઉલ્લેખ છે. એટલુંજ નહીં, પણ રોહિત પવારે લખેલો પત્ર પણ તેમણે સાથે જોડ્યો છે. દેવેન્દ્ર ફડણવીસે પહેલગામ હુમલાના પીડિતોના પરિવારને મોટી રાહત આપી છે. મુખ્ય પ્રધાનની પહેલ પર, આશાવરી જગદાલેને વર્ગ-૨ નોકરીનો પત્ર આપવામાં આવ્યો છે. આશાવરી જગદાલેને પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી અધિકારી તરીકે નોકરી મળી છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| टंक | અચાનક |
| टंचाई | ટાંકો |
| टक | કઠણ |
| टणक | અછત |
| टपकन | ટાંકણું |

## જાણવા જેવું

એવું માનવામાં આવે છે કે ઈરાનમાં પહેલાં પુરાપાષાણયુગ કાલીન લોકો રહેતાં હતાં. અહીંના માનવ નિવાસ એક લાખ વર્ષ જૂના હોઈ શકે છે. લગભગ ૫૦૦૦ ઈસવી સન પૂર્વથી અહીં ખેતી શરૂ થઈ ગઈ હતી. મેસોપોટામિયાની સભ્યતાના સ્થળની પૂર્વમાં માનવ વસ્તીઓના હોવાના પ્રમાણ મળ્યાં છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના એકમાત્ર સગા ભાણેજની એકમાત્ર સગી બહેનના નાના પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) પિતા  બ) કાકા
ક) માસા  ડ) મામા

## નોંધી રાખો

યાદ રાખજો, પ્રેમ - મોહબ્બતના શહેરમાં પ્રભાત સૂરજ ઊગવાથી નથી પડતું, બલકે કોઈ ચહેરાના દર્શન સાથે સવાર પડે છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | | ૩ | | ૪ | |
| ૫ | | | ૬ | ૭ | ૮ | | | ૯ | ૧૦ |
| | | | | ૧૧ | | | | | |
| ૧૨ | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | | | ૧૯ | ૨૦ | | |
| | ૨૧ | | | | | ૨૨ | | | |
| ૨૩ | | | ૨૪ | ૨૫ | ૨૬ | | | ૨૭ | ૨૮ |
| | | | | ૨૯ | | | | | |
| ૩૦ | ૩૧ | | ૩૨ | | | ૩૩અ | | ૩૩ | |
| | ૩૪ | | | | | ૩૫ | | | |

### આડી ચાવી

૧ દાન, સખાવત (૩)
૩ /---- કરવું=પ્રયાણ કરવું (૩)
૫ વિસ્તાર, પસારો (૨)
૬ પુલ્લિંગ (૪)
૯ તપાસ, ખોળ (૨)
૧૧ બૂમ, અવાજ (૨)
૧૨ આબુ પર્વત પર આવેલું સરોવર (૨)
૧૪ હળવાપણું (૪)
૧૬ નાનો દાણો (૨)
૧૭ ચારે બાજુ, ચોમેર (૩)
૧૯ લાકડી પર ચીંથરા વીંટાળી પ્રગટાવાતો દીવો (૩)
૨૧ મકરસંક્રાંતિ (૩)
૨૨ મુગટ, કિરીટ (૩)
૨૩ ---- ને આંચ નહીં (૨)
૨૪ ઝઘડો, કજિયો (૪)
૨૭ વધારે (૨)
૨૯ સાથે (૨)
૩૦ કજિયાનાં ત્રણ છોરુંમાંનો એક (૨)
૩૨ કરનાર, કર્તા (૨)
૩૩ છેલબટાઉ, ફાંકડો (૨)
૩૪ દુઃખ, આફત (૩)
૩૫ એકાગ્ર, લીન (૩)

### ઊભી ચાવી

૧ લાંબી મુસાફરી, સફર (૩)
૨ શરીર, દેહ (૨)
૩ તરફ (૨)
૪ કેફી ચીજોથી ચડતો કેફ (૨)
૫ ભાષણ (૩)
૭ ફળદ્રુપ (૩)
૮ જાગને ----, કૃષ્ણ ગોવાળિયા ---- (૩)
૧૦ પૃથ્વી (૩)
૧૩ ભરચક, ગીચોગીચ (૪)
૧૪ દિલગીરી, શોક (૪)
૧૫ તલવાર (૪)
૧૬ મધુર ધ્વનિ (૪)
૧૮ ફાંસો, ગાળો (૨)
૨૦ આબરૂ, આંટ (૨)
૨૩ સિંહ (૩)
૨૫ ઊણપ, ઓછપ (૩)
૨૬ વિસામો, આરામ (૩)
૨૮ ભૂસકો, કૂદકો (૩)
૩૧ સૂર્ય (૨)
૩૨ વિસ્તાર, આકાર (૨)
૩૩ અ ટેવ, વ્યસન (૨)
૩૩ હાથ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પા | રં | ૨ ગ | ૩ ત | | | ૪ ખ | ત | રો | |
| ણી | | ૫ ગ | મ | | ૬ બે | ટ | | | ૭ અ |
| યા | | ન | | ૮ જુ | | ૯ પ | રા | ભ | વ |
| ૧૦ રું | ૧૧ ડ | | | ૧૨ લ | પા | ટ | | | ન |
| | ૧૩ મ | ૧૪ રુ | ભૂ | મી | | | ૧૫ આ | ૧૬ ગ | વું |
| ૧૭ અ | રૂ | ચિ | | | ૧૮ પ | મ | રો | ળ | |
| વિ | | | ૧૯ છં | ટા | વ | | | ૨૦ કાં | ૨૧ જી |
| ૨૨ ના | પ | સં | દ | | લ | | ૨૩ ઠો | | ર્ણો |
| શી | | | ૨૪ બ | ગા | | ૨૫ આં | ક | | ધ્યા |
| | ૨૬ સ | મૃ | દ્ધ | | | ૨૭ ધી | ર | ધા | ર |

## ઓળખાણ પડી?



૨૦૨૩માં શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ મેળવનારાં અને માનવીય હક માટે લડત ચલાવનારાં ઈરાનનાં સન્નારીની ઓળખાણ પડી?

અ) ઈલ્હામ અઝીઝી
બ) મસી અલીનેજાદ
ક) નરગીસ મોહમ્મદી
ડ) ગોલશિફે ફરાહાની

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં વાસણનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો.

ઘણી મહેનત પછી હવે ભાઈ ઠરીઠામ થયા છે.

## માઈન્ડ ગેમ

ગુજરાતી ભાષામાં લખવામાં આવેલી સૌપ્રથમ સળંગ હાસ્યરસિક નવલકથાના સર્જકનું નામ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) બકુલ ત્રિપાઠી  ૨) જ્યોતીન્દ્ર દવે
૩) રમણભાઈ નીલકંઠ  ૪) દલપતરામ ત્રવાડી

## સુડોકુ-૯૨૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | | ૯ | |
| | | | ૨ | ૯ | | ૭ | | |
| ૧ | | | ૮ | | | ૪ | | ૨ |
| ૯ | | | ૫ | ૨ | | ૧ | | |
| | | ૪ | | | | ૬ | | |
| | | ૨ | | ૪ | ૧ | | | ૩ |
| ૫ | | ૭ | | | ૪ | | | ૯ |
| | | ૬ | | ૩ | ૫ | | | |
| | ૯ | | | | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ | ૩ | ૯ |
| ૨ | ૧ | ૮ | ૯ | ૩ | ૪ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૩ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૨ |
| ૯ | ૬ | ૨ | ૧ | ૮ | ૩ | ૫ | ૪ | ૭ |
| ૧ | ૫ | ૪ | ૬ | ૯ | ૭ | ૨ | ૮ | ૩ |
| ૮ | ૭ | ૩ | ૪ | ૫ | ૨ | ૧ | ૯ | ૬ |
| ૩ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ | ૬ | ૫ | ૪ |
| ૭ | ૯ | ૬ | ૮ | ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ | ૬ | ૯ | ૭ | ૮ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| जिना | દાદરો |
| जिद्द | હઠ |
| जितराब | ખેતર |
| जितके | જેટલું |
| जिकीर | રકઝક |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ભાભી

**ઓળખાણ પડી?**
ઈવાના ટ્રમ્પ

**માઈન્ડ ગેમ :**
વેળાવેળાની છાંયડી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
રાવ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનલ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) હર્ષા મહેતા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) કમલ માતલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) કિરીટ છેડા (૩૩) અંજુ ટોલિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નિતીન જયંતીલાલ બજરિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ દોશી (૪૭) ઈનાક્ષીબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૫૦) હિનાબેન દલાલ (૫૧) કમલ માતલિયા

# બારામતી વિમાન દુર્ઘટનાઃ અંતિમ અહેવાલ તૈયાર થઈ રહ્યો છે

પુણેઃ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન વિભાગના રાજ્ય પ્રધાન મુરલીધર મોહોળે શુક્રવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોના મૃત્યુ થયા હતા એ બારામતી વિમાન દુર્ઘટનાનો અંતિમ અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

પુણેમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પ્રધાને જણાવ્યું હતું કે ‘અંતિમ અહેવાલ ન આવે ત્યાં સુધી તપાસ પર ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. જોગવાઈ અનુસાર કોઈપણ વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક અહેવાલ ઘટનાના એક મહિનાની અંદર રજૂ કરવો જોઈએ. હાલની વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક અહેવાલ સાદર કરવામાં આવ્યો છે. ઘણી અન્ય એજન્સીઓ તપાસ કરી રહી હોવાથી અંતિમ અહેવાલ પર કામ હવે શરૂ થઈ ગયું છે.’ ૨૮ જાન્યુઆરીએ સવારે બારામતી હવાઈ પટ્ટી નજીક એવિએશન કંપની વીએસઆર વેન્ચર્સ દ્વારા સંચાલિત લિયરજેટ ૪૫ વિમાન તૂટી પડ્યું હતું. એ વિમાનમાં અજિત પવાર અને અન્ય ચાર જણના મૃત્યુ થયાં હતાં.

હવાઈ દુર્ઘટના અંગેના તેના ૨૨ પાનાના પ્રારંભિક અહેવાલમાં એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ કહ્યું છે કે વિમાન તૂટી પડ્યું એ સમયે દૃશ્યતા જરૂરી સ્તરથી ઓછી હતી.(પીટીઆઈ)

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર વાહનોને ટક્કર મારી ટ્રેલર કાર પર ઊંધું વળ્યુંઃ ત્રણનાં મોત

## ટ્રેલરના ડ્રાઈવર સહિત પાંચ જખમીઃ ચાર વાહનોને નુકસાનઃ કન્ટેનર નીચે દબાયેલી કારમાંથી મૃતકોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી નડી

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર રાયગડ જિલ્લાના ખોપોલી નજીક થયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ જણે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા, જ્યારે પાંચ જખમી થયા હતા. બેકાબૂ ટ્રેલર આગળ જતાં વાહનો સાથે ટકરાયા પછી કન્ટેનર ઈન્નોવા કાર પર ઊંધું વળી ગયું હતું. કન્ટેનર નીચે દબાઈ જવાને કારણે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને મૃતકોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. અકસ્માતને કારણે મુંબઈ તરફની લેન પર વાહનોની લાંબી લાઈન લાગી હતી.

ખોપોલી પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત બુધવારની સવારે ૯.૪૦ વાગ્યાની આસપાસ થઈ હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓની ઓળખ અંબાદાસ દામુ પેટારે, શ્રીકાંત અનંત જાધવ અને પ્રમોદ શંકર પવાર તરીકે થઈ હતી. ઈન્નોવા કારની અંદર બેસેલા ત્રણેયનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં.

અધિકારીએ જણાવ્યું હતું કે જખમીઓમાં ટ્રેલર ડ્રાઈવર અવધેશ યાદવ (૩૭) સહિત નવનાથ ભુજબળ (૩૨), અક્ષય ગાયકવાડ (૩૧), ભાનુદાસ ગાયકવાડ (૨૭) અને સ્વપ્નિલ ભુજબળ (૩૬)નો સમાવેશ થાય છે. જખમીઓને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પુણેથી મુંબઈ તરફ પુરપાટ ગતિએ ટ્રેલર કન્ટેનર આવી રહ્યું હતું. એકાએક ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે ટ્રેલર બેકાબૂ બની ગયું હતું. ટ્રેલર આગળ જતાં ચાર વાહન સાથે ટકરાયું હતું અને કન્ટેનર કાર પર ઊંધું વળી ગયું હતું.

કન્ટેનરના વજનથી કારનો છૂંદો વળી ગયો હતો, જેને કારણે કારમાં હાજર ત્રણેય અંદર ફસાઈ ગયા હતા. કહેવાય છે કે મૃતદેહોને બહાર કાઢવા માટે કારનો દરવાજો તોડવો પડ્યો હતો. અકસ્માતમાં ટ્રેલરનો ડ્રાઈવર ગંભીર રીતે ઘવાયો હોવાથી સારવાર બાદ તેની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

# મુંબઈ કોરું પણ રાજ્યના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ, થાણે અને પાલઘરમાં અને બુધ અને ગુરુના હળવા વરસાદની ચેતવણી હવામાન ખાતાએ આપી હતી પણ બુધવારના કોઈ વરસાદી ગતિવિધી જોવા મળી નહોતી. જોકે મુંબઈમાં તાપમાનમાં ચોક્કસ ઘટાડો થયો હતો.

મુંબઈ સહિત તેના પડોશી શહેર થાણે અને પાલઘરમાં ૧૮ અને ૧૯ માર્ચના વીજળીના ગડગડાત સહિત વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી હતી પણ બુધવાર સુધીમાં વાતાવરણમાં એવી કોઈ ગતિવિધી જોવા મળી નહોતી. જોકે મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં તાપમાનમાં મોટા પ્રમાણમાં ઘડાટો નોંધાયો હતો. હજી ગયા અઠવાડિયા સુધી ૪૦ ડિગ્રીથી ઉપર તાપમાન નોંધાઈ રહ્યું હતું તેમાં મોટો ઘટાડો નોંધાયો હતો.મુંબઈમાં બુધવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૬ ડિગ્રી તો સાંતાક્રુઝમાં ૩૧.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૩ ડિગ્રી નોંધાયું હતું. તો વિદર્ભ પણ માર્ચના પહેલા પખવાડિયામાં ગરમીથી ધગધગી રહ્યું હતું જેમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો, તેમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો. મુંબઈ સહિત થાણે અને પાલઘરમાં હળવા વરસાદની ચેતવણી બાબતે હવામાનના નિષ્ણાતે જણાવ્યું હતું કે મુંબઈમાં વાવાઝોડાની શક્યતા ઓછી છે પણ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ વિસ્તારમાં બુધવારથી ૨૦ માર્ચ, શુક્રવાર સુધીમાં છૂટાછવાયા વરસાદની શક્યતા વધુ છે.

# થાણેમાં તમામ આઈવીએફ અને સોનોગ્રાફી સેન્ટરની તપાસ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ બદલાપુરમાં ઍગ ડોનેટનું રૅકેટ બહાર આવ્યા બાદ થાણે જિલ્લાના અન્ય શહેરોમાં પણ આવા પ્રકરણ બહાર આવી રહ્યા છે, જેમાં થાણેની એક પ્રખ્યાત હૉસ્પિટલમાં લાઈસન્સ વગર ચાલી રહેલા આઈવીએફ સેન્ટરમાં આવો જ પ્રકારનો ગેરપ્રકાર ચાલી રહ્યો હોવાનું બહાર આવ્યા બાદ થાણે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે આ હૉસ્પિટલની માન્યતા તાત્કાલિક ધોરણે રદ કરી હતી અને સોનોગ્રાફી મશીન પરણ સીલ કર્યા હતા. આ બનાવ બાદ થાણેના તમામ આઈવીએફ અને સોનોગ્રાફી સેન્ટરની તપાસ કરવાનો નિર્દેશ થાણેના મેયરે પ્રશાસનને આપ્યો હતો.

ગરીબ મહિલાઓને પૈસાની લાલચ આપીને તેમને ઈંજેકશન દ્વારા ગર્ભમાં વધુમાં વધુ બીજ તૈયાર કરવા માટે ફરજ પાડવામાં આવતી હતી ત્યારબાદ આ બીજ કાઢીને લાખો રૂપિયામાં વેચવામાં આવતા હતા. બાળકો ન હોય તેવા કપલ તરફથી મોટી રકમ લઈને તેમને ગેરકાયદે રીતે વેચવામાં આવતું હતું.

આ દરમ્યાન થાણેમાં પ્રખ્યાત હૉસ્પિટલની માન્યતા નહીં ધરાવતા આઈવીએફ સેન્ટર પર છ માર્ચના થાણે પાલિકાના આરોગ્ય વિભાગે છાપો માર્યો હતો.

આ કાર્યવાહીમાં સેન્ટરની માન્યતા રદ કરી હતી. તેમ જ મેયર થાણે મહાનગરપાલિકાની હદમાં આવતા તમામ આઈવીએમ સેન્ટરની તાત્કાલિક તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમ જ આ પ્રકરણમાં તપાસ નિયમિત ધોરણે કરીને પ્રશાસનને દર અઠવાડિયે તેનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો.



**આનંદોઃ** દસમા ધોરણની છેલ્લી પરીક્ષા બુધવારે હતી. પરીક્ષાનું ટેન્શન પૂરું થયા બાદ વિદ્યાર્થીઓએ પોતાની બેગ ઉછાળીને આનંદ વ્યક્ત કર્યો હતો.

# અખાતી યુદ્ધ વચ્ચે ભારતે કડક વલણ અપનાવવાની જરૂર હતીઃ અખિલેશ યાદવ

મુંબઈઃ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે શનિવારે કહ્યું કે ભારતે હાલમાં ચાલી રહેલા યુએસ-ઇઝરાયલ-ઈરાન યુદ્ધ સામે કડક વલણ અપનાવવું જોઈતું હતું, જેમાં અનેક મહિલાઓ અને બાળકો માર્યા ગયા અને ભારતના અર્થતંત્રને અસર થયું.તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શાંતિનો સંદેશ મોકલીને અને યુદ્ધ અટકાવીને વિશ્વગુરુ બની શક્યા હોત. વડા પ્રધાન અને ભાજપ માટે વિશ્વગુરુ બનવાની તક છે. આપણે યુદ્ધ સામે વલણ અપનાવવું જોઈતું હતું. મહિલાઓ અને બાળકો માર્યા ગયા છે, અને ભારતમાં, યુદ્ધ આપણા અર્થતંત્રને અસર કરી રહ્યું છે, એમ તેમણે પત્રકારોને જણાવ્યું.યાદવ પાર્ટીના મહારાષ્ટ્ર એકમના વડા અબુ અસીમ આઝમી દ્વારા આયોજિત ઇફ્તાર (રમઝાન મહિના દરમિયાન રોજા છોડવા માટે સાંજનું ભોજન) માં હાજરી આપવા મુંબઈ પહોંચ્યા.

# આદિવાસી સગીરાનું અપહરણ કરી લગ્ન માટે તેને વેચી દીધીઃ ‘પતિ’ સહિત ચારની ધરપકડ

## પીડિતાને ખેતરના ઘરમાં ગોંધી રાખીને બળાત્કાર ગુજારાયો હતો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાંથી પંદર વર્ષની આદિવાસી સગીરાનું અપહરણ કરવા, ગેરકાયદે લગ્ન માટે તેના પર દબાણ કરવા અને જાતીય શોષણ કરવાના આરોપસર સગીરાના ‘પતિ’ સહિત ચાર જણની ધરપકડ કરવામાં આવી હતી.

ભિવંડીથી ૨૬ ફેબ્રુઆરીએ અપહરણ કરવામાં આવ્યું હતું અને બીડ જિલ્લામાં લગ્નને નામે તેને આધેડ પુરુષને વેચી દેવામાં આવી હતી. અત્યંત ગરીબી અને માતા-પિતાની ગેરહાજરીને કારણે પીડિતાનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું.

એજન્ટ અને તેના સાથીદારોએ પીડિતાનું અપહરણ કર્યું હતું, જેમણે લગ્ન દ્વારા સુખી જીવનનું તેને આશ્વાસન આપ્યું હતું. જોકે તેમણે પીડિતાને બીડના પટોડાના રહેનારા આધેડ પુરુષને વેચી દીધી હતી, એમ થાણે ગ્રામીણ પોલીસના અધિકારીએ કહ્યું હતું. દરમિયાન પીડિતાને ધમકાવવામાં આવી હતી અને ૨૭ ફેબ્રુઆરીએ ગેરકાયદે લગ્ન માટે તેના પર દબાણ કરવામાં આવ્યું હતું. ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ દરમિયાન તેના ‘પતિ’ ભાઉસાહેબ તાંબેએ તેને ખેતરમાં પતરાના ઘરમાં ગોંધી રાખીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતા પાસે મોબાઇલ ન હોવાથી તે કોઇને સંપર્ક સાધી શકતી નહોતી. આખરે પીડિતા ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહી હતી. (પીટીઆઇ)

# નવ વર્ષ પૂર્વે અકસ્માતને કારણે દિવ્યાંગ બનેલા યુવકને ૪૭.૨૮ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૭માં પૂરપાટ વેગે આવેલી મોટરસાઇકલે અડફેટે લીધા બાદ ‘જીવન બદલી નાખનારી’ ઇજાઓ તેમ જ શારીરિક દિવ્યાંગતાનો ભોગ બનેલા યુવકને ૪૭.૨૮ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

એમએસીટીનાં સભ્ય આર.વી. મોહિતેએ ૧૩ માર્ચે આપેલા પોતાના ચુકાદામાં ટૂ-વ્હીલરની વીમા કંપનીને પ્રથમ દાવેદારને રકમ ચૂકવવાના અને બાદમાં વાહનમાલિક પાસેથી તે વસૂલવાના નિર્દેશ આપ્યા હતા. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે વાહનચાલક પાસે માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ ન હોવાથી વીમા પોલિસીની શરતોનો ભંગ થયો હતો.

દાવેદાર અબ્દુલ ગફુર મોહંમદ અલ્તાફ શેખ (એ સમયે ૨૦ વર્ષનો અને અંડરગ્રેજ્યુએટ કોમર્સનો વિદ્યાર્થી હતો) મીરા ભાયંદરમાં ફ્લાયઓવર રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે મોટરસાઇકલે તેને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે શેખ અનેક ફ્રેક્ચર થયા હતા અને માથામાં પણ ગંભીર ઇજા પહોંચી હતી.

ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે દાવેદાર શેખની વિવિધ હોસ્પિટલમાં થયેલી સારવારનો ખર્ચ પચીસ લાખ રૂપિયાથી વધુ થયો હતો. દાવેદારે એક કરોડ રૂપિયાનું વળતર માગ્યું હતું, જ્યારે ટ્રિબ્યુનલે તેની કાર્યાત્મક દિવ્યાંગતાનું મૂલ્યાંકન ૩૫ ટકા કર્યું હતું.

ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે મોટરસાઇકલસવાર પૂરપાટ વેગે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી રહ્યો હતો. ઘટના સમયે તેની પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ નહોતું. આથી મોટરસાઇકસવાર દ્વારા વીમા પોલિસીની શરતો અને નિયમોનો ભંગ થયો છે.

ટ્રિબ્યુનલે અરજીની તારીખ (૧૯ એપ્રિલ, ૨૦૧૯)થી રકમની વસૂલાત સુધી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે ૪૭.૨૮ લાખ વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઇ)

# અગ્નિવીરોના પુનર્વસન અંગે સરકાર પાસે સમિતિનો અહેવાલ પ્રાપ્ત થયા બાદ નિર્ણય લેવાશેઃપ્રધાન શંભુરાજ દેસાઈ

મુંબઈ : અગ્નિવીર યોજના હેઠળ સેવા પૂર્ણ કરીને પરત ફરતા જવાનોના પુનર્વસન અંગે રચવામાં આવેલી સમિતિનો અહેવાલ ૭ એપ્રિલ પહેલા સરકારને મળી જશે, તેવી માહિતી ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ પ્રધાન શંભુરાજ દેસાઈએ વિધાનસભામાં આપી હતી.

વિધાનસભા સભ્ય ચંદ્રદીપ નાર્કેએ અગ્નિવીર જવાનોના પુનર્વસન અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેના જવાબમાં દેસાઈએ જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોમાં અગ્નિવીરોની નિમણૂક ચાર વર્ષના સમયગાળા માટે કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાંથી ૨૦૨૨ થી ૨૦૨૪ ના સમયગાળા દરમિયાન અંદાજે ૧૧ હજાર અગ્નિવીરો સૈન્ય દળમાં સામેલ થયા છે. તેમાંથી ૨૫ ટકા એટલે કે લગભગ ૨,૭૫૦ લોકોને આગળ સેનામાં સેવા આપવાની તક મળી શકે છે, જ્યારે બાકીના આશરે ૮,૨૫૦ અગ્નિવીરો ચાર વર્ષનો સમયગાળો પૂર્ણ કર્યા પછી નાગરિક જીવનમાં પરત ફરશે. આ પૃષ્ઠભૂમિમાં રાજ્ય સરકારે એક અભ્યાસ જૂથની સ્થાપના કરી છે અને તેમને ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ સમયગાળો ૭ એપ્રિલે પૂર્ણ થઈ રહ્યો છે અને તે પહેલા સમિતિનો અહેવાલ સરકારને સુપરત કરવામાં આવશે.

અહેવાલ મળ્યા પછી, રાજ્યના વિવિધ ગણવેશધારી દળો, જેમ કે પોલીસ વિભાગ, રાજ્ય અનામત પોલીસ દળ , વન વિભાગ અને રાજ્ય આબકારી વિભાગમાં ફાયર ફાઇટરોને તકો પૂરી પાડવા અંગે સંબંધિત પ્રધાનો સાથે સંયુક્ત બેઠક યોજાશે. ત્યારબાદ, આ મુદ્દા પર અંતિમ નીતિ બનાવવા માટે મુખ્ય પ્રધાન સાથે ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે , એમ દેસાઈએ સ્પષ્ટ કર્યું હતું.

# મૃણાલ ગોરે બ્રિજના ખર્ચમાં થયેલા વધારા સામે નગરસેવકોને શંકા

મુંબઈઃ ગોરેગામમાં મૃણાલતાઈ ગોરે બ્રિજના વિસ્તારમાં છેલ્લાં સાત વર્ષમાં ત્રીજી વખત ખર્ચમાં વધારો થયો છે, જેમાં કુલ ૩૮.૩૩ કરોડ રૂપિયાનો વધારો થયો છે, જેની સામે સ્થાયી સમિતિના સભ્યોએ શંકા વ્યક્ત કરી હતી. અનિયમિતતાની શંકા વ્યક્ત કરતા સભ્યોએ સલાહકાર અને કૉન્ટ્રેક્ટરની ભૂમિકા પર ચિંતા વ્યક્ત કરી હતી. સ્થાયી સમિતિએ વારંવાર ખર્ચમાં વધારા પાછળનાં કારણો સમજવા માટે એન્જિનિયર અને કન્સલ્ટન્ટ સાથે સ્થળની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. આ પ્રસ્તાવ પરનો નિર્ણય આગામી બેઠક સુધી મુલતવી રાખવામાં આવ્યો છે.

બુધવારે સ્થાયી સમિતિ સમક્ષ આ પ્રસ્તાવ અંતિમ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં શિવસેના (યુબીટી)ના નગરસેવક યશોધરણ ફણસેના બ્રિજના કામના સ્થળનું ઈન્સ્પેકશન કરવાની માગણી કરી હતી. તેમ જ કામમાં થયેલા વિલંબ બાબતે પણ સવાલ કર્યો હતો અને મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવરનું વિસ્તારીકરણ સાત વર્ષથી કેમ લંબાયું તે બાબતે સવાલ પણ કર્યો હતો. ભાજપના નગરસેવક પ્રીતિ સાટમે પણ કામમાં થયેલા વિલંબ અને ખર્ચમાં થયેલા વધારા બાબતે કન્સલટન્ટ અને કૉન્ટ્રેક્ટર વચ્ચે મિલીભગત હોવાનો આક્ષેપ કર્યો હતો.રામમંદિર રોડથી રિલીફ રોડ સુધીના એસ.વી.રોડ સુધીના વિસ્તારીત બ્રિજના બાંધકામ માટેનો કૉન્ટ્રેક્ટ શરૂઆતમાં વિવિધ કરવેરા સહિત ૨૦૯.૬૪ કરોડ રૂપિયામાં મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે પ્રોજેક્ટ ખર્ચ હવે ૩૮.૩૩ કરોડથી વધીને તેનો કુલ ખર્ચ ૨૪૭.૯૭ કરોડ રૂપિયા થઈ ગયો છે.

# એટીએમ કાર્ડ છેતરપિંડીઃ વરિષ્ઠ નાગરિકને પાંચ લાખ રૂપિયા ચૂકવવા બેન્કને આદેશ

મુંબઈઃ રાજ્ય ગ્રાહક આયોગે બેંક ઓફ ઈન્ડિયાને અનધિકૃત એટીએમ વ્યવહાર સંબંધિત અનધિકૃત ઉપયોગ માટે એક વરિષ્ઠ નાગરિકને વળતર તરીકે પાંચ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે.

રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચે તેના તાજેતરના આદેશમાં ભાર મૂકી જણાવ્યું હતું કે વૃદ્ધ અને ઓછા સાક્ષર ગ્રાહકો માટે વધુ ખબરદારી રાખવામાં આવે એવી અપેક્ષા હોય છે. પ્રત્યેક અનધિકૃત વ્યવહારની જવાબદારી બેન્ક પર આવે એ રીતે ગ્રાહક અધિકારક્ષેત્રમાં ખામી પર ધ્યાન નથી આપવામાં આવતું. અલબત્ત સાથે સાથે બેંકોની પણ ફરજ છે કે તેઓ એટીએમ કાર્ડ સંબંધિત સુવિધાઓ જારી કરતી વખતે અને સક્રિય કરતી વખતે મૂળભૂત સુરક્ષા ધોરણનું પાલન કરે.

૬૫ વર્ષનાં ફરિયાદી ગૃહિણી ચોથું ધોરણ પાસ છે. ૨૦૧૦માં તેમણે બેન્કમાં સેવિંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ખાતામાં તેમની રહેણાંક મિલકતના વેચાણમાંથી મળેલા ભંડોળમાંથી સોનાના દાગીના, વાઇન, ટેલિવિઝન સેટ અને અન્ય સામાન જેવી ખરીદી માટે ઉપયોગમાં લેવાતા અનધિકૃત એટીએમ રોકડ ઉપાડ દ્વારા ૧૨ લાખ ૪૭ હજાર ૪૦૨ રૂપિયા સેરવી લેવામાં આવ્યો હોવાનો આરોપ તેમણે કર્યો હતો. ફરિયાદીએ એટીએમ કાર્ડ સંબંધિત બેંકિંગ સર્વિસમાં ખામી હોવાનો આરોપ મૂકી કમિશનનો સંપર્ક કર્યો હતો. જોકે, બેંકે સ્પષ્ટપણે કોઈપણ ખામીનો ઇનકાર કર્યો હતો અને દલીલ કરી હતી કે ખાતું ધોરણો મુજબ ખોલવામાં આવ્યું હતું. બેંકે એમ પણ જણાવ્યું હતું કે ચેક બુક, એટીએમ કાર્ડ/પિન અને સંકળાયેલ પાસવર્ડ્સ ધરાવતી ’સ્વાગત કીટ’ જારી કરવામાં આવી હતી અને ફરિયાદીએ તેની રસીદ સ્વીકારી હતી. અનધિકૃત વ્યવહારો ત્રીજા વ્યક્તિના ગુનાહિત કૃત્યોને કારણે થયા છે, તેની ભૂલને કારણે નહીં.



**ગરમી પર માતઃ** હાલમાં ગરમીનું પ્રમાણ વધ્યુ છે. એસી ઓફિસમાં કામ કરનારાઓને બહારની ગરમી અનુભવાતી નથી, પરંતુ ખુલ્લા રસ્તા પર કામ કરનારાઓને ઉનાળાનો ખરો અનુભવ થતો હોય છે. સીએસએમટીની હેરિટેજ ઈમારતનું સમારકામ કરી રહેલા આ કામગારની હાલત વિશે આપણે વિચારી પણ ન શકીએ. (અમય ખરાડે)

# થાંભલાના સંપર્કમાં આવતા વીજળીનો કરંટ લાગીને સાત વર્ષના બાળકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના ડોંબિવલીમાં એક ઈલેક્ટ્રિક ફીડર પિલરના સંપર્કમાં આવી જવાથી સાત વર્ષના બાળકને કરંટ લાગતા તેનું મૃત્યુ થયું હોવાની દુર્ઘટના બની હતી.

ડોંબિવલીના ગોરસવાડીમાં જિજાઈ નગરમાં રવિવારે સવારના આ બનાવ બન્યો હતો, જેમાં બાળક રસ્તા પર રમી રહ્યો હતો ત્યારે સ્ટેટ ઈલેક્ટ્રિસીટી કંપની મહાવિતરણ દ્વારા સંચાલિત ફીડર થાંભલા તરફ તેનો બોલ જતો રહ્યો હતો.

બોલ લેવા દરમ્યાન તે થાંભલાના સંપર્કમાં આવતા તેને હાઈ-વોલ્ટેજનો કરન્ટ લાગ્યો હતો. તે તરત નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતો. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

પોલીસે એક્સિડેન્ટલ કેસ નોંધનીને તપાસ હાથ ધરી હતી.

# કોર્ટે ૨૦૨૩માં ભરવાડની હત્યાના કેસમાં પુરાવાના અભાવે બે જણને નિર્દોષ છોડ્યા

થાણેઃ થાણે કોર્ટે ત્રણ વર્ષ અગાઉ ભરવાડની હત્યાના કેસમાં પુરાવાના અભાવે બે જણને નિર્દોષ જાહેર કર્યા હતા. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે ૧૬ માર્ચે આપેલા પોતાના આદેશમાં અન્ના ઉર્ફે અબ્રાહમ મુંદરંગી (૫૦) અને અનિલ બસવરાજ મરાઠા (૩૨)ને તમામ આરોપમાંથી નિર્દોષ મુક્ત કર્યા હતા.બંને જણ પર આરોપ હતો કે ૧૨ એપ્રિલ, ૨૦૨૩ના રોજ તેમણે નાગેશ રાજુ કાંબળેની પટ્ટા અને બાંબુથી મારપીટ કરી હતી, જેમાં તેનું મૃત્યુ થયું હતું. તપાસકર્તા પક્ષ અનુસાર અન્ના મુંદરંગી માટે કામ કરનારો નાગેશ કાંબળે ઘેટાં લઇને મોડી રાતના પાછો ફર્યો હતો. ઘેટાં મુંદરંગીના હોવાથી તેણે કાંબળેની મારપીટ કરી હતી. જોકે એક માત્ર સાક્ષી ગણેશ અમુકસિદ્ધા ભોસલે ફેરવી તોળતાં કેસ નબળો પડી ગયો હતો. કોર્ટે ફોરેન્સિક અને સાંયોગિક પુરાવામાં ખામી હોવાનું નોંધ્યું હતું. કેમિકલ એનાલિસિસ રિપોર્ટ કાંઇ પણ દર્શાવતો નહોતો, એવું જજે અવલોકન કર્યું હતું.




**સ્વચ્છ મુંબઈઃ** પાલિકા દ્વારા ‘મુંબઈ સ્વચ્છતા અભિયાન’ સ્પર્ધા શરૂ કરવામાં આવી છે. તસવીરમાં આ સ્પર્ધાના બ્રાન્ડ એમ્બેસેડર અભિનેતા અક્ષયકુમાર અને પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી જોઈ શકાય છે.

# લલિત મોદીએ કાવ્યાને કહેવડાવ્યું, ‘મને કૉલ કરજો, હું મદદ કરવા તૈયાર છું’

લંડનઃ ૨૦૦૮માં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) શરૂ કર્યા પછી નાણાકીય ગેરરીતિના આક્ષેપો વચ્ચે દેશ છોડીને ઇંગ્લૅન્ડમાં સ્થાયી થઈ ગયેલા આઇપીએલના ભૂતપૂર્વ ચૅરમૅન લલિત મોદીએ પાકિસ્તાનના સ્પિનર અબ્રાર અહમદને ઇંગ્લૅન્ડની ‘ધ હન્ડ્રેડ’ ટૂર્નામેન્ટ માટે ઑક્શનમાં ખરીદવાના સનરાઇઝર્સ લીડ્સના નિર્ણય વિશે જે બબાલ થઈ છે એ સંદર્ભમાં આ ફ્રૅન્ચાઇઝીની માલિક કાવ્યા મારનને મદદ કરવાનો સંકેત આપ્યો છે.





સન ગ્રૂપની માલિકીના ફ્રૅન્ચાઇઝી સનરાઇઝર્સ હૈદરાબાદના સહ-ફ્રૅન્ચાઇઝી તરીકે ઓળખાતા સનરાઇઝર્સ લીડ્સે તાજેતરમાં અબ્રાર અહમદને હરાજીમાં ૨.૩૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે અગાઉ ભારતીય સૈન્ય વિશે અપમાનજનક બોલી ચૂકેલા આ ખેલાડીને (ખાસ કરીને પાકિસ્તાની પ્લેયરને) ખરીદવામાં આવ્યો એ મુદ્દે ભારતમાં કાવ્યા મારનની વિરુદ્ધમાં પ્રચંડ વિરોધ થયો છે જેની પ્રેક્ષકો તરફથી વિપરીત અસર ૨૮મી માર્ચે શરૂ થનારી આઇપીએલ દરમ્યાન સનરાઇઝર્સ હૈદરાબાદ પર જોવા મળી શકે.

લલિત મોદીએ સોશ્યલ મીડિયા પરની ક્રીપ્ટિક (શંકાસ્પદ) પોસ્ટમાં કાવ્યા મારનને મદદની ઑફર કરવાના સંકેત સાથે જણાવ્યું, ‘જ્યારે પ્રશંસકો પહેલેથી જ પરેશાન છે ત્યારે એક પાકિસ્તાની ખેલાડી પર ૨.૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો? જાહેર જનતાના દૃષ્ટિકોણનો પ્રશ્ન હોય ત્યારે પરિસ્થિતિને કેવી રીતે સંભાળવી એ વિશે અને સામ્રાજ્ય બનાવવા બાબતમાં હું કંઈક જાણું છું. મને કૉલ કરજો.’

કાવ્યા મારન હવે લલિત મોદીની મદદ લેશે કે નહીં અને લલિત મોદી પાસે તેના માટે કેવો ઉકેલ છે એ જોવું રહ્યું. ‘ધ હન્ડ્રેડ’માં ચાર ટીમની માલિકી ભારતીય કંપનીઓના હાથમાં છેઃ સનરાઇઝર્સ લીડ્સ, મૅન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ, એમઆઇ લંડન અને સધર્ન બ્રેવ.

બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે પાકિસ્તાની સ્પિનર અબ્રારને ખરીદવાના કાવ્યા મારનના પગલાંની આકરા શબ્દોમાં ટીકા કરીને આક્ષેપ સાથે જણાવ્યું છે કે ‘અબ્રાર સનરાઇઝર્સ લીડ્સ ફ્રૅન્ચાઇઝી પાસેથી જે રકમ કમાશે એનો ઉપયોગ આડકતરી રીતે ભારતીય સૈનિકો અને નાગરિકોના મૃત્યુ પાછળ થશે. પાકિસ્તાની પ્લેયરને જે (૨.૩૪ કરોડ રૂપિયાની) રકમ મળશે એમાંથી અમુક હિસ્સો ટેક્સ તરીકે પાકિસ્તાન સરકારના ખાતામાં જશે અને પાકિસ્તાન સરકાર એ કરવેરાની મદદથી શસ્ત્રો તથા દારૂગોળો ખરીદશે. આ બધું જોતાં, ભારતીય કંપનીઓએ પાકિસ્તાની રમતવીરો અને કલાકારોની સર્વિસ ખરીદવાનું ટાળવું જોઈએ.’ ■

# વાડાએ ટ્રમ્પ વિરુદ્ધની યોજના મોકૂફ રાખી!

વૉશિંગ્ટનઃ વર્લ્ડ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (ડબ્લ્યૂએડીએ-વાડા)ની ૨૦૨૪ તથા ૨૦૨૫ની ફી ન ચૂકવવા બદલ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તેમ જ અમેરિકાના ટોચના અધિકારીઓને મોટી ખેલકૂદ સ્પર્ધાઓ દરમ્યાન (ભલે એ સ્પર્ધા અમેરિકામાં યોજાવાની હોય તો પણ)ને પ્રવેશવાની મનાઈ કરવાની યોજના વાડા દ્વારા વિચારવામાં આવી રહી હતી, પરંતુ હાલ પૂરતું વાડાએ એ યોજના પડતી મૂકી છે.

આ વર્ષનો ફિફા વર્લ્ડ કપ કૅનેડા અને મેક્સિકો ઉપરાંત અમેરિકામાં પણ યોજાવાનો છે અને આ વિશ્વ કપના અંત સુધી યોજના (નવો કાયદો) વાડાએ મોકૂફ રાખી હોવાનું જણાય છે. ઉલ્લેખનીય છે કે હાલમાં અમેરિકા અને ઇઝરાયલનું ઇરાન સામે યુદ્ધ ચાલે છે.

જો સપ્ટેમ્બરમાં વાડા દ્વારા યોજના લાગુ કરાશે તો ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં ટ્રમ્પ સહિત ટોચના અધિકારીઓને રમતોત્સવ દરમ્યાન સ્ટેડિયમમાં એન્ટ્રી નહીં મળે. વાડાએ ડ્રગ્સ સંબંધિત પ્રતિબંધો લાગુ કરવામાં પક્ષપાત કર્યો હોવાનો અમેરિકાનો આક્ષેપ છે એટલે અમેરિકાએ બે વર્ષથી ફી નથી ભરી. કહેવાય છે કે અમેરિકાએ બે વર્ષથી વાડાને ૭.૩ મિલિયન ડૉલર નથી ચૂકવ્યા. ■

# કમિન્સની ગેરહાજરીમાં કિશન હૈદરાબાદનો કૅપ્ટન અને અભિષેક વાઇસ-કૅપ્ટન

નવી દિલ્હીઃ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)એ ગઈ કાલે પુષ્ટિ આપતા જણાવ્યું હતું કે ‘ઑસ્ટ્રેલિયાનો ફાસ્ટ બોલર પૅટ કમિન્સ એસઆરએચનો મુખ્ય કૅપ્ટન છે, પરંતુ તે ઈજાને કારણે આગામી આઇપીએલની શરૂઆતની અમુક મૅચો નહીં રમી શકે એટલે તેની ગેરહાજરીમાં ઇશાન કિશન ટીમની કૅપ્ટન્સી સંભાળશે. અભિષેક શર્માને કિશનનો ડેપ્યૂટી બનાવવામાં આવ્યો છે.’



સનરાઇઝર્સ હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીએ સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં આ જાણકારી આપી હતી. થોડા દિવસથી એવી ચર્ચા હતી કે કમિન્સ આઇપીએલની આગામી સીઝનની શરૂઆતની અમુક મૅચો નહીં રમી શકે એટલે ઇશાન કિશન અથવા અભિષેક શર્માને મોટી જવાબદારી સોંપવામાં આવશે એવી સંભાવના છે. બુધવારની જાહેરાત સાથે બન્નેની જવાબદારી સ્પષ્ટ થઈ ગઈ હતી.

ઇશાન કિશનની આઇપીએલના ઇતિહાસના સૌથી વિસ્ફોટક વિકેટકીપર-બૅટ્સમેનોમાં ગણના થાય છે. તે ભૂતકાળમાં મુંબઈ ઇન્ડિયન્સ તેમ જ ગુજરાત લાયન્સ ટીમ વતી રમ્યો હતો. તેણે આઇપીએલમાં કુલ મળીને ૧૧૯ મૅચમાં એક સેન્ચુરી અને ૧૭ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૨,૯૯૮ રન કર્યા છે. તેણે આ રન ૧૩૭.૬૪ના સ્ટ્રાઇક-રેટથી બનાવ્યા છે. તેણે આઇપીએલમાં ૧૦ વર્ષની કરીઅરમાં કુલ ૨૮૮ ચોગ્ગા અને ૧૩૪ છગ્ગા ફટકાર્યા છે. કિશને વિકેટકીપર તરીકે ૫૯ કૅચ ઝીલ્યા છે અને પાંચ બૅટ્સમેનને સ્ટમ્પ-આઉટ કર્યા છે. ૨૦૨૫માં તેને સનરાઇઝર્સે ૧૧.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને એ સીઝનમાં તેણે ૧૪ મૅચમાં ૧૫૨.૫૮ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૩૫૪ રન કર્યા હતા. તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ કિશને ખૂબ સારું પર્ફોર્મ કર્યું હતું. આ વિશ્વ કપમાં રમનારા ભારતીયોમાં કિશનના ૩૧૭ રન બીજા ક્રમે હતા. તેણે એ ૩૧૭ રન ૧૯૩.૦૦ના સ્ટ્રાઇક-રેટ સાથે બનાવ્યા હતા.

અભિષેક શર્મા હૈદરાબાદની અગાઉ ડેક્કન ચાર્જર્સ ટીમમાં હતો. તેણે આઇપીએલમાં કુલ ૭૭ મૅચમાં ૧૬૩.૦૧ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૧,૮૧૬ રન કર્યા છે. તેણે આ ૭૭ મૅચમાં કુલ ૧૦૧ છગ્ગા અને ૧૭૪ ચોગ્ગા સામેલ છે. ■

# ભારત-પાકિસ્તાન વચ્ચે વધુ એક ટક્કર થવાની છે, આ વખતે હૉકીમાં

નવી દિલ્હીઃ ક્રિકેટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે દોઢ વર્ષમાં ચાર મોટા મુકાબલા થયા (ચારેચાર ભારતે જીત્યા) એને પગલે એ હાઇ-વૉલ્ટેજ ડ્રામામાંથી હવે લોકોનો ઉત્સાહ થોડો ઓસરી ગયો છે કારણ કે પાકિસ્તાનની લૂલી ટીમ સામે ભારત મૅચને વન-સાઇડેડ બનાવી નાખે છે. હવે બન્ને દેશ વચ્ચે હૉકીમાં ટક્કર થવાની છે. ૧૫મી ઑગસ્ટે નેધરલૅન્ડ્સ અને બેલ્જિયમમાં મેન્સ હૉકીનો વર્લ્ડ કપ શરૂ થશે જેમાં ગ્રૂપ ‘ડી’માં ભારત અને પાકિસ્તાન વચ્ચે જંગ જામશે. ■

# ટ્રમ્પ વર્લ્ડ કપમાં ઈરાનની ટીમને અમેરિકામાં સુરક્ષા આપવા તૈયાર નથી

## ▸ ઈરાનની ટીમને મેક્સિકોમાં રમવું છે, પણ ફિફા કહે છે...

જીનિવાઃ આગામી જૂન મહિનામાં અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં યોજાનારા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં ઇરાનની ત્રણ મૅચ અમેરિકામાં રમાવાની છે, પરંતુ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ થોડા દિવસ પહેલાં જ કહી ચૂક્યા છે કે અમેરિકામાં તેઓ ઇરાનના ફૂટબૉલર્સની સલામતી વિશે કોઈ જ ખાતરી આપી શકે એમ નથી અને એ ટિપ્પણીને ધ્યાનમાં લઈને ઇરાને પોતાની મૅચો મેક્સિકોમાં રાખવા ફિફાને વિનંતી કરી છે. જોકે ફિફાનો આગ્રહ છે કે તમામ દેશોએ ત્રણ મહિના પહેલાં બનેલા મૂળ શેડ્યૂલને જ વળગી રહેવું જોઈએ.



૧૧મી જૂનથી ૧૯મી જુલાઈ સુધી રમાનારા ફિફા વર્લ્ડ કપમાં મધ્ય-પૂર્વના કેટલાક દેશો સહિત કુલ ૪૮ રાષ્ટ્રની ટીમ ભાગ લેશે. ટ્રમ્પે તાજેતરમાં એક સ્પીચમાં એવું કહ્યું હતું કે ‘અમેરિકામાં ઇરાનની ફૂટબૉલ ટીમ વર્લ્ડ કપ રમવા આવવાની છે, પણ હું તેમની સલામતીની કોઈ ખાતરી અત્યારે આપી ન શકું.’

ટ્રમ્પના આવા અભિગમથી ઇરાને મેક્સિકોનો સંપર્ક કર્યો છે. અમેરિકા સાથે મેક્સિકોના રાજકીય સંબંધો સારા નથી. મેક્સિકોનાં પ્રમુખ ક્લૉડિયા શિનબૉમે કહ્યું છે કે ‘જૂનમાં ઇરાન જો એની મૅચો અમારે ત્યાં રમવા માગશે તો અમે તેમના યજમાન બનવા ઉત્સુક છીએ. તેઓ અમેરિકાને બદલે અમારે ત્યાં તેમની મૅચો રમી શકે છે.’ ક્લૉડિયા આ ફેરફાર સંબંધમાં ફિફા સાથે વાટાઘાટ કરી રહ્યાં છે.

મધ્ય-પૂર્વમાં ૨૦ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હજારો હુમલા કર્યા છે. જોકે ઇરાને ઇઝરાયલ ઉપરાંત અખાતના દેશોમાં જ્યાં અમેરિકાના હવાઈ મથકો સહિતના જે મથકો છે ત્યાં ભારે હુમલા કર્યા છે. ■



# અંડર-૧૯ વર્લ્ડકપની ફાઈનલમાં ફટકારેલી સદી મારા કરિયરની સ્પેશ્યલ ઈનિંગઃ સૂર્યવંશી

જયપુર : ભારતીય ક્રિકેટના યુવા સ્ટાર બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઇનલમાં ઇંગ્લેન્ડ સામે ફટકારેલી સદીને પોતાના કરિયરની ‘સ્પેશ્યલ’ ઇનિંગ ગણાવી હતી, જેણે ભારતને ટાઇટલ જીતવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સૂર્યવંશીએ માત્ર ૮૦ બોલમાં ૧૭૫ રનની શાનદાર ઇનિંગ રમી, જેનાથી ભારત છઠ્ઠી વખત અંડર-૧૯ વર્લ્ડ કપ જીતવામાં મદદ મળી હતી.

રાજસ્થાન રોયલ્સની નવી જર્સીના લોન્ચિંગના અવસર પર ટીનેજર સુપરસ્ટાર સૂર્યવંશીએ કહ્યું હતું કે, મારી કારકિર્દીની અત્યાર સુધીની સૌથી યાદગાર ક્ષણ અંડર-૧૯ વર્લ્ડ કપ (હરારે) ની અંતિમ ઇનિંગ છે. હું પ્રથમ વખત અંડર-૧૯ વર્લ્ડ કપમાં રમી રહ્યો હતો.

ફાઇનલમાં સદી ફટકારવી એ મારા માટે ગર્વની ક્ષણ હતી. ફાઇનલમાં મે ટીમ માટે જે યોગદાન આપ્યું તે ખાસ હતું. ■

# બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ પર આઇસીસી પ્રતિબંધ મૂકશે? ક્રિકેટ બોર્ડ-સરકાર વચ્ચે ઘર્ષણ વધ્યું



ઢાકાઃ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) અને બાંગ્લાદેશ સરકાર વચ્ચે ઘર્ષણ વધી ગયું છે, દેશના ખેલ મંત્રાલયે બીસીબીની ચૂંટણીમાં ગરબડ થઈ હોવાના આરોપને પગલે તપાસ કમિટી બનાવી છે જેના પર બીસીબીએ એના પર ‘દરમ્યાનગીરી’નો આક્ષેપ કર્યો છે. એક તરફ આઇસીસીના નિયંત્રણોની લટકતી તલવાર છે ત્યાં બીજી બાજુ તમીમ ઇકબાલના આરોપોએ વિવાદને વધુ જટિલ બનાવી દીધો છે. ક્રિકેટ બોર્ડે તપાસ સમિતિ બરખાસ્ત કરવાની માગણી કરી છે.

બાંગ્લાદેશ ક્રિકેટ હજી હમણાં જ ટી-૨૦ વર્લ્ડ કપમાંથી થયેલી હકાલપટ્ટીના આઘાતમાંથી બહાર આવ્યું છે ત્યાં બીસીબીએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે બોર્ડના વિષયોમાં એણે જરાય દરમ્યાનગીરી કરવી નહીં, કારણકે એ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના નિયમની વિરુદ્ધ કહેવાય અને આવી દરમ્યાનગીરી દેશની ક્રિકેટ માટે ગંભીર પરિણામ લાવી શકે છે.

ખેલ મંત્રાલયે ગયા વર્ષે બીસીબીની ચૂંટણીમાં થયેલી ગેરરીતિ સંબંધમાં તપાસ માટે પાંચ મેમ્બરની કમિટી રચી છે. આ સમિતિને ૧૧મી માર્ચથી માંડીને ૧૫ દિવસની અંદર રિપોર્ટ આપી દેવા કહેવામાં આવ્યું છે. ચૂંટણીમાં અનિયમિતતા, હેરાફેરી તથા સત્તાના દુરુપયોગ જેવા આરોપો થયા છે. સામાન્ય રીતે કોઈ દેશના ક્રિકેટ બોર્ડના કારભારમાં એ દેશની સરકાર દરમ્યાનગીરી કરે તો આઇસીસી એ દેશની નૅશનલ ક્રિકેટ ટીમના અમુક સમય સુધી રમવા પર પ્રતિબંધ મૂકે છે.

ભૂતપૂર્વ ઓપનર તમીમ ઇકબાલે બીસીબીના અધ્યક્ષ અમિનુલ ઇસ્લામ પર ચૂંટણીની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો આરોપ મૂક્યો ત્યારથી વિવાદ શરૂ થયો હતો.

અમિનુલે કેટલાક જિલ્લાના કાઉન્સેલર બદલવાનું ખેલ મંત્રાલયને કહ્યું હોવાનો આરોપ તમીમે મૂક્યો હતો. એ ઉપરાંત, ચૂંટણીની ઉમેદવારી નોંધાવવા સંબંધિત તારીખ બે વખત બદલવાનો આરોપ પણ અમિનુલ પર મૂકાયો હતો. ■

# સેનેગલ પાસેથી ફૂટબૉલનું ટાઇટલ પાછું લઈ લેવાયું! ચૅમ્પિયન ટીમ કહે છે, અમે ૧૦ મિલિયન ડૉલર પાછા નહીં આપીએ

ડૅકાર (સેનેગલ)ઃ બરાબર બે મહિના પહેલાં (૧૮મી જાન્યુઆરીએ) આફ્રિકા કપ ઑફ નૅશન્સ નામની ફૂટબૉલ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં સેનેગલે મોરોક્કોને ૧-૦થી પરાજિત કરીને ટાઇટલ જીતી લીધું હતું અને ચૅમ્પિયન ટીમને ૧૦ મિલિયન ડૉલર (અંદાજે ૯૩ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળ્યું હતું, પરંતુ એ ફાઇનલમાં સેનેગલની ટીમે જે ધમાલ કરી હતી એ બનાવની તપાસ થઈ હતી અને કન્ફીડરેશન ઑફ આફ્રિકન ફૂટબૉલ નામની સંસ્થાએ જાહેર કર્યું છે કે સેનેગલ પાસેથી ટાઇટલ પાછું લઈને રનર-અપ ટીમ મોરોક્કોને આપી દેવામાં આવ્યું છે. મોરોક્કો ૪૯ વર્ષે ફરી એક વાર આ સ્પર્ધાનું વિજેતા બન્યું છે.

બન્યું એવું કે સેનેગલ-મોરોક્કોની ફાઇનલમાં છેક સુધી (ફુલ ટાઇમ સુધી) બન્નેમાંથી એક પણ ટીમ ગોલ નહોતી કરી શકી, પરંતુ એક્સ્ટ્રા-ટાઇમમાં સેનેગલના પેપ ગ્વેયાએ જે ગોલ કર્યો હતો એની મદદથી સેનેગલે એ ફાઇનલમાં ૧-૦થી સરસાઈ લીધી હતી અને એ ટીમ જીતવાની તૈયારીમાં જ હતી. જોકે રેફરીએ સ્ટૉપેજ-ટાઇમમાં મોરોક્કોની ટીમને એક વિવાદાસ્પદ સ્થિતિમાં પેનલ્ટી આપી હતી જેને લીધે મોરોક્કોને ગોલ કરવાની તક મળી હતી.

રેફરીના એ નિર્ણય સામેના વિરોધમાં સેનેગલની ટીમ મેદાન છોડી ગઈ હતી. ૧૭ મિનિટ સુધીનો સમય બગડ્યો હતો અને સાડિયો માને નામના સેનેગલના ખેલાડીએ પોતાની ટીમને ફરી રમવા આવવા સમજાવી હતી અને તેઓ પાછા આવ્યા બાદ છેવટે ૧-૦થી જીતી ગયા હતા. જોકે ફેડરેશને મંગળવારે ચુકાદો આપતા જણાવ્યું હતું કે આ સ્પર્ધાની ૮૨ નંબરના નિયમમાં જણાવાયું છે કે ‘જો કોઈ ટીમ મૅચ ચાલુ હોય અને અંત આવે એ પહેલાં કોઈ કારણસર રમવાની ના પાડે અથવા રેફરીની મંજૂરી વગર મેદાન છોડી જાય તો એ ટીમ પરાજિત જાહેર થાય અને ટૂર્નામેન્ટમાંથી એને બહાર કરી દેવામાં આવે. આ બહાર કરી દેવાયેલી ટીમ ૦-૩થી પરાજિત થયેલી પણ ગણાય.’

એ જોતાં મોરોક્કોને ફાઇનલમાં ૩-૦થી વિજેતા થયેલી ટીમ તરીકે ઘોષિત કરવામાં આવી છે. મોરોક્કોના ફૂટબૉલ ફેડરેશને જ સેનેગલ સામે પગલું ભરવા અપીલ કરી હતી જેનો બે મહિને ચુકાદો આવ્યો છે. સેનેગલની ટીમે કોર્ટ ઑફ આર્બિટ્રેશન ફૉર સ્પોર્ટ (સીએએસ)નો સંપર્ક કરશે અને ટાઇટલ પાછું મેળવવા અપીલ કરશે. સેનેગલનું ફેડરેશન પોતાની ટીમને મળેલી ૧૦ મિલિયન ડૉલર (અંદાજે ૯૩ કરોડ રૂપિયા)ની સર્વોત્તમ પ્રાઇઝ-મની પાછી આપવાના મૂડમાં નથી એવું જાણવા મળ્યું છે. ■

# બુમરાહ અને અક્ષરનો વાર્ષિક પગાર વધારશે બીસીસીઆઇઃ જાણી લો શું છે કારણ...

નવી દિલ્હીઃ પેસ બોલર જસપ્રીત બુમરાહ અને સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતત સારું કરી રહ્યા હોવા છતાં બીસીસીઆઇ સાથેના તેમના સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટમાં તેમનો વાર્ષિક પગાર ઘટી ગયો છે, પરંતુ અહેવાલ મળ્યા છે કે તેમની સૅલરી હવે વધવાની છે. સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટ દર વર્ષે નક્કી થાય છે અને એનો સમયગાળો ૧ ઑક્ટોબરથી ૩૦ સપ્ટેમ્બર સુધીનો હોય છે.



અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે ‘બુમરાહ હવે ‘એ-પ્લસ’ને બદલે ‘એ’ કૅટેગરીમાં છે, પણ તેની સૅલરી ઘટવી ન જોઈએ. ‘એ’ કૅટેગરીમાં સામેલ પ્રત્યેક ખેલાડીને વર્ષે પાંચ કરોડ રૂપિયાનો પગાર મળે છે. બીસીસીઆઇએ ‘એ-પ્લસ’ કૅટેગરી હવે બંધ કરી અને એમાં સાત કરોડ રૂપિયાનો પગાર આપવામાં આવતો હતો. અગાઉ રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ ‘એ-પ્લસ’ કૅટેગરીમાં હતા, પણ એ કૅટેગરી હવે બંધ કરાઈ છે. રોહિત-વિરાટ હવે માત્ર વન-ડે રમે છે.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ બુમરાહને અગાઉ વર્ષે સાત કરોડ રૂપિયાનો પગાર અપાતો હતો, પણ હવે પાંચ કરોડ મળશે એટલે તેને કેવી રીતે વધુ પૈસા આપવા એનો ઉકેલ બીસીસીઆઇ વિચારી રહી છે. બોર્ડનું એવું પણ માનવું છે કે બુમરાહને તેના હકના પૈસા મળવા જ જોઈએ.

અક્ષર પટેલ ‘સી’ કૅટેગરીમાં છે અને એમાં સામેલ પ્રત્યેક પ્લેયરને વર્ષે એક કરોડ રૂપિયાને પગાર અપાય છે. તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેમ જ ૨૦૨૫ની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી ભારતને જિતાડવામાં અક્ષર પટેલનું મોટું યોગદાન હતું. એ જોતાં ઘણા ક્રિકેટ નિષ્ણાતોએ અક્ષરને માત્ર એક કરોડની સૅલરી આપવા સંબંધમાં અવાજ ઉઠાવ્યો છે.

### કઈ કૅટેગરીમાં કયો ખેલાડી છે?

ગ્રેડ ‘એ’ (વાર્ષિક પગાર પાંચ કરોડ રૂપિયા)ઃ શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજા.

ગ્રેડ ‘બી’ (વાર્ષિક પગાર ત્રણ કરોડ રૂપિયા)ઃ રોહિત શર્મા, વિરાટ કોહલી, કે. એલ. રાહુલ, હાર્દિક પંડ્યા, રિષભ પંત, કુલદીપ યાદવ, યશસ્વી જયસ્વાલ, સૂર્યકુમાર યાદવ, શ્રેયસ ઐયર, મોહમ્મદ સિરાજ અને વૉશિંગ્ટન સુંદર.

ગ્રેડ ‘સી’ (વાર્ષિક પગાર એક કરોડ રૂપિયા)ઃ અક્ષર પટેલ, રિન્કુ સિંહ, તિલક વર્મા, શિવમ દુબે, અર્શદીપ સિંહ, સંજુ સૅમસન, પ્રસિદ્ધ ક્રિષ્ના, આકાશ દીપ, ધ્રુવ જુરેલ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, નીતીશ કુમાર રેડ્ડી, અભિષેક શર્મા, સાઇ સુદર્શન, રવિ બિશ્નોઈ અને ઋતુરાજ ગાયકવાડ.

### પ્રત્યેક ખેલાડીને મૅચ-ફી કેટલી મળે?

(૧) એક ટેસ્ટ મૅચ રમવાના ૧૫ લાખ રૂપિયા

(૨) એક વન-ડે મૅચ રમવાના છ લાખ રૂપિયા

(૩) એક ટી-૨૦ મૅચ રમવાના ત્રણ લાખ રૂપિયા ■

# ઘાટકોપર જોલી જીમખાના લૅડીઝ ટર્ફ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ‘સુપર સ્પાર્ટન’ ટીમ ચૅમ્પિયન




ચેરમેન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી તથા કારોબારી સદસ્યો સાથે વિજેતા અને ઉપવિજેતા ટીમ.

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા આયોજિત લૅડીઝ ટર્ફ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ‘સુપર સ્પાર્ટન’ ટીમ શાનદાર પ્રદર્શનમાં ‘ક્વીન ઇન્ફિનિટી ઇલેવન’ને ૧૯ રનથી હરાવીને ચૅમ્પિયન બની હતી.

રવિવાર, ૧૫મી માર્ચે સવારે ઘાટકોપર જૉલી જિમખાના ખાતે ૧૬ ટીમ વચ્ચેની આ ટૂર્નામેન્ટની ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ચૅરમૅન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી તથા પરેશ શાહ, ટ્રેઝરર મિકીન શેઠ, જૉઈન્ટ સ્પોર્ટ્સ કોઑર્ડિનેટર પ્રશાંત કારિયા, તેમ જ કારોબારી સભ્યો અને કારોબારી ટ્રસ્ટી મનોજ અજમેરાના આશીર્વચન સાથે ટૂર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો. ફાઇનલમાં પ્રથમ બૅટિંગ કરતા સુપર સ્પાર્ટનની ટીમે ૮ વિકેટે ૭૫ રન બનાવ્યા હતા, જેમાં નેહા શાહના ૨૯ રન મુખ્ય રહ્યા હતા. ક્વીન ઇન્ફિનિટી-ઇલેવન ટીમે રિદ્ધિ માવાણીના ૨૪ રનના યોગદાન સાથે ૫ વિકેટે ૫૪ રન બનાવ્યા હતા.

ચૅરમૅન રજનીકાંત શાહએ મહિલાઓને રમતગમત ક્ષેત્રે આગળ લાવવા માટે આવી ટૂર્નામેન્ટનું આયોજન સમયાંતરે કરવાનું સૂચન ક્રિકેટ ઇન્ચાર્જ નિશિથ ગોળવાલાને કર્યું હતું. કાર્યક્રમના અંતે વિજેતા ટીમને ૧૦,૦૦૦ રોકડ ઇનામ અને ટ્રોફી, જ્યારે ઉપવિજેતા ટીમને ૫,૦૦૦ રોકડ ઇનામ અને ટ્રૉફી આપવામાં આવ્યા હતા. પુરસ્કાર વિજેતાઃ (૧) બેસ્ટ બૅટર-નેહા શાહ (૧૧૨ રન) (૨) બેસ્ટ બોલર-સુનિતા શાહ (૮ વિકેટ) (૩) પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ-હિના ઠક્કર (૯૨ રન અને ૭ વિકેટ) ■

# શેરબજારમાં આગેકૂચની હેટ ટ્રીકઃ સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ એક ટકાનો ઉછાળો, મિડકેપ અને સ્મોલ કેપમાં સારી લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં આગેકૂચનો સિલસિલો સતત ત્રીજા દિવસે લંબાયો હતો અને બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં થોડો ઘટાડો અને વૈશ્વિક શેરબજારોમાં મજબૂત વલણ વચ્ચે શેરબજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સને નવું બળ મળ્યું હતું. આઇટી શેરોમાં તેજીને કારણે સ્થાનિક બજારોમાં પણ આશાવાદી વલણ જોવા મળ્યું હતું. દરમિયાન, ફોરેક્સ માર્કએટમાં રૂપિયાએ યુએસ ડોલર સામે તીવ્ર ઘટાડો નોંધાવ્યો છે, જે પ્રથમ વખત ૯૨.૫૦ના સ્તરને પાર કરીને ૯૨.૬૩ ના રેકોર્ડ નીચા સ્તરે બંધ થયો છે.

દિવસ દરમિયાન ૯૨૯.૩૮ પોઈન્ટ અથવા ૧.૨૨ ટકા વધીને ૭૭,૦૦૦.૨૨ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયા બાદ સત્રને અંતે સેન્સેક્સ ૬૩૩.૨૯ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા ઉછળીને ૭૬,૭૦૪.૧૩ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૯૬.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૮૩ ટકાના વધારા સાથે ૨૩,૭૭૭.૮૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. પાછલા ત્રણ સત્રમાં સેન્સેક્સ લગભગ ૨૭૦૦ પોઇન્ટ ઊછળ્યો છે.

નોંધવું રહ્યું કે, પાછલા સપ્તાહે, સેન્સેક્સ ૪,૩૫૪.૯૮ પોઈન્ટ અથવા ૫.૫૨ ટકા ઘટીને ૭૪,૫૬૩.૯૨ની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૧,૨૯૯.૩૫ પોઈન્ટ અથવા ૫.૩૧ ટકા ઘટીને ૨૩,૧૫૧.૧૦ની સપાટી પર બંધ થયો હતો, જે તાજેતરના વર્ષોમાં સૌથી અત્યંત તીવ્ર સાપ્તાહિક ઘટાડામાંનો એક છે. પાછલા સપ્તાહના છેલ્લા ત્રણ જ સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૭૦૦ પોઇન્ટથી વધુ ધોવાણ થયું હતું.

જિયો ફાઇનાન્શિયલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, ઇટરનલ, એમ એન્ડ એમના શેર નિફ્ટીમાં સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે કોલ ઇન્ડિયા, એનટીપીસી, એચયુએલ, સિપ્લા અને સન ફાર્માનો નિફ્ટીના સૌથી વધુ ઘટનારા શેરોમાં સમાવેશ થતો હતો. વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ શેરઆંક અનુક્રમે બે ટકા અને ૧.૬ ટકા વધ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં સ્પેશિયાલિટી ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના માર્કેટિંગ અને વિતરણમાં વ્યસ્ત કંપની સ્પેશિયાલિટી મેડિસિન્સ લિમિટેડ ૨૦ માર્ચે રૂ.૨૯.૧૪ કરોડના આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૧૭થી રૂ. ૧૨૪ છે. લોટ સાઈઝ ૧,૦૦૦ છે. ઇશ્યૂ ૨૪ માર્ચે બંધ થશે. ભંડોળનો ઉપયોગ સંશોધન અને વિકાસ કેન્દ્રની સ્થાપના, આંતરરાષ્ટ્રીય બજારોમાં ઉત્પાદન નોંધણી અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વેચાણ માટે ઉત્પાદન વિકાસ, માર્કેટિંગ અને પ્રમોશનલ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે.

પાવરિકા લિમિટેડનો રૂ. ૧,૧૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સાથે ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ માર્ચ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૩૦ માર્ચના રોજ તથા એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ બીજી એપ્રિલે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૭૫થી રૂ. ૩૯૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૭ છે. કોલ સેન્ટ્રલ માઇન પ્લાનીંગ એન્ડ ડીઝાઇન ઇન્સ્ટિટ્યૂટ વીસમી માર્ચે આઇપીઓ લાવી રહી છે.

ઔદ્યોગિક પ્રક્રિયા મશીનરીના ડિઝાઇન, ફેબ્રિકેશન, એસેમ્બલી, સપ્લાયમાં વ્યસ્ત ઇન્ટિગ્રેટેડ એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કંપની ટિપ્કો એન્જિનિયરિંગ ઈન્ડિયા લિમિટેડ ૨૩ માર્ચે રૂ. ૬૦.૫૫ કરોડનો આઇપીઓ લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૪થી રૂ. ૮૯ પ્રતિ શેર અને લોટ સાઈઝ ૧,૬૦૦ ઈક્વિટી શેરની છે. એન્કર બિડિંગ ૨૦ માર્ચે છે. ઇશ્યૂ ૨૫ માર્ચે બંધ થશે. ભંડોળનો ઉપયોગડેટ પેમેન્ટ અને રિપેમેન્ટ, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એફએમસીજી અને મેટલ સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો રિયલ્ટી, આઇટી, ઓટો, મીડિયા, કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ટેલિકોમ, ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં એકથી ત્રણ ટકા સુધીનો વધારો થયો હતો. ભારતની અગ્રણી પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સ ઉત્પાદકોમાંની એક, સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે લગભગ રૂ. ૧૧૩.૬૧ કરોડના નવા ઓર્ડર મેળવ્યા છે. કંપનીને કેરળ રાજ્ય વીજળી બોર્ડ તરફથી ૨૫ એમવીએ, ૧૧૦-૩૩ કેવી પાવર ટ્રાન્સફોર્મર્સની સપ્લાય માટે રૂ. ૩૫.૭૬ કરોડનો ઓર્ડર મળ્યો છે, જેનો અમલ લગભગ ૧૪ મહિનામાં થવાની અપેક્ષા છે. વધુમાં, તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની પાસેથી ૫૦૦ કેવીએ -૧૧ કેવી ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સના સપ્લાય માટે રૂ. ૬.૫૪ કરોડના ઓર્ડર મળ્યા છે, જે લગભગ ૧૨ મહિનામાં પૂર્ણ થશે.



બુધવારે સતત ત્રીજા સત્રમાં બજારોમાં રિકવરીનો દોર ચાલુ રહ્યો, જેને સ્થિર વૈશ્વિક સંકેતોનો ટેકો મળ્યો, જોકે અસ્થિરતા ચાલુ રહી. નિફ્ટી મજબૂત નોંધ પર ખુલ્યો અને મોટાભાગના સત્ર દરમિયાન હકારાત્મક વલણ જાળવી રાખ્યું; જોકે, અંતિમ કલાકોમાં પ્રોફિટ બુકિંગથી બજારે કેટલોક સુધારો ગુમાવ્યો હોવાને પરિણામે, ઇન્ડેક્સ ૨૩,૭૬૪ની નજીક સ્થિર થયો.

ક્ષેત્રીય ભાગીદારી મોટાભાગે હકારાત્મક રહી, જે વ્યાપક-આધારિત ખરીદી રસને પ્રતિબિંબિત કરે છે. આઇટી, રિયલ્ટી, ઓટો અને બેંકિંગ ટોચના લાભકર્તા તરીકે ઉભરી આવ્યા, જ્યારે મેટલ અને એફએમસીજી શેરો ધીમા પડ્યા. વ્યાપક બજારમાં, મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોએ બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું અને લગભગ બે ટકા જેવા સુધારો નોંધાવ્યો, જે જોખમ લેવાની ક્ષમતામાં વધારો દર્શાવે છે. બુધવારના સત્રમાં આઇટી પેકમાં તીવ્ર રિકવરી એક મુખ્ય હાઇલાઇટ હતી અને આ તેણે સત્રની રિકવરીને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જો કે, લાંબા ગાળાના ભૂ-રાજકીય તણાવ, રૂપિયામાં નબળાઈ અને ક્રૂડ ઓઇલના ભાવમાં નવી અસ્થિરતાની શક્યતા બજારના સહભાગીઓમાં સાવચેતીનું માનસ જાળવી રાખશે.

સ્ટોક સ્પેસિફિક એક્શનમાં, ક્વાર્ટર પછીની કમાણીમાં ક્લીન મેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો થયો, એઆઇ સોફ્ટવેર ડિલિવરી પ્લેટફોર્મ કંપની સાથે સહયોગથી વિપ્રોના શેરમાં ૧.૫૦ ટકાનો વધારો થયો, એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા વધારાનો હિસ્સો ખરીદ્યા પછી અર્બન કંપનીના શેરમાં ૧૧ ટકાનો ઉછાળો આવ્યો, સ્વાન ડિફેન્સ અને હેવી ઇન્ડસ્ટ્રીઝના શેરમાં પાંચ ટકાનો ઘટાડો થયો કારણ કે પ્રમોટર પાંચ ટકા સુધીનો હિસ્સો વેચી રહ્યા છે.

ભારત માટે રિવોટ્રિલ બ્રાન્ડ હસ્તગત કરવાથી મેનકાઇન્ડ ફાર્માના શેરમાં વધારો થયો, સ્વિટ્ઝર્લેન્ડના સેન્ડોઝ એજી સાથે કરાર કરવાથી સ્ટ્રાઇડ્સ ફાર્મા સાયન્સના શેરમાં વધારો થયો, મફતલાલ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ૧૧૪ કરોડ રૂપિયાનો પાંચ વર્ષનો ઓર્ડર મેળવવાથી વધારો થયો, કોર્પોરેટ પુનર્ગઠન દરખાસ્ત પર વિચાર કરવા માટે બોર્ડ થોમસ કૂકના શેરમાં વધારો થયો, બીઈએમએલના શેરમાં ૬૦ મિલિયન ડોલરનો વિદેશી મેટ્રો રોલિંગ સ્ટોક ઓર્ડર મેળવવાથી વધારો થયો.

ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે સેન્ટિમેન્ટ પોઝિટિવ રહેવાની શક્યતા છે અને ૨૪,૨૫૦ તરફ વધવાની શક્યતા છે. જ્યારે, ૨૩૫૦૦ પર સપોર્ટ મૂકવામાં આવ્યો છે, જે ટૂંકા ગાળા માટે સપોર્ટ રહેવાની શક્યતા છે. ગુજરાત સ્ટેટ પેટ્રો, સિપ્લા, ટાટા કેમિકલ્સ, ગુજરાત ગેસ, હનીવેલ ઓટોમેશન, પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હાઇજીન એન્ડ હેલ્થ કેર, સી. ઇ. ઇન્ફો સિસ્ટમ્સ (મેપમાય ઇન્ડિયા) સહિત ૨૦૦થી વધુ શેરો તેમના બાવન અઠવાડિયાના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી બે ઓઇલ કન્ટેનર ભારત આવી પહોંચ્યા છે અને એલપીજીના અન્ય બે જહાજ, શિવાલિક અને નંદાગીરી સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝમાંથી હેમખેમ પસાર થઇ ગયા હોવાથી સેન્ટિમેન્ટમાં સુધારો હતો. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપ્યા બદા હવે અમેરિકા અને ઇઝરાયલ સિવાયના તમામ દેશના કન્ટેનરને પસાર થવાની પરવાનગી જાહેર કરી છે. જોકે, એ પણ નોંધવું રહ્યું કે ભારતના બાવીસેક જહાજ હજુ ત્યાં અટવાયેલા છે અને ઇરાને હવે ભારતીય જહાજોના સરળ પસાર થવા સામે ભારતે ફેબ્રુઆરીમાં કબજે કરેલા તેના ત્રણ જહાજોને મુક્ત કરવાની માગણી કરી છે.

## પ્લાસ્ટિક ઉદ્યોગનો ફિનિશ્ડ પ્રોડક્ટની નિકાસમાં ચારગણી વૃદ્ધિનો લક્ષ્યાંક

મુંબઈઃ ભારતનો પ્લાસ્ટિક ઉદ્યોગ આગામી વર્ષમાં પ્લાસ્ટિક ફિનિશ્ડ પ્રોડક્ટની નિકાસમાં ચારગણા વધારાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યને હાંસલ કરવા, વૈશ્વિક વેપારમાં નક્કર ભૂમિકા ભજવવા તૈયારી કરી રહ્યો હોવાનું ધ ઓલ ઇન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશને જણાવવામાં આવ્યું છે. પ્લાસ્ટિક ફિનિશ્ડ પ્રોડકટોનો વૈશ્વિક વેપાર અંદાજે ૧.૩ ટ્રિલિયન યુએસ ડોલરનો છે, જ્યારે ભારતની નિકાસ હાલમાં ૧૨.૫ અબજ યુએસ ડોલરની છે, જે વૈશ્વિક બજારના એક ટકાથી પણ ઓછી છે.આની તુલનામાં એકલું અમેરિકા વાર્ષિક ૭૨ અબજ ડોલર મૂલ્યની પ્લાસ્ટિક પ્રોડકટોની આયાત કરશે, એમ એઆઈપીએમએ દ્વારા ૨૩થી ૨૬ માર્ચ દરમિયાન આયોજિત અવ્વલ બીટુબી પ્રદર્શન પ્લાસ્ટીવર્લ્ડ ૨૦૨૬ સંદર્ભે વાત કરતા ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન અરવિંદ મહેતાએ પત્રકારોને આપી હતી. ઉદ્યોગ અગ્રણીઓ માને છે કે સમર્થક સરકારી નીતિઓ સાથે ત્રણેક નવા પોલીમર પાર્કસનો વિકાસ, પ્લાસ્ટિક મશીનરી અને મોલ્ડ ઉત્પાદનમાં વિસ્તરણ તેમ જ એમએસએમઈ આધારિત ઉત્પાદનમાં ૧૦૦ ટકા વધારા સાથે ભારત મોટા પાયા પર રોજગાર નિર્માણ કરવા સાથે તેની નિકાસ પહોંચને નોંધપાત્ર રીતે બહેતર બનાવી શકે છે. ભારતનું પ્લાસ્ટિક ક્ષેત્ર દેશભમાં ૯૪,૦૦૦ ઉત્પાદન એકમો સાથે મુખ્યત્વે એમએસએમઈ પ્રેરિત છે. ઉદ્યોગ હાલમાં નવ મિલિયનથી વધુ લોકોને પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગાર પૂરો પાડે છે. જો નિકાસ લક્ષ્યો હાંસલ થાય તો રોજગાર ૧૨.૫ મિલિયન કરતાં વધુ વધી શકે છે. બજારના અભ્યાસ અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, જર્મની, મેક્સિકો, ફ્રાન્સ, ઈટાલી, યુનાઇટેડ કિંગડમ, કેનેડા, પોલેન્ડ, નેધરલેન્ડ્સ, ટર્કી, જાપાન, સ્પેન, બેલ્જિયમ, યુનાઇટેડ આરબ અમીરાત, બ્રાઝિલ, ચિલી, ઇથિયોપિયા, ઘાના, કેનિયા અને નાઇજીરિયા જેવા દેશોમાં નિકાસ વધારવાની તક છે.

## સોનાચાંદીની ચમક ઝાંખી પડીઃ મધ્યપૂર્વની કટોકટી ટૂંકાગાળામાં અફડાતફડી મચાવશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિવિધ વિરોધાભાસી પરબિળો અને સમાન્ય તર્કથી વિપરીત સોનાચાંદીની ચમક દિવસે દિવસે વધુ ઝાંખી પડતી જાય છે. બુધવારના સત્રમાં બંને કિમતી ધાતુના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાનો ભાવ રૂ. ૧,૫૫,૬૬૮ના પાછલા બંધ સામે રૂ. ૭૮૯ના ઘટાડા સાથે રૂ. ૧,૫૪,૮૭૯ની સપાટીએ અને ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ.૧,૫૫,૦૪૫ના પાછલા બંધ સામે રૂ. ૭૮૬ પ્રતિ દસ ગ્રામના ઘટાડા સાથે રૂ. ૧,૫૪,૨૫૯ની સપાટીએ બંધ રહ્યા હતા. એ જ રીતે, હાજર ચાંદી એક કિલો રૂ. ૨,૫૨,૩૪૦ના પાછલા બંધ સામે રૂ. ૨,૪૩૩ના ઘટાડા સાથે રૂ. ૨,૪૯,૯૦૭ની સપાટીએ સ્થિર થઇ હતી.



મધ્યપૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવને કારણે અક્ષય તૃતીયા ખરીદીની મોસમ પહેલા વૈશ્વિક સોનાના ભાવમાં ટૂંકા ગાળાની અસ્થિરતા આવી શકે છે, જે ભારતમાં ઝવેરાતના ભાવ અને ગ્રાહક ખરીદીના વલણોને અસર કરી શકે છે. મધ્યપૂર્વ, ખાસ કરીને દુબઈ, બુલિયન વેપાર માટે એક મુખ્ય વૈશ્વિક કેન્દ્ર અને ભારત સહિત એશિયન બજારોમાં સોના માટે તે એક મુખ્ય પ્રવેશદ્વાર છે. આ ક્ષેત્રમાં કોઈપણ ઉથલપાથલ વૈશ્વિક બુલિયન પ્રવાહિતા અને સપ્લાઇ ચેઇનને વિક્ષેપિત કરવા સાથે પ્રાઇસ ડિસક્વરીને પ્રભાવિત કરી શકે છે, એમ ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (જીજેસી)એ જણાવ્યું છે.

જોકે ભાવમાં સંભવિત વધઘટ છતાં, ભારતીય ઝવેરાત ઉદ્યોગ અપેક્ષા રાખે છે કે માગ સ્થિર રહેશે, જેને ચાલુ લગ્નની મોસમ અને સંગઠિત છૂટક વેપારની વધતી હાજરી દ્વારા ટેકો મળશે.

જ્યારે ભાવ વધે છે ત્યારે ગ્રાહકો વધુને વધુ હળવા સોનાના ઝવેરાત અને હીરા જડિત ડિઝાઇન પસંદ કરી રહ્યા છે. નોંધવું રહ્યું કે, જીજેસી ચારથી સાતમી એપ્રિલ દરમિયાન મુંબઇ ખાતે ઇન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી શો (જીજેસી એપ્રિલ ૨૦૨૬)ની નવમી આવૃત્તિનું આયોજન કરી રહ્યું છે, જેમાં ૭૦૦થી વધુ બૂથ પર ૪૦૦થી વધુ પ્રદર્શક અને ૧૫,૦૦૦થી વધુ મુલાકાતીઓ સહભાગી થવાની અપેક્ષા છે.

ભારત હીરાના વેપારમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર રહ્યું છે, જે વિશ્વના નેવું ટકાથી વધુ હીરાનું જથ્થાની દ્રષ્ટિએ પ્રોસેસિંગ કરે છે. અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ અને એશિયાના બજારોમાં સુરત અને મુંબઈ પોલિશ્ડ હીરા સપ્લાય કરતા મુખ્ય કેન્દ્રો તરીકે સેવા આપે છે.

## મેટલ સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા, માર્કેટ કેપમાં ₹ ૫.૭૦ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતીય શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં જોવા મળેલા સુધારામાં ખાસ કરીને મેટલ સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં આઈટી અને રિયલ્ટી શેર્સ સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૫.૭૦ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી.

સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૨૪ સ્ક્રિપ્સ વધી અને ૬ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૮૦ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૨.૦૧ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૭૨ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૫ ટકા ઘટ્યો હતો.બુધવારે બીએસઈ સેન્સેક્સ મંગળવારના ૭૬,૦૭૦.૮૪ના બંધથી ૬૩૩.૨૯ પોઈન્ટ્સ અથવા ૦.૮૩ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૬,૩૬૭.૫૫ ખૂલી નીચામાં ૭૬,૧૮૭.૯૨ સુધી અને ઊંચામાં ૭૭,૦૦૦.૨૨ સુધી જઈ ૭૬,૭૦૪.૧૩ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૩૩.૩૦ લાખ કરોડથી રૂ.૫.૭૦ લાખ કરોડ વધીને રૂ.૪૩૯ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર મેટલ ઈન્ડેક્સ ૦.૦૯ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૨.૯૫ ટકા, આઈટી ૨.૮૨ ટકા, રિયલ્ટી ૨.૬૭ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ટિલ્ટ ૨.૪૮ ટકા, સર્વિસીસ ૨.૪૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૨.૪૪ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૦૮ ટકા ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૮૯ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૭ ટકા અને ઓટો ૧.૭૭ ટકા વધ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૩૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૩,૨૦૨ સ્ક્રિપ્સ વધી હતી, ૧,૦૮૮ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૪૨ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૫૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૨૨૦ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૨ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૩ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈટર્નલ ૩.૩૭ ટકા, ટેક મહિન્દ્ર ૩.૨૭ ટકા, ઈન્ફોસિસ ૨.૮૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૬૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૬૨ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૫૪ ટકા, ટીસીએસ ૨.૦૭ ટકા, એક્સિસ બેન્ક ૧.૯૪ ટકા લાર્સન ૧.૭૫ ટકા, ભારતી એરટેલ ૧.૫૫ ટકા, ઈન્ડિગો ૧.૫૪ ટકા અને ટાઈટન ૧.૫૦ ટકા વધ્યા હતા, જ્યારે એનટીપીસી ૧.૨૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૦૪ ટકા, સન ફાર્મા ૦.૯૪ ટકા એચડીએફસી બેન્ક ૦.૩૪ ટકા, આઈટીસી ૦.૩૦ ટકા અને ટાટા સ્ટીલ ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૧૮.૨૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૭૩૨ સોદામાં ૩,૩૭૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૨,૯૩,૦૩૪ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૧,૭૯,૫૯,૨૨૫.૨૯ કરોડનું રહ્યું હતું.

## ક્રૂડ ૧૨૦ ડોલર સુધી વધશે તો ભારતની તેલ વેપાર ખાધ ૨૨૦ બિલિયન ડોલર સુધી વધી શકે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને પુરવઠામાં વિક્ષેપથી ભારતના ઉર્જા આયાત બિલમાં વધારો થવાનો ભય છે. પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ તેના ત્રીજા અઠવાડિયામાં પ્રવેશ્યો છે, અને આ તણાવ ટૂંક સમયમાં ઓછો થવાના કોઈ સંકેત દેખાતા નથી.ભારત સાઉદી અરેબિયા, ઇરાક, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) અને કતાર જેવા મુખ્ય ગલ્ફ સપ્લાયર્સ પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઇલ, લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) ખરીદે છે.



અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓના જવાબમાં ઇરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું છે, જેના કારણે આ દેશોમાંથી ભારતને એલએનજી અને એલપીજી સપ્લાય ખોરવાઈ ગયો છે. ભારત તેના ૪૦ ટકા ક્રૂડ ઓઇલ, ૯૦ ટકા એલપીજી અને ૫૦ ટકા એલએનજી હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આયાત કરે છે.

હોર્મુઝ સ્ટ્રેટ ઇરાન અને ઓમાન વચ્ચે આવેલું છે. તેથી, આ ક્ષેત્રમાં તણાવ દેશના તેલ પુરવઠાને નોંધપાત્ર રીતે જોખમમાં મૂકે છે અને આ મહત્વપૂર્ણ ઉર્જા પુરવઠાને વિક્ષેપિત કરી શકે છે. વધુમાં, વધતી ઉર્જા કિંમતો દેશના આયાત બિલમાં વધુ વધારો કરે છે.

આનું કારણ એ છે કે ભારત તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોના લગભગ ૯૦ ટકા, તેની એલપીજી માંગના ૬૦ ટકા અને તેની લગભગ અડધા એલએનજી જરૂરિયાતો માટે વિદેશી પુરવઠા પર આધાર રાખે છે. એસએન્ડપી ગ્લોબલ એનર્જીએ જણાવ્યું હતું કે, એશિયન બજારમાં દબાણના સંકેતો દેખાઈ રહ્યા છે. ૨૦૨૫માં, એશિયામાં પ્રોસેસ થતા ક્રૂડ ઓઇલનો અડધો ભાગ મધ્ય પૂર્વ ગલ્ફ પ્રદેશમાંથી આવ્યો હતો. પરંતુ આ અસર ફેલાઈ રહી છે. હોર્મુઝ સ્ટ્રેટ જેટલો લાંબો સમય બંધ રહેશે, પુરવઠા, ઇન્વેન્ટરી અને કિંમતો પર એટલી જ ખરાબ અસર થશે. આ અસર ફક્ત એશિયા પૂરતી મર્યાદિત રહેશે નહીં. નિષ્ણાતોના મતે, જો નાણાકીય વર્ષ ૨૦૨૭માં સરેરાશ વૈશ્વિક ક્રૂડ ઓઇલનો ભાવ પ્રતિ બેરલ ૧૧૦થી ૧૧૫ ડોલર સુધી પણ રહેશે, તો ભારતનું ચોખ્ખું તેલ આયાત બિલ વાર્ષિક ૫૬-૬૪ બિલિયન ડોલર વધી શકે છે. હાલ પણ ભાવ ૧૦૦ ડોલરથી ઉપર છે. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઇલના ભાવમાં દરેક ૧૦ ડોલર પ્રતિ બેરલનો વધારો ચોખ્ખી તેલ આયાતમાં ૧૪ થી ૧૬ બિલિયનનો વધારો કરે છે. જો નાણાકીય વર્ષ ૨૦૨૭માં તેલના ભાવ સરેરાશ ૧૧૦-૧૧૫ ડોલરપ્રતિ બેરલનો વધારો કરે છે, તો ચોખ્ખી તેલ આયાત આશરે ૫૬-૬૪ બિલિયન ડોલરનો વધારો થશે.

## ગેસની અછતને કારણે વીજ વપરાશમાં વધારોઃ ઈન્ડકશનનો વપરાશ વધતા વીજ માગ ઝડપથી વધશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મધ્યપૂર્વના દેશોમાં યુદ્ધને કારણે દેશમાં ગેસ સિલિંડરના સ્થાને ઈન્ડકશનના વપરાશમાં થયેલા જોરદાર વધારા તથા ઊંચા તાપમાનને પરિણામે વીજ માગમાં અચાનક જ મોટો વધારો જોવા મળી રહ્યો છે. ગેસની અછતને કારણે વીજ વપરાશમાં વધારો થઈ રહ્યો છે.

૨૦૨૫માં સ્થિર રહ્યા બાદ ૨૦૨૬ના વર્ષમાં દેશની વીજ માગમાં નોંધપાત્ર વધારો થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં રહેઠાણ તથા રેસ્ટોરાંમાં ગેસ સિલિંડરને બદલે ઈન્ડકસ (વીજથી ચાલતી એક પ્રકારની સગડી)ના વપરાશમાં વધારો થયો છે.

બીજી બીજુ ઊંચા તાપમાનને પરિણામે એર કન્ડિશન્ડ જેવા કુલિંગ સાધનોનો ઉપયોગ પણ વધી રહ્યો છે જેને કારણે વીજની માગ વધી રહી છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. પાછલા દિવસોમાં ધસારાના સમયે વીજ માગમાં મોટો વધારો થયાનું જોવા મળ્યું હતું.

તાપમાનમાં વધારા ઉપરાંત ગેસ સિલિંડરની અછત વીજ માગમાં વધારા માટે કારણભૂત હોવાનું જણાવાઈ રહ્યું હતું. ઈન્ડકશન વધુ વીજ ખપાવતા હોવાનું પણ આ ક્ષેત્રના જાણકારોએ જણાવ્યું હતું. વર્તમાન વર્ષમાં વીજનો ટોચ માગ ૨૮૩ ગીગા વોટ પહોંચવા ધારણાં મૂકવામાં આવી રહી છે, જે ૨૦૨૫ના ઉનાળામાં ૨૪૪ ગીગા વોટ રહી હતી.

૨૦૨૬માં વીજ માગનો નવો રેકોર્ડ જોવા મળવાની અપેક્ષા છે. હાલના ભૌગોલિકરાજકીય ઘટનાક્રમોને ધ્યાનમાં રાખતા એલએનજીના ભાવ સતત ઊંચા રહેવાની શકયતા રહેલી છે એટલું જ નહીં ઊંચા તાપમાનને પરિણામે કોલસા આધારિત વીજ ઉત્પાદનમાં વધારો થયો છે, જેથી ધસારાના સમયની માગને પહોંચી વળાય એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

દરમિયાન વધી રહેલી વીજ માગને ધ્યાનમાં રાખી સરકારે કોલસાની ખાણના સંચાલકો તથા રેલવેને વીજ ઉત્પાદન એકમો ખાતે કોલસાનો પૂરવઠો વધારવા સૂચના આપી છે.

યુદ્ધને કારણે ગેસ પૂરવઠો ખોરવાઈ જતા વીજ વપરાશમાં વધારો થયો છે. માગને ધ્યાનમાં રાખી વીજ ઉત્પાદન એકમોને સમારકામ માટે પ્લાન્ટ બંધ નહીં કરવા પણ સરકાર અનુરોધ કરવા યોજના ધરાવે છે.



રાજકોટમાં સિદસર ઉમિયાધામ દ્વારા ઉમિયા માતાની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ કડવા પાટીદાર સમાજનું એક પ્રકારનું શક્તિ પ્રદર્શન હતુ. જેમાં ટુ વ્હિલર, કાર, બગી, જીપ્સી, ઘોડાગાડી સાથે ૨૦૦૦ જેટલા કડવા પાટીદારો જોડાયા હતા. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં અશાંતધારામાં મંજૂરી માટે એસડીએમના ડ્રાઈવરે ૧૦ લાખ લીધાનો આક્ષેપઃ ઓડિયો-વીડિયો વાયરલ થતાં તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં અશાંતધારા અમલી હોવા છતાં મિલકત સોદામાં ભ્રષ્ટાચાર થતો હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. શહેરના ક્રેસન્ટ સર્કલ નજીક હરિયાળા પ્લોટ વિસ્તારમાં આવેલી કોમર્શિયલ મિલકતના તબદીલી સોદામાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ)ના ડ્રાઈવર દ્વારા ૧૪ લાખ રૂપિયાની લાંચ માંગવામાં આવી હોવાનો અને તેમાંમાંથી ૧૦ લાખ રૂપિયા લેવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે ઓડિયો ક્લિપ અને સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ શહેરના હરિયાળા પ્લોટ વિસ્તારમાં પ્લોટ નંબર ૨૧/બી ખાતે આવેલી આશરે ૧૨૫૦.૮૦ ચોરસ મીટર વિસ્તારની મિલકત, જેમાં ૮ કોમર્શિયલ દુકાનોનો સમાવેશ થાય છે, તે હિન્દુ માલિક પાસેથી મુસ્લિમ ખરીદદારે લેવા માટે પ્રક્રિયા ચાલી રહી હતી. અશાંતધારા હેઠળ આવા સોદા માટે સીટી મામલતદાર અને પોલીસ અધિક્ષકનો અભિપ્રાય ફરજિયાત હોય છે. આ કેસમાં બંને વિભાગોએ કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ નકારાત્મક રિપોર્ટ આપ્યો હતો.

તેમ છતાં ગત ૨૦ જાન્યુઆરીના રોજ એસડીએમ દ્વારા મિલકત તબદીલીને મંજૂરી આપવામાં આવતા તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા છે. આરોપ છે કે મંજૂરી અપાવવા માટે એસડીએમના મોમીન નામના ડ્રાઈવર દ્વારા રપિયાની ઉઘરાણી કરવામાં આવી હતી. વાયરલ થયેલા વોટ્સએપ ચેટ, ઓડિયો અને સીસીટીવી ફૂટેજમાં ડ્રાઈવર નાણાં લેતો દેખાતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

આ મામલો જાહેર થતાં જિલ્લા કલેક્ટર મનીષ કુમાર બંસલે કડક વલણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ફૂટેજ અને ઓડિયો આધારે પ્રાથમિક રીતે ડ્રાઈવર દ્વારા રૂપિયા લેવામાં આવ્યા હોવાનું જણાય છે. તેના વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી હાથ ધરાશે. વધુમાં, તપાસ દરમિયાન અન્ય કોઈ અધિકારી કે કર્મચારીની સંડોવણી સામે આવશે તો તેમની સામે પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બનાવે અશાંતધારા હેઠળ થતા મિલકત સોદાઓમાં પારદર્શિતાને લઈને ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

# ભાવનગરમાં ક્રિકેટ રમવા મામલે બે જૂથ વચ્ચે સામસામે પથ્થરમારોઃ બાવીસ લોકો સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના તિલકનગર રોડ પર આવેલા આડોડીયા વાસ વિસ્તારમાં ક્રિકેટ રમવા જેવી સામાન્ય બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ધીંગાણું સર્જાયું હતું. બંને પક્ષો દ્વારા સામસામે પથ્થરમારો કરવામાં આવતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ અથડામણમાં ૩ મહિલાઓને ઇજાઓ પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પથ્થરમારાની સાથે મકાનો અને રિક્ષામાં પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

આ બનાવની જાણ થતા જ ભાવનગર એલ.સી.બી. અને ઘોઘારોડ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મામલો થાળે પાડ્યો હતો. આ બનાવ અંગે બંને જૂથ દ્વારા સામસામી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં મહિલાઓ અને પુરુષો મળી કુલ બાવીસ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પ્રથમ પક્ષે જ્યોતિબેન રાજેશભાઈ રાઠોડે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો દીકરો સ્કૂલેથી દડો લેવા ગયો ત્યારે ક્રિકેટ રમતા છોકરાઓ સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ સામા પક્ષના લોકોએ એકસંપ થઈ ગાળો આપી પથ્થરમારો કર્યો હતો, જેમાં સિમેન્ટના બ્લોક અને પથ્થર વાગવાથી ઇજાઓ પહોંચી હતી.

સામે પક્ષે પ્રિયંકાબેન રાજેશભાઈ રાઠોડે પણ ફરિયાદ નોંધાવી છે કે, ક્રિકેટ રમતા છોકરાઓનો દડો ઘરમાં આવતા ઠપકો આપવા જતા સામા પક્ષના લોકોએ ઉગ્ર અવાજે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કરવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

ઘોઘારોડ પોલીસે આ બનાવ અંગે બંને પક્ષે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલ વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.

# ભાવનગરમાં પતિના ત્રાસથી પત્નીએ ફિનાઈલ ગટગટાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં ભાઈએ લીધેલા ઉછીના પૈસા પરત ન કરી શકતા પતિએ પત્ની પર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. આ ત્રાસથી કંટાળીને પરિણીતાએ ફિનાઈલ પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

આ બનાવની મળતી માહિતી અનુસાર શહેરના ફૂલસર વિસ્તારના મહાદેવનગરમાં રહેતા પૂજાબેન ભોળાભાઈ મકવાણાએ પોતાના પતિ ભોળા સવજી મકવાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પૂજાબેનના ભાઈ કિરીટ દિનેશભાઈ સરવૈયાએ થોડા સમય પહેલા પોતાના બનેવી ભોળા મકવાણા પાસેથી રૂ.૧૫,૦૦૦ ઉછીના લીધા હતા. આ રકમ કિરીટભાઈ પરત કરી શક્યા ન હતા. પૈસા પરત ન મળતા પતિ ભોળાએ છેલ્લા એક વર્ષથી પૂજાબેન પર દાઝ કાઢવાનું શરૂ કર્યું હતું. તે અવારનવાર પૂજાબેનને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. પતિના આ સતત વધતા જતા ત્રાસને કારણે પૂજાબેનની માનસિક સ્થિતિ કથળી હતી. આખરે કંટાળીને પૂજાબેને પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું.

આ બનાવની જાણ થતાં જ પરિવારજનોએ પૂજાબેનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યાં હતાં, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ મામલે બોરતળાવ પોલીસે પતિ ભોળા સવજી મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં મામલતદાર નશાની હાલતમાં ઝડપાતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના પરિમલ ચોક વિસ્તારમાં નશાની હાલતમાં મધ્યાહ્ન ભોજન કચેરીના મામલતદાર ઝડપાતા ચકચાર મચી ગઈ હતી.પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં માધવ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા અને પરિમલ ચોક સ્થિત મધ્યાહન ભોજન યોજનાની કચેરીમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા મેહુલભાઈ નિમેષભાઈ ભટ્ટ નશાની હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે તુરંત જ આ શખ્સને અટકાવી તેની પૂછપરછ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે, પકડાયેલ શખ્સ કોઈ સામાન્ય નાગરિક નહીં પરંતુ જવાબદાર સરકારી અધિકારી છે. તેઓ મધ્યાહન ભોજન યોજનાની કચેરીમાં મામલતદાર જેવી મહત્ત્વની પોસ્ટ પર કાર્યરત છે. ફરજ પર હોવા છતાં અથવા જાહેર સ્થળે આ પ્રકારે નશો કરેલી હાલતમાં મળી આવતા પોલીસે તેમની અટકાયત કરી હતી. નિલમબાગ પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરના તળાજા નજીક હાઈવે પરના પુલ પર પાઈપ સાથે સાડી બાંધી યુવકે જાહેરમાં ગળાફાંસો ખાધો



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકમાં એક યુવાન પુલ પરના લોખંડના પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લટકેલી હાલતમાં હોવાની માહિતી મળતા લોકો ટોળે વળ્યા હતા.

પુલ પરથી એક બાઇક પણ મળી આવ્યું હતું. પોલીસે મૃતકના ફોટા અને બાઇક નંબરના આધારે મૃતકની ઓળખ માટે તપાસ હાથ ધરી હતી. જેમાં યુવક જુનાશોભાવડ ગામના અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા મુકેશ માધાભાઈ ગેગડીયા હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે તળાજા ફાયરની ટિમને બોલાવી મૃતક મુકેશભાઈ ગેગડીયાની લાશને પોસ્ટમોર્ટમ માટે તળાજાની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

બનાવ અંગે મૃતકના પિતા અને પુત્રએ જણાવ્યું હતુ કે મૃતકના પત્ની અઢી માસ પહેલા બાજુમાં રહેતા પરણિત યુવાન અને એક સંતાનના પિતા હિતેશ પ્રવિણભાઈ પરમાર સાથે ભાગી ગઈ હતી, હોય તેના પરિવાર જનો તેને ધમકીઓ આપતા તેના કારણે અંતિમ પગલું ભર્યું છે. તેઓના મોત પાછળ હિતેશ પરમાર અને તેના પરિવાર જનો જવાબદાર તેવો આરોપ લગાવ્યો હતો.

યુવકની હત્યા કે આત્મહત્યા અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે તેમાં શું લખ્યું છે અને તે કોણે લખી છે તે બાબતે પણ પોલીસ તપાસ કરશે. જોકે પોલીસ દ્વારા સ્યુસાઇડ નોટ કોઈ પણને વાંચવા આપવાનો નનૈયો ભણી દીધો હતો.

# ગાંધીધામ ભાજપના બે આગેવાનોના પુત્રો વિરુદ્ધ ૧૬ લાખની છેતરપિંડીની વધુ એક ફરિયાદથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ગાંધીધામ ભારતીય જનતા પક્ષના શહેર મંત્રીના આપઘાત કેસમાં સંડોવાયેલા, ભાજપના જ પીઢ આગેવાનોના પુત્રો વિરુદ્ધ હવે શહેરના એક જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ૧૬ લાખ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ મથકે નવી ફરિયાદ નોંધાતા કચ્છ સહીત રાજ્યભરના રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના સેક્ટર-૮માં માધવ પેલેસમાં સીએ ફર્મ ચલાવતા હિતેન્દ્ર અશ્વિનભાઈ ઠક્કરે નોંધાવેલી પોલીસ ફરિયાદ અનુસાર, વર્ષ ૨૦૧૬માં ભાજપ અગ્રણી મુળજીભાઈ ઠક્કરનો પુત્ર કલ્પેશ અને ગાંધીધામ નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ બળવંત ઠક્કરનો પુત્ર દર્શન તેમની કચેરીએ આવ્યા હતા. આ બંનેએ ભાગીદારીમાં 'સોમનાથ ફાઈનાન્સ' નામની પેઢી શરૂ કરવા માટે રજિસ્ટ્રેશન અને ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની કામગીરી તેમને સોંપી હતી. આ વ્યાવસાયિક સંબંધો સમય જતાં મિત્રતામાં પરિવર્તિત થયા હતા.

ગત એપ્રિલ ૨૦૨૪માં આ બંને શખ્સોએ ધંધાની જરૂરિયાતનું બહાનું ધરીને તેમની પાસેથી ૨૦ લાખ રૂપિયા ઉછીના માંગ્યા હતા. મિત્રતા અને વિશ્વાસના નાતે ફરિયાદીએ ટુકડે-ટુકડે કુલ ૧૬ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે, નાણાં મેળવ્યા બાદ બંને શખ્સોએ નાણાં પરત કરવાને બદલે સતત વાયદાબાજી કરતા રહ્યા હતા. જ્યારે ફરિયાદી દ્વારા નાણાંની ઉઘરાણી કરવામાં આવી, ત્યારે આરોપીઓએ તેમની ઓફિસે જઈને ધમકાવ્યા હતા. તેમણે ધમકી આપી હતી કે, હવે જો નાણાં માંગ્યા તો ખોટા કેસોમાં ફસાવી દઈશું અને જાનથી મારી નાખશું. આ સમગ્ર ઘટનાનો ઓફિસ સ્ટાફ સાક્ષી છે. ફરિયાદીએ પોતાની ફરિયાદ સાથે આરોપીઓ સાથે થયેલી ટેલિફોનિક વાતચીતના રેકોર્ડિંગ પણ પોલીસ સમક્ષ પુરાવા તરીકે રજૂ કર્યા છે.

અત્રે એ નોંધનીય છે કે, ગાંધીધામ શહેર ભાજપના મંત્રી દિપેશ ઠક્કરના આપઘાત કેસમાં પણ આ બંનેના નામ ખુલ્યા હતા. દિપેશ ઠક્કરે વ્યાજખોરોના ત્રાસથી આત્મહત્યા કરી હતી, જેમાં કુલ ૧૮ આરોપીઓ પૈકી આ બંને શખ્સો પણ સામેલ હતા. સ્થાનિક ગુન્હાશોધક શાખાએ હજુ બે-ત્રણ દિવસ અગાઉ જ દર્શન ઠક્કરની અમદાવાદના બાવળા પાસેથી ધરપકડ કરી હતી.

# કચ્છમાં આજથી ત્રણ દિવસ કમોસમી માવઠાંની આગાહી

## તોફાની પવન અને ગાજવીજ સાથે વાતાવરણ પલટાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ સહિત સમગ્ર રાજ્યના હવામાનમાં ફરી એકવાર પલટો આવવાની શક્યતા સેવાઈ રહી છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે સરહદી જિલ્લા કચ્છમાં આજથી ત્રણ દિવસ કમોસમી વરસાદ એટલે કે માવઠાંનો વર્તારો જોવામાં આવી રહ્યો છે. હવામાન વિભાગે આ અંગે સાવચેતીના ભાગરૂપે 'યલો એલર્ટ' જાહેર કર્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૮ માર્ચ (બુધવાર) થી ૨૦ માર્ચ (શુક્રવાર) દરમિયાન કચ્છના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ પડી શકે છે. ખાસ કરીને ગુરુવારે માવઠાંની તીવ્રતા સૌથી વધુ રહેવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેના કારણે ધૂળની ડમરીઓ અને ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

બપોરના સમયે તાપની અનુભૂતિ થયા બાદ મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં એકાએક પરિવર્તન જોવા મળ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ ટકાથી વધુ નોંધાતા ૨૨ ડિગ્રી ન્યૂનતમ જયારે ૩૭ ડિગ્રી સે. મહત્તમ તાપમાન સાથે બેવડી ઋતુનો સામનો કરી રહેલા ભુજ સહિતના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ અને ઝાકળવર્ષા થઈ હતી, જેના કારણે માર્ગો પર વહેલી સવારે ચોમાસા જેવો નજારો જોવા મળ્યો હતો. કમોસમી વરસાદની આ આગાહીને પગલે ખેતીપાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. તોફાની પવન અને ગાજવીજની શક્યતાને જોતા લોકોને સાવચેત રહેવા અને સુરક્ષિત સ્થળે રહેવા અપીલ કરવામાં આવી છે. અલબત્ત આ કમોસમી માવઠાંને કારણે વધતી જતી ભીષણ ગરમીમાં આંશિક રાહત મળવાની પણ આશા છે.

# કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટઃ વહીવટી તંત્ર સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની સત્તાવાર તારીખો જાહેર થવાની પ્રબળ શક્યતાઓ વચ્ચે કચ્છના જિલ્લા વહીવટી તંત્રે તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દીધું છે. હાલમાં જિલ્લાની તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં વહીવટદારોએ શાસન સંભાળી લીધું છે, જેની સાથે જ હવે ચૂંટણીલક્ષી ગતિવિધિઓ પણ તેજ બની છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નગરપાલિકાઓ બાદ હવે જિલ્લા અને તાલુકા પંચાયતો માટે પણ મુખ્ય અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂકના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતની કુલ ૩૮ બેઠકો અને જિલ્લાની નવ તાલુકા પંચાયતો માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ કામગીરી માટે પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓને મુખ્ય અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકેની મહત્ત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. અધિકારીઓની નિયુક્તિ પૂર્ણ થતા હવે આગામી દિવસોમાં મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ સહિતની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉપયોગમાં લેવાનારા ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનનું ટૂંક સમયમાં જ ફર્સ્ટ લેવલ ચેકિંગ શરૂ કરવામાં આવશે.

અત્રે એ નોંધનીય છે કે, જિલ્લાની તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં હાલમાં ચૂંટાયેલી પાંખની મુદત પૂર્ણ થતા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા વહીવટદારોએ વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે. વહીવટદારોના આગમન સાથે જ વહીવટી તંત્ર હવે સંપૂર્ણપણે ચૂંટણી મોડમાં આવી ગયું છે અને આગામી દિવસોમાં ચૂંટણી પ્રક્રિયા વધુ ગતિશીલ બને તેવા સંકેતો મળી રહ્યા છે.

# મુંદરામાંથી બોગસ તબીબ ઝડપાયો, મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ હેઠળ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં સરકારી દવાખાનાઓમાં તબીબોની અછત અને પરપ્રાંતીય શ્રમિકોની અજ્ઞાનતાનો લાભ લઈને અનેક ડિગ્રી વગરના તબીબો પોતાના ગેરકાયદે હાટડીઓ ચલાવી રહ્યા છે. આરોગ્ય વિભાગની નિષ્ક્રિયતા વચ્ચે આવા તત્ત્વો બેફામ બન્યા છે, ત્યારે બંદરીય મુંદરા શહેરના અદાણી વિલમાર પ્લાન્ટ સામે આવેલા 'જનતા ક્લિનિક'માં કોઈ પણ માન્ય ડિગ્રી વગર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા એક શખસને મુંદરા પોલીસે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, મુંદરા પોલીસની સર્વેલન્સ ટીમ કાર્યરત હતી એ દરમિયાન બાતમી મળી હતી કે જનતા ક્લિનિકમાં એક પરપ્રાંતીય શખસ ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરી રહ્યો છે. મુંદરા પી.આઈ એમ.એસ.રાણા અને પી.એસ.આઈ.એન.પી. ગોસ્વામીની રાહબરી હેઠળ, તાલુકા હેલ્થ ઓફિસરને સાથે રાખીને આ ક્લિનિક પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન મૂળ રાજસ્થાનના જયપુર જિલ્લાના આમેર તાલુકાનો રહેવાસી શ્રવન કજોડમલ યાદવ કોઈ પણ તબીબી લાયકાત વગર દર્દીઓની એલોપેથિક સારવાર કરતો રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

# રેલવેની સુરક્ષિત મુસાફરી માટે ₹૫૯૨ કરોડના ખર્ચે 'કવચ'નું કામ પ્રગતિમાં

## અમદાવાદ-પાલનપુરથી કચ્છ સુધીના ૭૦૦ કિમી. ટ્રેક પર 'કવચ' રૂપી રક્ષણ મળશે

ભુજઃ ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુરક્ષાને સર્વોપરી ગણીને સ્વદેશી વિકસિત સ્વયં સંચાલિત ટ્રેન સુરક્ષા પ્રણાલી 'કવચ' સ્થાપિત કરવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદથી કચ્છ અને પાલનપુરથી કચ્છ સુધીના કુલ ૭૦૦ કિલોમીટરના રેલવે ટ્રેક પર આ સિસ્ટમ કાર્યરત કરવા માટે રૂ.૫૯૨ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.રેલવેના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ પ્રકલ્પને મુખ્ય બે સેક્શનમાં વહેંચવામાં આવ્યો છે જેમાં અમદાવાદ-પાલનપુર અને અમદાવાદ-સામખિયાળી સેક્શનના આ ૪૦૨ કિલોમીટરના ટ્રેક પર રૂ.૪૧૦ કરોડના ખર્ચે કામગીરી ચાલી રહી છે તેમજ પાલનપુર-સામખિયાળી-ગાંધીધામ સેક્શનના ૩૦૦ કિલોમીટરના અંતરમાં રૂ.૧૮૨.૮૧ કરોડના ખર્ચે કવચ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી રહી છે.

પશ્ચિમ રેલવેમાં વડોદરાથી વિરાર સુધીના સેક્શનમાં 'કવચ' અગાઉથી જ લાગુ થઈ ચૂક્યું છે. આ સુરક્ષા કવચ હેઠળ પશ્ચિમ રેલવેની સૌપ્રથમ ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસને આ સિસ્ટમથી સજ્જ કરવામાં આવી છે.અગાઉ ગાંધીનગર કેપિટલ અને કલોલ વચ્ચે ૨૦ કિમી.ના સેક્શનમાં આનું સફળ પરીક્ષણ કરાયું હતું. જેમાં બે એન્જિનો સામસામે લાવતી વખતે સિસ્ટમે ચોક્કસ અંતરે બ્રેક લગાવી સંભવિત અથડામણ ટાળી દીધી હતી.



રાજકોટમાં પગાર વધારાની માગ સાથે આંગણવાડી બહેનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં રોંગ સાઈડમાં વાહન ચલાવનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાનો કલેક્ટરનો નિર્દેશ

ભાવનગરઃ ખાતે જિલ્લા કલેક્ટર કચેરીમાં જિલ્લા કલેકટર ડૉ. મનીષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરએ જિલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા હાથ ધરાયેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી. માર્ગ અકસ્માતોને અટકાવવા માટે ખાસ કરીને રોગ સાઈડમાં વાહન ચલાવનાર વાહનચાલકો સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવા સંબંધિત વિભાગોને સ્પષ્ટ સૂચના આપી હતી.

આ ઉપરાંત, જિલ્લામાં જ્યાં માર્ગ અકસ્માતોમાં ફેટલ ડેથ નોંધાયાં હતા તેવા સ્થળોની સંયુક્ત મુલાકાત લઈ અકસ્માતોના મૂળ કારણોનું વિશ્લેષણ કરી અસરકારક નિવારક પગલાં અમલમાં મુકવા માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક દરમિયાન નાગરિકો પાસેથી પ્રાપ્ત થયેલી રજૂઆતોની સમીક્ષા કરી જરૂરી પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવી હતી.